By disembodying, the cyber-space breaks down the barriers posed by oppressive categories of male/female or heterosexual/homosexual dichotomies. However, it also reshapes or re-embodies the participant's identity through new parameters. In fact, the newly shaped identity of the participant may or may not adhere to the participant's actual identity in the non-virtual world. Now, this very phenomenon of the virtual world is what we today understand as the threat of the fake identities on the social media or other platforms of the cyberspace. These fake identities which the cyberspace creates are, after all, constructions; which resemble the stereotypical constructions of the non-virtual wold. Thus, the constructions of the cyberspace are as repressive as those of the nonvirtual world. They become even more repressive when they come in contact with the real world. The reconciliation, which Kira Hall mentioned is therefore necessary. Cyberfeminism is therefore aimed at solving the issues of the constructions of the virtual and nonvirtual world.

Another important clarification, which needs to be taken into account, is that of defining Cyberfeminism. Till now, we have addressed it as a concept, a philosophy, even a movement. But is that really so? The answer is provided by Jessie Daniels who, while citing Flanagan & Booth, argues that, "Cyberfeminism is neither a single theory nor a feminist movement with a clearly articulated political agenda. Rather, "cyberfeminism" refers to a range of theories, debates, and practices about the relationship between gender and digital culture so it is perhaps more accurate to refer to the plural, "cyberfeminism(s)"." (Daniels) Given this situation, one can agree with Daniels' further argument:

"Any attempt to write about cyberfeminism as if it were a monolith inevitably results in a narrative that is inaccurately totalizing." (Daniels)

This is strengthened by the very existence of the 100-antitheses of cyberfeminism which was decided after the first cyberfeminist international:

1. Cyberfeminism is not a fragrance
2. Cyberfeminism is not a fashion statement
3. sajbrfeminizm nije usamljen
4. Cyberfeminism is not ideology
5. Cyberfeminism nije aseksualan


ISBN: 978-81-944799-0-1

6. Cyberfeminism is not boring
7. Cyberfeminism ist kein gruenes haekeldeckchen
8. Cyberfeminism ist kein leerer kuehlschrank
9. Cyberfeminism ist keine theorie
10. Cyberfeminism ist keine praxis
11. Cyberfeminism ist keine tradition
12. Cyberfeminism is not an institution (Paasonen)

It is interesting the cyberfeminists understood that defining their endeavour would restrict their efforts towards plurality and fluidity, which they so rigorously championed. This very idea made cyberfeminism appealing to the larger audience. However, one can always describe cyberfeminism in terms of its functions. It can be assumed and argued that cyberfeminism tries to reflect on the interaction of virtual and nonvirtual world; as well as their treatment of the structures of gender. What remains now is to think of whether the tenets of cyberfeminism can be further expanded or not?

Post Cyberfeminism:

The late 21st century demands a new way of thinking for the relation of digital space with the 'real' world; especially in terms of gender construction and questions of identity. The digital space today, poses greater threats to the feminine identity than it used to do during the times of cyberfeminism. What we mean by threats involve, issues ranging from breach of a female user's privacy to sexual harassment through various digital and media platforms; the later involves use of abusive language for communication and deliberately sending sexually explicit content to the female user. We live at a time when virtual assistants are named 'Alexa'; somehow the one who serves is given a feminine name and voice even in the technological world. The world celebrates the founding of SOPHIA, the first robotic humanoid, in the field of artificial intelligence. However, the question of feminine representation in cyberspace stands strong.

In November 2017, a five-day conference was held at London's Institute of Contemporary Art, titled, Post Cyberfeminist International. The conference revisited the issues tackled by Cyberfeminism and updated them for the times. The major argument of the conference was presented by Helen Hester who argued how Cyberfeminism isn't able to address the issues of the digital sphere in our times. Hester's After the Future: n Hypotheses of Post Cyberfeminism is the founding text for Post Cyberfeminism. Hester discusses how "technomaterial conditions changed considerably over the past twenty years or so, but the theoretical underpinnings of some cyberfeminist endeavours appear in critical need of an update." (Hester) Similarly Caroline Elbaor, while introducing Post Cyberfeminism, also points out how, "While society has


ISBN: 978-81-944799-0-1

witnessed the rapid-fire spread of hashtags like #metoo and #notsurprised as examples of digital tools being harnessed for women's empowerment, there have been enormous technological disadvantages as well." (Elbaor)

Elbaor also cites some of the arguments by major Post Cyberfeminists. One of them being Cornelia Sollfrank's opinion on the phenomenon: "Now we know more about the downsides of networked technologies; we had to learn how they are being abused by corporate and governmental interests in order to surveil and control users and citizens; This situation continuously needs to be confronted with feminist methodologies of analyzing power structures and one's own potential and agency within." (Elbaor)

Unfortunately, this awareness regarding the threats which technology and cyberspace pose, towards the privacy and well-being of all identities, isn't popular enough; or rather hasn't been made popular by governments and corporate for their own benefits as Sollfrank points out. This is the reason why there has been an increase in the number of cybercrimes committed in the recent years. It is also important to note that women are not the only victims of cybercrimes. It is often observed that feminist endeavours tend to portray the male identity as oppressors; which is, to a great extent true. However, the fact to be taken into account is that while cyberspace or e-media's plus points cut across the boundaries of sexual hierarchies, its drawbacks do the same. Along these lines is the concept of Xenofeminism.

The idea of Xenofeminism might seem a bit strange; since literally speaking the word xeno means strange or foreign. As Macon Holt points out, "The most radical aim of the XF project is the "right of everyone to speak as no one in particular," which refers to an inhumanist wish to abolish the particulars of gender (as well as race and class), whilst simultaneously letting "a hundred sexes bloom." (Holt) Thus, feminism in the post modern and post human times has ceased to be associated strictly with a sexually feminine identity. It challenges the very nature and foundation of how we perceive and understand gender politics. As Holt further discusses, the critique offered by Xenofeminism 'is directed at an irritation at the necessity it sees for its own existence. XF is born out of the frustration at the impediments placed on reason by the functioning of gender under patriarchy, and a simultaneous frustration with what they consider to be the reluctance of many contemporary feminisms to deal with the "abstract complexity" of the contemporary world.'

Again Helen Hester, in her attempt to interpret Xenofeminism, describes it as an intersection of 'technomaterialism (technology as it relates bodies and the world), anti-Naturalism (the critique of the tendency to replace the god figure with nature), and gender abolitionism (a "shorthand for


ISBN: 978-81-944799-0-1

the ambition to construct a society where traits currently assembled under the rubric of gender, no longer furnish a grid for the asymmetric operation of power")' (Holt)

As Holt points out that any feminism today must be a transfeminism. A feminism which transcends the traditional boundaries of time, place and nature. A feminism that can keep up with the rapid advancements of artificial intelligence and the digital world; one which can address not just the questions of the present but also that of the present. And in that case, we must, as Holt points out while citing Tobias Linneman Ewe '"femme" is not the entirety of someone's embodied existence and simultaneously defend the right to that physical expression and the identity behind it.'

Conclusion:

What then do endeavours like Post Cyberfeminism and Xenofeminism do prove? One might answer that they are representative of the existential questions of the 21st century. Questions which are challenges for the entire human race. Will humans cease to exist if artificial intelligence comes to power? What more threats await us, if this is the direction we are progressing towards? Will the feminine identity, or for that matter any sexual orientation, become a matter of choice in the future? If yes, then which identity would dominate? Or whether all identities have equal share in everything?

These are the questions and thoughts which come up once we try to interpret the matter of cyberfeminism, post cyberfeminism, and Xenofeminism. Of course, these are still questions without a definite answer.

Works Cited

Daniels, Jessie. "Rethinking Cyberfeminism(s): Race, Gender, and Embodiment." *Women's Studies Quartely* 37.1 (2009): 101-124. web. 30 January 2020. <https://muse.jhu.edu/article/266600>.

Elbaor, Caroline. *What Is Post-Cyberfeminism? Here's a Primer on the Latest Big Idea to Storm Contemporary Art*. 30 November 2017. web. 30 January 2020. <https://news.artnet.com/art-world/an-introduction-to-post-cyberfeminism-1156271>.

Hall, Kira. "Cyberfeminism." 1996. *colorado.edu.* Ed. Susan c. Herrring. web. 29 January 2020. <https://www.colorado.edu/faculty/hall-kira/sites/default/files/attached-files/hall-1996-cyberfeminism.pdf>.

Harlow, Megan Jean. "Cyberfeminism." Harlow, Megan Jean. *The Multimedia Encyclopedia of Women in Today's World Encyclopedia of Women in Today's World*. Ed. Carol K Oyster, Jane E. Sloan Mary Zeiss Stange. SAGE Publications, 2013. 430-433. Web. 10 January 2020.

Hester, Helen. *After the Future: n Hypotheses of Post-Cyber Feminism*. 2016-17. web. 30 January 2020. <http://beingres.org/2017/06/30/afterthefuture-helenhester/>.

Holt, Macon. *What is Xenofeminism?* 13 February 2018. web. 30 January 2020. <http://arkbooks.dk/what-is-xenofeminism/>.


ISBN: 978-81-944799-0-1

Paasonen, Susannna. "Revisiting Cyberfeminism." September 2011. *researchgate.net.* web. 30 January 2020. <https://www.researchgate.net/publication/274887343_Revisiting_cyberfeminism>.

Schweitzer, Ivy. "Women's Studies Online: Cyberfeminism or Cyberhype?" *Women's Studies Quarterly* 29.3/4 (2001): 187-217. web. 30 January 2020. <https://www.jstor.org/stable/40003753>.


ISBN: 978-81-944799-0-1

# JOURNEY OF WOMEN CHARACTERS IN INDIAN CINEMA

**Dr. Jainee Shah, Assistant Professor – English, School of Humanities and Social Sciences, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad**

- Art holds up a mirror to life, an inference can be drawn from this view that cinema reflects society. Indeed cinema is an imaginative medium, but it's a two-way process in which it takes its inspiration from real-life, as well as from history, culture, society, and more; it also moulds and influences the beliefs, mindsets, opinions and views of the society. Strikingly enough, in the history and present-day cinema the audiences have witnessed the portrayal of women in many different shades. The role of women in Indian cinema range from a submissive woman, good homemaker, good mother, creating stereotypical 'good girl' image; there were also roles where women were portrayed as either the victims of men's atrocities or as vamps and temptresses. In both the scenarios women did not emerge as independent bearers of life; for cinema reflected the society. Then with the advancements and modernization of societies, contemporary cinema has successfully portrayed women as more independent, confident, and as strong beings equally balancing their career goals and family. This brief overview is provided here with an aim to develop a subject matter where with changing social structures and emerging status of women in India, the portrayal of women in cinema has undergone a change from caricatures to characteristic metamorphosis.
- John Berger, an English novelist has rightly stated, "Men act, women appear. Men watch, women watch themselves being watched". This succinctly delineates the representation of women as mere caricatures in cinema. The overt male-gaze and over-arching male-dominance has provided little room for the women characters to develop, blossom and bear the reflection of 'true to life' women characters. Indian cinema is a dynamic form of art which has captured the vibes of society, being influenced by the society and being the influencer in the society as well. It has been a confluence of culture, arts, politics, society, holding up the mirror to us. It reflects various facets of life ranging from dark to grey. The crux of discussion here is that when Indian cinema was a in its early stage, women were portrayed in the stereotypical roles and submissive roles. The era of early 90s showcased caricatures of women, which were representations of misogynistic ideals and gender stereotyping; whereas in contrast men were always portrayed with characteristic traits of strength, power, masculinity, which form the typical 'hero' material. Women's representation, not only in media or cinema; but over-all in avenues encompassing larger units of arts, literature, politics, or in a smaller unit of a family or home; it has been negligible.
- To have a closer inspection regarding the reasons which are responsible for meager representation and presence of women in Indian cinema until recently, following factors catch the attention: as per the 2017 report by the Geena Davis Institute on Gender in Media, United States, only one in ten directors in Indian cinema are women. Now, when male directors direct cinema, sensibility of women remains unfathomable and


ISBN: 978-81-944799-0-1

insurmountable to be portrayed as felt. Other report reveals that the screen time for women characters was a mere 31.5% as compared to the huge 68.5% dedicated to men. This is reflected not only in screen time in cinema, but the over-all presence of women in media, be it the posters or trailers of cinema. Important aspect of cinema is the film-making process or the off-screen processes such as cinematography, script-writing, direction, production, screenplay writer, story writer, dialogue writer, music composer, and more. When behind the scenes is heavily laid by the male presence, the fore-front or the on-screen representation cannot reflect an earnest woman with all her being, understanding and perspective of life.

- To give an example of a caricature of woman character, the early 80s Indian cinema dimmed the portrayal of women; depicting them as 'damsel in distress saved by the macho hero', or as glamorous components of the cinema, or as being at the receiving end of men's atrocities. A film entitled *Mirch Masala* (1989) by Ketan Mehta depicts the story of Sonbai, working in a chilli factory in the western part of pre-independence era. Her husband pursues a job in the city, and Sonbai is left behind. In the meantime, Subedar, a tax collector arrives and is attracted to Sonbai. The next day when she passes by Subedar's camp she is stopped and grabbed by Subedar. She frees herself and runs into the chilli factory for shelter. An old watchman provides protection to her. A sub-plot narrates the story of Mukhi's wife, she is not treated well by her husband. She tries to get support for Sonbai after learning that the males of the village including her husband have allied with the Subedar to handover Sonbai to him. Mukhi's wife's protest is failed by the men of the village. Subedar, accompanied by the men of the village rushes to the factory, and kills the old watchman. In the end-scene, Subedar approaches Sonbai when the other women in the factory throw chilli powder on his face. Hence, women are portrayed as being at the dismissal of men as one of their assets or objects. In contrast to such roles, *Mother India* was a genuine attempt to metamorphose the discourse on women and make their characters more progressive. This cinema still proves itself to be an empowering example, as the woman-character Radha does not come across as a submissive damsel but as a woman with grit and belief in her own being. Also seen in the Indian cinema is the clear distinction between the good girl and the bad girl. The bad girl was always associated with the witch-like evil characteristics almost portrayed as a vamp, a spoilt-brat, evil, sly, cunning, a girl with all the bad habits. Whereas the good girl was always portrayed as an ideal daughter, ideal mother and ideal wife, a very nice girl, well-behaved, dedicated, homely, sacrificing woman. Hence, caricatures of both good and bad women were created by the Indian cinema until recently.
- However, over the period of time, western influences, globalization, consumerism, advancement of women, their becoming self-reliant was portrayed in the Indian cinema, some content-driven cinema even came to influence, shape and encourage women to think for themselves and think differently. Cinema like *Queen*, *Kahaani*, *English Vinglish*, *Pink*, *Lipstick Under My Burkha*, *Mission Mangal*, *Thappad*, *Panga*, have representation of women from all walks of life. The women in these cinemas are progressive and empowering earnest characters, they are thoughtful, they are not stereotypical caricatures, they embody their own ambitions, dreams, aspirations, and they


ISBN: 978-81-944799-0-1

are driven and passionate about their identity which is not dependent on any male character.

- Indian cinema and depiction of women in Indian cinema has changed significantly. It reflects trends, existing virtues, and cultural diversity; and as societies entered the world of modernization, the role of women changed and their portrayal also changed. Media played a crucial role in the modernization of societies and greatly affected the image of women. Now, in the cinema of today, women are portrayed more as independent and confident about their roles and responsibilities. With the emerging status of women their portrayal has also progressed from caricatures to earnest characters. This shift is radical, with changing dimensions of women in cinema, it has achieved the sensibility of "hu(wo)man" portrayal – depiction of women as earnest characters close to genuine human nature.
- **References:**


- Bagchi, Amitabha. (1996). Women in Indian Cinema. Retrieved from http://www.cs.jhu.edu/~bagchi/women.html
- https://www.researchgate.net/publication/279017811_Changing_Roles_of_Women_in_Indian_Cinema https://themitpost.com/women-indian-cinema-tale-representation/



ISBN: 978-81-944799-0-1

# સોશિયલમીડિયા પર રજૂ થતું સાહિત્ય: એક અભ્યાસ (રૂપરેખા)

વંદનાબેન બી રામી ,આસિ.પ્રોફેસર ,સરકારી વિનયન કોલેજ,માંડલ

અભિષેકકુમાર બી દરજી ,આસિ.પ્રોફેસર ,સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ કઠલાલ.

ભારતમાં સાહિત્ય વિવિધ પધ્ધતિ દ્વારા રજૂ કરવામાં આવે છે. સમયના પ્રવાહની સાથે અભિવ્યક્તિના માધ્યમોમાં પણ પરીવર્તન આવ્યું છે. આ અભ્યાસમાં સોશિયલમીડિયાની વિભાવના સ્પષ્ટ કરાઇ છે. સોશિયલમીડિયાના કયા ઉપકરણો દ્વારા સાહિત્યની અભિવ્યક્તિ થાય છે? તે બાબત રજૂ કરવામાં આવી છે.

**<u>સોશિયલમીડિયા પર રજૂ થતું સાહિત્ય-</u>**

સોશિયલમીડિયા માં આજે ઇન્ટરનેટ દ્વારા વિવિધ પ્રકારની અપ્લિકેશનનામાધ્યમથીભાવકોની સામે વિવિધ પ્રકારનું સાહિત્ય રજૂ થતું હોય છે,એક વિશાળ સમુદાયની પાસે તે ખૂબ ઓછા સમયમાં પહોંચે છે. સહિત્યનાપ્રસારથીસોશિયલમીડિયાના ઉપકરણો સાહિત્યને અને સાહિત્ય રસિકોને અનેક લાભ થાય છે.

આજના સમયમાંસોશિયલમીડિયા પર સાહિત્યના લગભગ તમામ પ્રકારના સાહિત્યસ્વરૂપોમાંબધ્ધ સાહિત્ય, વાચકોને પ્રાપ્ત થાય છે. આ સાહિત્યની ગુણવત્તાની દૃષ્ટિએ કેટલું સમૃધ્ધ છે તેનો અભ્યાસ અહિ રજૂ થયો છે.

સોશિયલમીડિયા દ્વારા રજૂ થતા સાહિત્ય દ્વારા સાહિત્યિક પ્રવૃત્તિઓ, સાહિત્ય સર્જન, અનુવાદ પ્રવૃત્તિ, વિવેચન પ્રવૃત્તિ,સાહિત્યનુભાવન જેવી પ્રક્રિયાનો વ્યાપ વધ્યો છે. બીજી તરફ સોશિયલમીડિયા દ્વારા રજૂ થતાં સાહિત્યમાં ગુણવત્તાના પ્રશ્નો પણ સામે ઊભા છે, એ બાબતનો અભ્યાસ પણ અહિ રજૂ થયો છે.

એકંદરે જોતાં સોશિયલમીડિયા દ્વારા રજૂ થતાં સાહિત્યથી સાહિત્યનાપ્રવાહને અને વાચકોને કેટલો લાભ અને કેટલું નુકસાન તે તપાસવાનો ઉપક્રમ આ અભ્યાસમાં રહેશે.


ISBN: 978-81-944799-0-1

# સમૂહ માધ્યમોની હિન્દુ-કુંભાર(પ્રજાપતિ) સમાજ પર થતી સામાજિક અસરોનો અભ્યાસ

પ્રજાપતિ ભાવેશકુમાર કાંતિલાલ, આસિ .પ્રોફેસર) ઇતિહાસ(-સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, જાદર )સાબરકાંઠા(

**પ્રસ્તાવના:-**

સમૂહ માધ્યમો સમાજને તોડવાનું અને જોડવાનું એમ બંને પાસા ધરાવે છે. ૨૧ મી સદી વૈજ્ઞાનિક તકનીકીની સદી છે. જેમાં છેવાડાના સમાજ સુધી પહોચવાનું કામ સમૂહ માધ્યમો કરી રહ્યા છે. જેમાં મુદ્રિત અને વિજાણુ (ઈલેક્ટ્રોનિક) એમ બે પ્રકારના માધ્યમો ગણાવી શકાય. તે જોતાં હાલ કોમ્પ્યુટર અને એંડ્રોઇડ મોબાઈલનો યુગ ગણી શકાય, જેમાં વોટ્સએપ, ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, ઇન્ટરનેટ, ગૂગલ, ટ્વીટર, રેડિયો, ટી.વી. જેવી પ્રત્યાયન ટેકનિકી અપડેશન સાથે જોવા મળે છે. જ્યારે અખબાર, ચોપાનીયાં, પત્રિકા, સામયિકો, પુસ્તકો વગેરે મુદ્રિત સામગ્રી જોવા મળે છે. જેનો ઉપયોગ ક્યાં, કેવી રીતે, ક્યારે, શા માટે થાય છે? ના આધારે તે માનવ સમાજને મજબૂત તેમજ પાંગળો બનાવી શકે છે. વાઢ-કાપ કરી સર્જન કરવાનું અને ખૂનામરકી જેવુ વિનાશનું કામ કરનાર તીક્ષ્ણ હથિયાર જેવુ માધ્યમ છે. જે માનસિક અશાંતિ જેવો ખેલ પણ ખેલાવી દે છે. આ સમૂહ માધ્યમો બુદ્ધિજીવીઓના હાથે વપરાતાં દેશમાં ક્રાંતિ લાવી શકે છે, જ્યારે દુષ્ટ વ્યક્તિઓના હાથે લાગતાં જુઠાણાં ફેલાવી વિનાશ અને આપત્તિ પણ લાવી શકે છે. સમૂહ માધ્યમો વિશ્વને એક તાંતણે બાંધનાર કાલ્પનિક માધ્યમ ન રહેતા વાસ્તવિક માધ્યમ બની રહ્યું છે, જેનાં થકી સેકન્ડનાં ભાગમાં માહિતીની આપ-લે થઈ શકે છે.

હાલ ભારતમાં સ્માર્ટફોનનો વપરાશ વાર્ષિક ૧૫ ટકા જેટલો વધી રહ્યો છે. ઇન્ટરનેટ અને મોબાઈલ એસોશિએશન ઓફ ઈન્ડિયાનાં સર્વે મુજબ વર્ષ-૨૦૧૭ માં ૨૯.૧૦ કરોડ સ્માર્ટફોનનાં વપરાશકારો હતા. જે વર્ષ- ૨૦૧૮નાં વર્ષમાં ૩૩.૭ કરોડ થયા. વસતિની દ્રષ્ટિએ જેમ ભારત ચીન પછી બીજા ક્રમે આવે છે તેમ મોબાઈલ વપરાશમાં પણ બીજા ક્રમે છે. ગ્રામ્યવિસ્તારોમાં સ્માર્ટફોનના વપરાશકારોના ૧૮.૭૦ કરોડ છે, જે શહેર કરતાં ઝડપી વધી રહ્યા છે, જ્યારે શહેરોમાં ૫૯ ટકા જેટલા વ્યાપ સાથે સ્થિરતા છે. દરેક ઉમરની વ્યક્તિ સમૂહ માધ્યમો સાથે જોડાયેલી છે. જે સમૂહ માધ્યમો થકી મનમાં ઉપજેલા સંદેશને સામેના વ્યક્તિન કે સમૂહને


ISBN: 978-81-944799-0-1

શબ્દશઃ કે ચિત્રાત્મક, વિડીયો, ફોટો, ઓડિયો સાથે દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમથી રજૂ કરી શકાય છે. સમૂહ માધ્યમોની અસરોને સિક્કાની બે બાજુની જેમ વર્ણવી શકાય: (૧) હકારાત્મક અને (૨) નકારાત્મક.

(૧) હકારાત્મક અસરો :- સમૂહ માધ્યમો થકી અકલ્પનીય માહિતી અને જ્ઞાન મળતું હોવાથી ‘જ્ઞાનનો યુગ’ કહી શકાય. ભારત જેવા લોકશાહી દેશમાં વ્યક્તિમાત્ર સ્વતંત્ર છે. સમૂહ માધ્યમોના ઉપયોગથી કોઈપણ વ્યક્તિ, સમાજ, સમૂહ, સંગઠન કે દેશને સામાજિક, રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક, ધાર્મિક વગેરે ક્ષેત્રે સુવિચારો ઊભા કરી અને સાચા માર્ગે દોરી શકે છે.પોતાના દેશની એકતા સાચવી શકે. હકારાત્મક ઉપયોગમાં જોઈએ તો સમાજ ઉપયોગી માહિતી મોકલવી,વ્યવસાયલક્ષી તકોની જાણ કરવી.જરૂરી સંદેશો પહોચાડવો. પોતાના સમાજ, ધર્મ,દેશની માહિતી કે સમાજની પ્રવૃત્તિને વેગ આપવો.વ્યક્તિના જીવનને લગતી માહિતી તરત જ મોકલવી વગેરે.બાળકોના ભણતરમાં યુટ્યુબ માધ્યમથી શિક્ષણ પર વ્યાપક અસર જોવા મળે છે.

(૨) નકારાત્મક અસરો -સિક્કાની બે બાજુઓની જેમ સમૂહ મધ્યમોની પણ બે બાજુઓ હોય છે. નકારાત્મક અસરોનો વ્યાપ દિન-પ્રતિદિન વધતો જાય છે. યુવાધન ફેસબુક, વોટસએપ જેવા માધ્યમોનો ઉપયોગ અશ્લીલ વિડિયો, ફોટા, ધાર્મિક પક્ષપાત,રાજકીય પક્ષોના પાયવિહોણા તથ્યોનો પ્રચાર-પ્રસાર ,સરકારની નીતિઓ સામે ખોટા પ્રચાર,લોકશાહીને ખતરામાં મૂકે તેવા ઓડિયો-વિડિયો વગેરે જેવા ઉપયોગથી શરમ જનક કામ થઈ રહ્યું છે,પરીક્ષાઓની ગુપ્તતા જળવાતી નથી. તેમજ હિંસક બનાવોની ખોટી અફવા ફેલાવી યુવાનોને ઉશ્કેરવામાં આવે છે. તેના વધુ ઉપયોગથી માનસિક રોગો ધાર કરી જાય છે. ચેતાતંત્ર નબળું પડે છે. ઉપરોક્ત ફાયદા – ગેરફાયદા જોતાં જણાય છે કે અંતે તો સમૂહમાધ્યમોના ઉપયોગ માટે વિશ્વમા ભારત એક મોટા બજારની ગરજ સારે છે. અને કમાણી કરાવે છે.

પ્રજાપતિ સમાજમાં વ્યાપ્ત સમૂહ માધ્યમો આધારિત આવેલ પરીવર્તન- અભ્યાસની આવશ્યકતા જોતાં વિકસતા ગતિશીલ યુગમાં પ્રાચીનકાળથી વિકાસથી વંચિત રહેલ એવો હિન્દુ-કુંભાર (પ્રજાપતિ) સમાજ સમૂહ માધ્યમોના અસરતળે કેટલો અસરગ્રસ્ત પામ્યો છે અને કેવા ઉપયોગ થકી કેવી પ્રગતિ કરેલ છે, તે સહેજે અભ્યાસ કરવાની જરૂર જણાતાં અભ્યાસકે આ સંશોધન હાથ ધર્યું.

સમૂહ માધ્યમોના કારણે થતાં સામાજિક પરિવર્તનોની પ્રજાપતિ સમાજ પર કેવી અસરો હશે – તે જાણવા અંગે પ્રસ્તુત અભ્યાસ હાથ ધરાયો.


ISBN: 978-81-944799-0-1

સમૂહ માધ્યમોની અસરતળે આવેલ આ પ્રજાપતિ સમાજ પર શૈક્ષણિક, સામાજિક, રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક, ધાર્મિક, વ્યવસાયિક અસર સારી તેમજ નરસી હશે. જે હવે સમજીશું.

**સમૂહ માધ્યમોની સંકલ્પના:**

(૧) મેલ્વિન દ ફ્લો એવરે ડેનીસના મતે સમૂહ માધ્યમોની વ્યાખ્યા- "Mass Communication is a process in which professional communication use mechanical media to disseminate messages widely, reapidly and continuously to arouse intended meaning in large and diverse audiences in attempts to influence them in a variety of ways."

(૨) વિલિયમ એ. હેચટન ના મતે – " The Important Component of any definition of mass communications is modern technology. To have Mass Communication, a message must be amplified or reproduced many thousands of times. This requires printing presses, newsprint, radio and television transmitters and theatres. "

સામાજિક પરીવર્તન સંકલ્પના:

સામાજિક પરીવર્તન એ સમાજમાં થતું પરીવર્તન છે. સમાજમાં કોઈ માંધ્યમથી સમાજના સ્વરૂપમાં અને કાર્યમાં બદલાવ આવે તેને સામાજિક પરીવર્તન કહી શકાય.

(૧) According to Merrill and Eldredge- "Change means that large numbers of persons are engaging in activities that differ from those which they or their immediate forefathers engaged in some time before"

(૨) જોન્સન અને ગિન્સબર્ગ- " સામાજિક રચનાતંત્રમાં આવતું પરિવર્તન એટ્લે જ સામાજિક પરિવર્તન."

(૩) મેકઇવર અને પેજ – " સામાજિક સંબંધોના ગૂંફનમાં થતાં ફેરફારોને સામાજિક પરિવર્તન કહે છે."

(૪) કિંગ્સલે ડેવિસ- " સામાજિક સંગઠનમાં થનાર પરિવર્તન જ સામાજિક પરિવર્તન છે. "

(૫) સોરોકીનના મતે- " સામાજિક પરિવર્તન સંસ્કૃતિમાં ઉતાર-ચઢાવ આવવાના કારણે થાય છે. "

- **સમૂહ માધ્યમો અને સામાજિક પરીવર્તન:**

સમૂહ માધ્યમો અને હિન્દુ-કુંભાર (પ્રજાપતિ) સમાજ પર છેલ્લા બે દાયકામાં અકલ્પનીય અસર થઈ છે. જેમાં સમૂહ માધ્યમોના ઉપકરણો જેવા કે વોટ્સએપ, ફેસબુક, ગૂગલ, ઇન્ટરનેટ, ઇન્સ્ટાગ્રામ, ટ્વીટર, અખબાર, પત્રિકા, ચોપનિયા, સમ્મેલનો વગેરેની ઘેરી અસર થવા પામી છે. પ્રજાપતિ સમાજ છેલ્લા કેટલાય સમયથી શિક્ષણ અને ટેકનોલોજીથી અલિપ્ત રહેવા પામેલ, પણ સમાજના અગ્રણીઓ અને સરકારના પ્રયાસોથી આ


ISBN: 978-81-944799-0-1

સમુદાયે પોતાનો પરંપરાગત માટીકામનો વ્યવસાય ત્યજવો પડ્યો, જેના પાછળ આર્થિક ઉપાર્જન ઓછું અને શારીરિક મહેનત વધુ તથા સામાજિક અને રાજકીય મોભામાં નિમ્ન સ્થાન જવાબદાર ગણી શકાય. તેમ છતાં સમૂહ માધ્યમોનો હિસ્સો કઈ નાનોસૂનો ન ગણી શકાય.

(૧) મુદ્રિત સાહિત્ય અને સમાજમાં આવેલ પરિવર્તન :- મુદ્રિત માધ્યમોમાં સમાચાર પત્રો, સમાજપત્રિકાઓ, સમાજની માર્ગદર્શિકાઓ તેમજ વિશેષાંક ગણાવી શકાય, જેનાથી યુવાનો અને સમાજ જાગૃતિ તરફ પ્રયાણ કરવા લાગ્યો. અખબારો ગામડાના છેવાડા સુધી પહોચતા સરકારની શિક્ષણ, વ્યવસાય, ઉદ્યોગ,આર્થિક, ટેકનોલોજી વગેરે યોજનાઓનો સમાજે ઉપયોગ કર્યો છે. તેમજ સમાજની માર્ગદર્શિકાઓથી ગામેગામના પરિચયગ્રંથ અને સમાજના શિક્ષિત તેમજ નોકરી કરનારની પુસ્તિકા પહોચતા એકબીજાના સંપર્કમાં આવતાં યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને વ્યવસાયોનું માર્ગદર્શન મળ્યું. તેમજ પ્રજાપતિ સમાજના પોતાના અંકો જેવા કે ‘પ્રજાપતિ, પ્રજાપતિ દર્પણ, પ્રજાપતિ મંચ, મહર્ષિ પ્રજાપતિ, વિશ્વ નિર્માતા પ્રજાપતિ” વગેરે સામયિકોથી તથા શતકમ અંકોથી એકબીજા ગોળ કે સમુદાયનો પરિચય વધતાં વાડાબંધી દૂર થવા પામી છે. તથા સમૂહ લગ્નોની પહેલ કરી એક ગોળ માથી બીજા ગોળમાં પ્રચાર-પ્રસાર થતાં સમૂહ લગ્નો લગભગ બધા જ ગોળમાં થવા લાગ્યા છે. શૈક્ષણિક સમ્મેલનો પણ અન્ય સમાજની જેમ આ પ્રજાપતિ સમાજમાં પણ વધ્યાં છે, જે સમૂહ માધ્યમોની અસર જ ગણી શકાય.

(૨) વિજાણુ માધ્યમો અને સમાજ પરિવર્તન :- માનવ સમાજ પર વીજાણુ માધ્યમોએ એટલી અસર ઉપજાવી છે કે માનવ પોતે વીજાણુ સ્વભાવનો બની જવા પામ્યો છે. જેમાં ટી.વી., રેડિયોનો ઉપયોગ ઘટ્યો છે અને ઇન્ટરનેટ, એંડ્રોઇડ ફોનમાં વપરાતી એપ જેમાં વોટ્સએપ, ફેસબુક, ટ્વીટર, ઇન્સ્ટાગ્રામ વગેરે બહોળા પ્રમાણમાં પ્રજાપતિ સમાજ પરિવર્તનમાં ભાગ ભજવ્યો છે. (૧) વોટ્સએપના માધ્યમથી સમાજના યુવાનો, વડીલો, યુવતીઓ ,મહિલાઓ તમામ શિક્ષિત વ્યક્તિ જોડાયેલો છે. પ્રજાપતિ સમાજના અભ્યાસકે કરેલા સર્વે મુજબ એંડ્રોઇડ ફોન વાપરનારની સંખ્યા અંદાજે લગભગ ૪૦ ટકા ગણાવી શકાય. જે પૈકી યુવાનો પોતાના અભ્યાસ માટે ગ્રૂપ બનાવી માહિતી આપ-લે કરે છે. વ્યવસાય કરનાર વડીલો અન્ય સમાજના ઉદ્યોગકારો સાથે પોતાના સેમિનાર, ટેકનોલોજીથી પરિચિત થાય છે. કોલેજ અભ્યાસ દરમિયાન પીડીએફ, પીપીટી જેવી માહિતી તથા સાહિત્ય મેળવી ખોટા ખર્ચા બચાવતા જોવા મળે છે. (૨) ફેસબુક :- પ્રાચીનકાળથી અલિપ્ત રહેલો પ્રજાપતિ


ISBN: 978-81-944799-0-1

સમાજ હાલ સમૂહ માધ્યમના ફેસબુકથી વિશ્વના ખૂણામાં રહેલા પોતાના સમાજના અને અન્ય સમાજના શિક્ષિત વ્યક્તિઓ સાથે ફ્રેન્ડસ (મિત્રતા)નો સબંધ બનાવી સમાજની પ્રગતિમાં હિસ્સો આપે છે. તેમજ એકબીજા સાથે મિત્રતા ટ્રેગ કરી દેશ પરદેશની માહિતીથી પરિચિત થતાં થયા છે. કૌટુંબિક બીમારીની સારવાર પાછળ વૈજ્ઞાનિક પધ્ધતિ અમલી બનાવી અને આરોગ્યમાં પણ બદલાવ આવ્યો. એક રોગ પાછળ જુદાજુદા તબીબોના વિડીયો, લેખો, રીસર્ચ વાચી તપાસી સારવાર કરતાં આરોગ્ય આંક સુધરેલો જોવા મળે છે.

- સમૂહ માધ્યમો અને સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક પરિવર્તનમા થતી પરિવર્તનીય અસરોની સમીક્ષા:

સમૂહ માધ્યમોની યુવાનો અને યુવતીઓ પર વિશેષ અસર થયેલી જોવા મળે છે. યુવાન વર્ગ સમૂહ માધ્યમોથી જીવનશૈલી, રૂઢિગત પ્રણાલી, બૌધ્ધિક સ્તરમાં ફેરફાર, વિચારસરણી, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ, તકનીકીમાં આશાસ્પદ ફેરફાર થયેલો જોવા મળે છે. સમાજ અને માધ્યમો એકબીજાને પ્રભાવિત કરનાર પરિબળો ગણી શકાય. પ્રજાપતિ સમાજની સ્ત્રીઓ પ્રાચીનકાળથી જ ઘરના વાડાઓમાં રહેતી જોવા મળેલી છે. જે હવે સમૂહ માધ્યમોના પ્રસારથી કૂપમંડૂકતાની સ્થિતિમાથી બહાર આવી છે અને રમત-ગમત, પર્વતારોહણ, રાજકીય, સામાજિક, ઉદ્યોગ સાહસ, સંગીત-કળા ક્ષેત્રે, જાહેર સેવાઓ, આરોગ્ય ક્ષેત્રે વગેરેમાં પોતાનું પ્રદાન આપતી જોવા મળે છે. તથા સમૂહ મધ્યમોની અસરથી પ્રજાપતિ સમાજમાં શિક્ષણનું સ્તર ખૂબ સારું એવું જોવા મળ્યું છે. તેમજ વડીલો અને સ્ત્રીઓની વચ્ચે જે ભેદરેખા મોટી હતી તે હવે સૂક્ષ્મ થવા પામી છે. યુવાન વર્ગ ઇન્ટરનેટના માધ્યમથી ઘરે બેઠા ઓનલાઇન બિઝનેસ કરી વિશ્વ સાથે કદમ મિલાવતાની સાથે આર્થિક ઉપાર્જન પણ કરે છે. તથા સારા નરસાનો ભેદ જાણતો થયો. યુવાવર્ગ યુ ટ્યુબ જેવા માધ્યમથી શિક્ષણ ઝડપી સમજતા થયા છે. સમાજમાં હવે નાના મોટા, અમીર-ગરીબ, ભણેલા- ઓછું ભણેલા, સ્ત્રી-પુરુષ, ગુરુ-શિષ્ય જેવા ભેદભાવ બિલકુલ નહિવત જોવા મળે છે. ઇન્ટરનેટના માધ્યમથી યુવાનોનો આધુનિકીકરણ સાથે કાર્યો પર પ્રભાવ પડેલો જોવાય છે, પરંપરાગત સબંધ અને સામાજિક ગતિશીલતા, સમયની ચોક્કસાઈ, ધાર્મિક જગત પર પણ પરીવર્તન જોવા મળે છે. ટેલિવિઝન પર જોવાતી ફિલ્મ, સિરિયલમાં સ્ત્રીના આભૂષણો, સૌંદર્ય પ્રસાધનો અને પહેરવેશ તેમજ હાવભાવ, બોલવાની વાકછટાનો પ્રભાવ પ્રજાપતિ સ્ત્રીઓ અને યુવતીઓ પર થયેલો જોવા મળે છે. અખિલ ગુજરાત પ્રજાપતિ યુવા સંગઠન, શ્રી પ્રજાપતિ યુવા સંગઠન, ઈંટ ઉત્પાદક મંડળ, દક્ષ પ્રજાપતિ યુવા સંગઠન જેવા સંગઠનો પણ આ સમૂહ માધ્યમોની જ ઉપજ કહી શકાય. જે વોટ્સએપમાં ગ્રૂપ બનાવી રોજે


ISBN: 978-81-944799-0-1

રોજની માહિતી આપ-લે કરે છે. તથા પ્રવાસન સ્થળો, ધાર્મિક સ્થળોએ તથા મોટા શહેરોમાં પ્રજાપતિ ભવનો નિર્માણ થતાં તેનો ઉપયોગ આ સમાજના લોકો કરતાં થયા છે. અને વિદ્યાર્થીઓ પણ નજીવા ખર્ચમાં હોસ્ટેલ કે ભવનમાં રહી અભ્યાસ કરી રહ્યા છે.

સમૂહ માધ્યમોની સારી અસરો સાથે કેટલીક અઇચ્છનીય અસરો પ્રજાપતિ સમાજ પર પણ પડેલી જોવા મળે છે. જેમાં યુવાન વર્ગ એંડ્રોઇડ મોબાઈલના બહોળા ફેલાવાથી સદમાર્ગ સાથે ગેરમાર્ગે પણ દોરાયો છે. યુવાનો-યુવતીઓ ફેસબુક, વોટ્સએપ, ટીકટોક જેવી એપ પર પોતાનો કિંમતી સમય બરબાદ કરી રહ્યા છે. તથા માતા-પિતાની જાણ બહાર યુવાન-યુવતીઓ એક-બીજાને ન શોભે તેવા સંદેશા આપ-લે કરે છી, જે મર્યાદાનું ઉલ્લંઘન કહી શકાય. મોટાભાગે સ્ત્રીઓ દિવસ દરમિયાન પોતાનો સમય ટી.વી. કે મોબાઈલ પાછળ ખર્ચે છે. બાળકો પાછળ સમય ન ખર્ચતાં બાળકને ટ્યુશન કે ભારરૂપ ગૃહકાર્ય કરાવે છે.

**ઉપસંહાર:**

પ્રાચીન સમયથી ગાઢ નિંદ્રામાં સૂતેલો આ પ્રજાપતિ સમાજ સમૂહ માધ્યમો એમાં પણ ખાસ તો વીજાણુ માધ્યમોના ફેલાવથી પ્રગતિનો માર્ગે વધેલો જોવા મળે છે. સાથે આપણે જોયું કે આ સમૂહ માધ્યમો આદિકાળથી અમલમાં છે જ, પણ હાલ તે મધ્યાહ્ન કાળે જોવા મળે છે. તો તેનો ભરપૂર હકારાત્મક ઉપયોગ કરી હિન્દુ-કુંભાર (પ્રજાપતિ) સમાજ ઊંચાઈની દિશા પાર કરી રહેલો જોવા મળે છે. એકપણ સમાજ અને તેના યુવાવર્ગ સમૂહ માધ્યમોના દૂરઉપયોગથી ગેરમાર્ગે ન દોરે તે જોવાની જવાબદારી આપની કક્ષાના તમામ સંશોધકો અને વડીલોની થઈ પડે છે. પૃથ્વી પર માનવ સમુદાયના વિકાસ સાથે જ આ કુંભાર (પ્રજાપતિ) સમાજ અસ્તિત્વ ધરાવે છે. જેણે સમય બદલાતાની સાથે ઊંચ-નીચના ભેદભાવનો ભોગ બનેલો છે, તેમજ રાજાઓ- સમ્રાટોના સમયે અને અંગ્રેજ શાસન દરમિયાન વેઠપ્રથાનો પણ અનુભવ કરેલ છે. છેલ્લા બે દાયકામાં જ આ સમાજે શિક્ષણ સાથે સમૂહ માધ્યમોના ઉપયોગથી ટેકનૉલોજી સાથે હાથ મિલાવ્યા છે. અને આ માધ્યમ થકી આવનારી ભારતની તેમજ વિશ્વની યુવા પેઢી જનકલ્યાણ કાર્ય કરે એવી આપણે બનતી ફરજ અદા કરીએ.

આમ, સમગ્ર રીતે જોતાં જણાય છે કે  સમૂહ માધ્યમોની હિન્દુ-કુંભાર (પ્રજાપતિ) સમાજ પર જે અસર જોવા મળે છે, તેમાં હકારાત્મક અસરનું પાસું વધારે જોવા મળે છે. છતાં કોઈ જગ્યાએ નકારાત્મક બાબત જોવા મળે તો તે દૂર કરવા આ સમાજના અગ્રણીઓએ અને શિક્ષિત વર્ગે પ્રયત્ન કરવો જોઈએ. અને આવા બીજા ઘણા


ISBN: 978-81-944799-0-1

સમાજો છે જે પ્રાચીનકાળથી સમાજોપયોગી કાર્ય અને સેવા કરી રહી છે. છતાં, તે હજુ પડદા પાછળ કામ કરે છે. તો આપણે સમૂહ માધ્યમોના ઉપયોગ થકી તેમણે વિશ્વ સમક્ષ લાવી ઉચ્ચ સ્થાન અપાવવા પ્રયત્ન કરવો જોઈએ.

**સંદર્ભ સૂચિ :-**

(1) Social Effects Of Mass Media- K.P. Yadav

(2) ફૂલછાબ વિશેષ પૂર્તિ, તા- 02/10/2018

(3) સમૂહ પ્રત્યાયનનું સમાજશાસ્ત્ર- ભટ્ટી રમણીક, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ- અમદાવાદ.

(4) Mass Media New Horizons- Trivedi Harshad, Sega Publishers, New Delhi.

(5) ટેલીવિઝન અને શિક્ષિત યુવાનો- પંકજ પટેલ, પાર્શ્વ પબ્લિકેશન-અમદાવાદ.

(6) સમૂહ માધ્યમો અને સાહિત્ય- શાહ પ્રીતિ (2009), પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.

(7) સમૂહ માધ્યમોનું સમાજશાસ્ત્ર- વાઘેલા અનિલ(2014), અનડા બુક ડીપો, ગ્રંથસેતુ, ગાંધીમાર્ગ-અમદાવાદ.

(8) Handbook of Journalism and Mass Communication (Vir Bala Agrawal, V.S.Gupta).


ISBN: 978-81-944799-0-1

# ગુજરાતી સામાજિક પરંપરાકેન્દ્રી ગુજરાતી ફિલ્મો

ડૉ .જિતેન્દ્ર મકવાણા, વ્યાખ્યાતા સહાયક ગુજરાતી, સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ હારીજ

ગુજરાતી ફિલ્મ સામાન્ય રીતે ઢોલીવુડ તરીકે ઓળખાય છે પરંતુ છેલ્લાં થોડાં સમયથી અર્બન ગુજરાતી ફિલ્મોની બોલબાલા છે પણ ભૂતકાળમાં એવી કેટલીક ગુજરાતી ફિલ્મો આવી કે જેણે ગુજરાતી ચાહકોમાં એક ખાસ સ્થાન મેળવ્યું આ ઉપરાંત બીજી ભાષાની ફિલ્મોને પણ વત્તેઓછે અંશે માર્ગદર્શન આપ્યું. જૂની રંગભૂમિ પર નાટકોનોસુવર્ણકાળ ચાલતો હતો એ વખતે ગુજરાતી ફિલ્મો અંગે કેટલાક નાટ્ય દિગ્દર્શકો તૈયાર થયા અને ગુજરાતના સામાજિક સંબધો, રીતરિવાજો, સ્ત્રીઓ પર થતા અત્યાચાર વગેરેને નાટકમાં દર્શાવવું ટૂંકું લાગ્યું અને ફિલ્મના માધ્યમથી એ વાત વધુ લોકો સુધી પહોચે એવી ભાવના સાથે ફિલ્મ તરફ આકર્ષણ થાય છે અને સામાજિક ફિલ્મોનો સૂર્યોદય થાય છે. ગુજરાતીની આરંભિક ફિલ્મોમાં ધાર્મિકતા કેન્દ્રસ્થ વિષય બનીને આવે છે અને ધીમે ધીમે સામાજિક ફિલ્મો આરંભાય છે.

૧૯૩૨માં 'નરસિંહ મહેતા 'ફિલ્મ રજૂ થાય છે ફિલ્મ નિર્માણ અંગે ઘણી બધી અગવડતાઓ પડી હતી જેમ કે નરસિંહમહેતાના ઘેર લાગતું ખંભાતી તાળું પણ કેટલીય વાર અમદવાદનીગુજરીબજારમાં આંટા મારીને રવિશંકરે મેળવ્યું હતું .જે ફિલ્મમાંવપરાયું હતું .મધ્યકાળનાભક્તકવિના જીવન વિશે આલેખન પામેલ આ ફિલ્મનોદર્શકવર્ગ પણ ખુબ મોટો હતો પરંતુકેટલાંક કારણોને લીધે આ ફિલ્મ સિનેમાઘરોમાં લાંબા ગાળા સુધી ટકી શકી નહીં. આ સમય દરમ્યાન બીજી ફિલ્મ 'સતી સાવિત્રી 'પ્રગટ થઈ પણસિનેમાઘરોમાંબહુ ચાલી નહીં. પૌરાણિકદંતકથાનેચલચિત્રના માધ્યમ વડે પ્રસિદ્ધ કરવાનો તેનો આશય હતો પરંતુ થોડાં સમય દરમિયાન લોકોમાં તેનું આકર્ષણ રહ્યું અને ફિલ્મ ફ્લોપ થઈ ત્યારબાદ ૧૯૪૬માં 'રાણકદેવી 'ફિલ્મ આવી .આ ફિલ્મમાં જૂનાગઢ અને તેના આસપાસના વાતાવરણને કેન્દ્રમાં રાખીને બની હતી. ફિલ્મમાંરાણકદેવીના જીવન વિશેની વાત અને રા'માંડલિકના પ્રસંગને રજૂ કરે છે .ઈ.સ .૧૯૪૭માં 'ભક્તસૂરદાસ 'અને 'મીરાંબાઈ' ના જીવન કવનને રજૂ કરે છે. સ્વતંત્ર ભારતની આ બંને પ્રથમ ફિલ્મો હતી .બંને ફિલ્મોમાં સામાજિક દ્રષ્ટિકોણની સાથે ધાર્મિકતા પણ જોડાયેલી હતી. પૌરાણિક અને કાલ્પનિક પ્રસંગોનેઆલેખીને ફિલ્મમાંઘણીબધીમથામણો કરવામાં આવી હતી. એ રીતે ગુજરાતી ફિલ્મો અને તેનો સેટ ઉભો કરવામાં દિગ્દર્શકને ઘણી મુશ્કેલીઓ ભોગવવી પડેલી. આ સમયમાં સંત ,સતી અને ડાકુઓનાજીવનકેન્દ્રીપ્રસંગોને આધાર બનાવીને ફિલ્મોનું નિર્માણ થયું હતું. આ ફિલ્મો જોવાવાળો મોટો વર્ગ તે ગ્રામ્ય વિસ્તારમાં મજુરી કરનારો અને ખેતી પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલો હતો. મનોરંજન માણવા માટે ફિલ્મો તરફ પ્રેરાય છે અને સિનેમાઘરો સુધી પહોચે છે. એક તરફ ગુજરાતી રંગભૂમિ પર વિવિધ વિષયોનેલગતાં ગુજરાતી નાટકોભજવાઈ રહ્યા હતા અને વિવિધ નાટક મંડળીઓનાનેજા હેઠળ સામાજિક હાસ્ય અને વ્યંગ્યાત્મકનાટકોની બોલબાલા હતી એ જ અરસામાં નાટકના કલાકારો પણ ગુજરાતી ફિલ્મો તરફ આકર્ષાયને ફિલ્મો તરફ કામ કરવા પ્રેરાય છે. ગુજરાતી ફિલ્મનો


ISBN: 978-81-944799-0-1

એક નવો યુગ શરૂ થાય છે. મંદ પડેલી ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં નવો સંચાર થાય છે સામાજિક વિષયો અને માનવજીવનની નિયતિની વાતો, પરંપરા, ગ્રામજીવન અને વેરઝેરની વાતો ફિલ્મીપરદે આવે છે. ઈ.સ. ૧૯૪૬ થી ૧૯૫૨ સુધીના છ વર્ષના સમયગાળા દરમ્યાન અંદાજીત ૭૪ જેટલી ફિલ્મોનું નિર્માણ થાય છે જેમાંનીમોટાભાગની ફિલ્મો સામાજિક વિષય રજૂ કરે છે.

'મહેંદી રંગ લાગ્યો' ૧૯૬૦માં પ્રકાશિત થઈ હતી.આ ફિલ્મે એ વખતમાં બની હતી જયારે ગુજરાત અને મુંબઈમાં ગુજરાતી ફિલ્મ જોનારો એક મોટો વર્ગ હતો અને ફિલ્મ કરમુક્ત ન હોવા છતાં હાઉસફૂલના પાટિયા લાગેલા હતાં. દારૂબંધીનો સંદેશ આપતી આ ફિલ્મ અનિલ અને અલકાના સુખી સંસારને દારૂ વડે કેવો વેરવિખેર થાય છે તે ફિલ્મની મુખ્ય કથા છે. ફિલ્મના ગીતો મહેંદી તે વાવી માળવે... નૈન ચકચૂર છે.. ઘૂંઘટે ઢાંક્યું રે એક કોડિયું... લોકહૈયામાંગુંજતા થયા હતાં. ઈ.સ. ૧૯૬૩માં 'અખંડ સૌભાગ્યવતી' ફિલ્મ આવે છે નેશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા નાણાંકીય સહાય મેળવનાર પહેલી ફિલ્મ હતી. ગુજરાતની અભિનેત્રી આશા પારેખે તેમાં સરસ અભિનય કર્યો અને ગુજરાતના સિનેમાઘરોમાં આ ફિલ્મ હિટ સાબિત થઈ. ફિલ્મમાં પ્રયોજાયેલું સુમધુર સંગીત આજે પણ જૂની પેઢીના લોકોનાઆકર્ષણનું કેન્દ્ર છે અને આ કારણોના લીધે જ મનહર રસકપૂરને રાષ્ટ્રપતિ રાધાકૃષ્ણન ના હસ્તે 'શ્રેષ્ઠ દિગ્દર્શક' નો એવોર્ડ પણ મળેલો. 'બહુરૂપી' ૧૯૬૯માં પ્રગટ થયેલી ફિલ્મ છે. ભવાઈકળાને રજૂ કરતી આ ફિલ્મમાં સામાજિકતા ઓછી દેખાય છે પરંતુ ફિલ્મના ગીતો ગઝલસમ્રાટજગજીતસિંહેગાયા હતાં અને એ રીતે ફિલ્મ ગીત થકી ઓળખાય હતી. આ અરસામાં જ 'કંકુ' ફિલ્મ બની હતી. જે પન્નાલાલ પટેલની વાર્તા 'કંકુ' આધારિત હતી. સામાજિક સંદેશ અને ગુજરાતનું ગ્રામજીવન, રીત રિવાજો અને સમાજમાં વિધવા સ્ત્રીઓની લાગણીઓને ન ઓળખીને કરવામાં આવતી હેરાનગતિ ફિલ્મની મુખ્ય ઘટના છે. શિકાગોના આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટીવલમાં 'શ્રેષ્ઠ અભિનેત્રી' નો એવોર્ડ મળે છે. આ ફિલ્મ વિશે અમૃત ગંગર કહે છે કે "ગુજરાતી ફિલ્મોની આકાશગંગાનો પ્રથમ સાચો ચમકારો છે" એક નવો દર્શકવર્ગ આ ફિલ્મથીઆકર્ષાય છે તેનું મુખ્ય કારણ એવું પણ હોય કે લોકો સાહિત્યવાંચન તરફ વળ્યા હોય.

'જેસલતોરલ' ઈ.સ.૧૯૭૧માં ગુજરાતી થિયેટરમાં રજૂ થાય છે અને જેસલજાડેજાનું પાત્ર અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદી ભજવે છે. સામાજિક પરિવેશ અને ધાર્મિકતા સાથે જોડાયેલા આ ફિલ્મ વડે ગુજરાતી ફિલ્મ ઉદ્યોગમાં નવા પ્રાણ ફૂંકાય છે આ ફિલ્મ સિનેમાઘરોમાંહાઉસફૂલ થાય છે અને સામાજિક વાતાવરણ ઉભું થાય છે. થોડાં વર્ષો બાદ 'સંતુરંગીલી' ફિલ્મ પ્રદર્શિત થાય છે મૂળે તો અંગ્રેજી વાર્તાકાર 'જ્યોર્જબર્નાડ શો' ની કૃતિ પિગ્મેલિયનનું ગુજરાતી રૂપાંતર છે જે મધુરાયે નાટકના સ્વરૂપે ભજવેલું. સંતુનીભૂમિકામાંઅરુણાઈરાનીનો અભિનય છે અને અભિનેતા તરીકે ઉપેન્દ્ર ત્રિવેદી જોડાય છે. સંતુને શિક્ષણ આપવાની પ્રેરણા આધારિત આ ફિલ્મ સુંદર સામાજિક ફિલ્મ બને છે. એક તરફ ગુજરાતી રંગભૂમિ પર નાટકોભજવાતા હતાં અને બીજી તરફ સિનેમાઘરોમાં સામાજિક ફિલ્મોએદર્શકોને ઘેલું લગાડ્યું હતું. કાંતિ મડિયાદિગ્દર્શિત ફિલ્મ 'કાશીનો દીકરો' વિનોદિનીનીલકંઠની મૂળ વાર્તા 'દરિયાદિલ' પરથી બનેલી ફિલ્મ છે.સમાજની આસપાસ રહેલાં પાત્રોને લઈને રચાયેલી આ ફિલ્મ ખરેખર જોવાલાયક છે કારણ કે બે સ્ત્રીઓ કાશી અને રમાના સાંસારિક જીવન અને બનતી


ISBN: 978-81-944799-0-1

ઘટનાઓનું સરસ ફિલ્માંકન કર્યું છે. ફિલ્મની કથા સાથે રજૂ થયેલાં ગીતો જેવા કે 'એવાં રે મળેલાં મનના મેળ', 'ગોરમાને પંચે આંગળીએ પૂજ્યા', 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા' વગેરે ખુબ લોકપ્રિય થયા હતાં. ૧૯૮૧માં રજૂ થયેલી ફિલ્મ 'ભવની ભવાઈ' કેતન મહેતા દ્વારા નિર્માણ પામી હતી. આ ફિલ્મ ગુજરાતી ભાષાના લેખિકા ધીરુબેન પટેલના નાટક 'ભવની ભવાઈ' આધારિત બનાવી છે અને ફિલ્મ આવતાં ગીતો પણ ધીરુબેને લખ્યાં છે એ તેની વિશેષતા છે. આ ફિલ્મની લોકપ્રિયતા એટલી થઈ કે તેને રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો અને સર્વશ્રેષ્ઠ કલા નિર્દેશન માટે મીરાંલાખીયાને પણ પુરસ્કાર મળેલો. ફિલ્મનો મુખ્ય સંદેશ સમાજમાં વ્યાપ્ત અસ્પૃશ્યતા અને તેના નિવારણ માટેની કેવી કેવીપદ્ધતિઓ હોય શકે ? તે ભવાઈનામાધ્યમથી દર્શાવવામાં આવ્યું છે. ઉચ્ચનીચનાભેદભાવનેકેન્દ્રસ્થ વિષય બનાવીને નિર્માણ પામેલી આ સામાજિક ફિલ્મને રાષ્ટ્રીય એકાત્મકતા માટે નરગિસ દત્ત એવોર્ડ પ્રાપ્ત થયો હતો. વાવમાંથી પાણી આવવાની સમગ્ર ઘટના અને બલિ ચઢાવવાની ઘટના સમાજમાં વ્યાપેલાદુષણોને ફિલ્મમાં સરસ રીતે સાંકળી લીધું છે. ફિલ્મના અંતમાં પાટણનીરાણકી વાવનો ઉલ્લેખ થયેલો છે જે વિશ્વ ધરોહર સ્થળ તરીકે જાણીતું બન્યું છે.

'મહિયરની ચૂંદડી' ગુજરાતી ફિલ્મના સુવર્ણકાળમાં જ પ્રદર્શિત થયેલી ફિલ્મ છે.આફિલ્મનીલોકચાહના એટલી થયેલી કે ભારતની જુદી જુદી ૧૩ ભાષાઓમાં તેની રીમેક બની હતી. હિન્દીમાં 'સાજન કા ઘર' અને મરાઠીમાં 'માહેરચી સાડી' જેવી ફિલ્મો લાંબા સમય સુધી સિનેમાઘરોમાં ચાલી હતી. આ ફિલ્મ ગુજરાતી દર્શકો અને ગુજરાતી ફિલ્મ કલાકારોની પણ લોકપ્રિયતા પામી હતી.ઘર સંસાર અને સામાજિક સંબંધોનાતાણાવાણાનેગૂંથીનેફિલ્માંકન થયું છે.

❖ **સંદર્ભસૂચિ:**

૧) ગુજરાતી સિનેમાનો ઈતિહાસ

૨) હસમુખથાનકીનોબ્લોગ

૩) અશોક દવેનોબ્લોગ

૪) ગુજરાતીલેક્સીકોન.કોમ


ISBN: 978-81-944799-0-1

# ટેલિવિઝન જોવાનો પ્રકાર અને કુટુંબના પ્રકારના સંદર્ભમાં યુવાનોની આવેગિક પરિપક્વતાનો અભ્યાસ

**Nisha R. Chauhan, Research. Scholar, MA Sem IV, Department of Psychology, Children's University, Gandhinagar.**

**ABSTRACT**

યુવાવસ્થા એ વ્યક્તિના જીવનની સૌથી મહત્વની અવસ્થા ગણાવી શકાય કારણ કે આ અવસ્થા એટલે આર્થિક ઉપાર્જન, સામાજીક - આવેગિક વિકાસ, તેમજ અન્ય પરિવર્તનની અવસ્થા. યુવાનોને પોતાના અન્ય સાથેના સમાયોજન અને વિકાસ માટે પોતાના આવેગો ક્યાં, કેવી રીતે પ્રદર્શિત કરવા તેની સમજણ હોવી જોઈએ અને આ સમજણ એ વ્યક્તિ વિવિધ જગ્યાએથી જેમકે પોતાનીઆસપાસનું વાતાવરણ, કુંટુંબ, તેમજ અત્યારના આ આધુનિક યુગમાં "મીડિયા" કે જેમાં ટેલિવિઝન, મોબાઈલ ફોન, કમ્પ્યુટરવગેરેથી શીખે છે. આ વિવિધ ઉપકરણોનો ઉપયોગ વ્યક્તિકેવી રીતે અને કેટલા પ્રમાણમાંકરે છે તેના પર આધાર રાખે છે કે તે ઉપકરણોની અસર તેના પર કેવી પડશે. ટેલિવિઝનની વાત કરીએ તો કેટલાક યુવાનો નિયમિત તો કેટલાક અનિયમિત પણેટેલિવિઝન જોનાર હોય છે જેની તેના આવેગ પર અસર થવાની શક્યતાઓ રહેલીછે.ગુસ્સે થઇ જવું, આક્રમક બનવું,ચિડીયાપણુંવગેરે આવેગાત્મક લક્ષણો વર્તમાન પેઢીના યુવાનોમાં વધુ જોવા મળે છે.આજના સમયમાં સંયુક્ત કુટુંબો વિભક્ત કુટુંબમાં પરિવર્તિતથતાજોવા મળે છે. સંયુક્તઅને વિભક્ત કુટુંબનાં વાતાવરણમાં ઉછરેલા વ્યક્તિઓના આવેગાત્મક વિકાસમાં તફાવત જોવા મળી શકેછે તેથીતેમની આ આવેગોની પરિપક્વતા માટે આજના આ વર્તમાન યુગમાં ટેલિવિઝન અને કુટુંબનો પ્રકારએ કેવો ભાગ ભજવે છેતે જાણવા માટે પ્રસ્તુત સંશોધનનો હેતુ એ ટેલિવિઝન જોવાના પ્રકાર અને કુંટુંબના પ્રકારના સંદર્ભમાં યુવાનોની આવેગિક પરિપક્વતાનો અભ્યાસ કરવાનો છે. જેમાં સ્વતંત્ર પરીવર્ત્ય તરીકે ટેલિવિઝન જોવાનો પ્રકાર અને કુટુંબનોપ્રકારતેમજઆધારિત પરીવર્ત્ય તરીકે યુવાનોનીઆવેગિક પરિપક્વતાનું માપન કરવામાં આવ્યું છે.સાદા યદ્દચ્છ નિદર્શનની લોટરી પદ્ધતિ દ્વારા નિદર્શ તરીકે ગાંધીનગર શહેરમાં રહેતા 60 ટેલિવિઝન જોનાર અને ન જોતા તેમજ સંયુક્ત અને વિભક્ત કુટુંબના યુવાનોની પસંદગી કરવામાં આવી છે.યુવાનોની આવેગિક પરિપક્વતાની અંગેની  માહિતી એકત્રિત કરવા માટે ડૉ.યશવિર સિંઘ અને ડૉ.મહેશ ભાર્ગવ રચિત આવેગિક પરિપક્વતા કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.ત્યારબાદ મળેલ માહિતીનું આંકડાશાસ્ત્રીય પૃથક્કરણ કરવા માટે 't' ટેસ્ટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અહીં પરિણામજોવા મળ્યું કે ટેલિવિઝન જોનાર અને ન જોનાર તેમજ સંયુક્ત અને વિભક્ત કુટુંબના યુવાનોની આવેગિક પરિપક્વતામાં કોઈ સાર્થક તફાવત જોવા મળ્યો નહિ તેથી પૂર્વે રચેલી શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવ્યો.

***KEYWORDS***: ટેલિવિઝન, કુટુંબનો પ્રકાર, યુવાનો, આવેગિક પરિપક્વતા



ISBN: 978-81-944799-0-1

**પ્રસ્તાવના**

આજના આ આધુનિક સમયમાં માનવ ઉત્તરોતર સિદ્ધિના શિખરો સર કરતો જાય છે ત્યારે એક પણ ક્ષેત્ર એવુ નથી કે જ્યા માનવે વિકાસ ન કર્યો હોય. રેડિયોથી લઇને ટેપ, ટેલિવિઝન, કમ્પ્યુટર, ઉપરાંત મોબાઇલ ફોન, ઇન્ટરનેટ વગેરે મિડિયાના વિવિધ ઉપકરણોની શોધ માનવી એ કરી છે જેના કારણે સમય અને સ્થળનું અંતર ઘટ્યુ અને દુનિયા નાની બનતી ગયી છે. આ મિડિયાના વિવિધ ઉપકરણોનો ઉપયોગ આજે વધતો ગયો છે. તેમાં પણ યુવાનો કે જેમને દેશનું ભવિષ્ય માનવામાં આવે છે તે તેમાં ખાસ કરીને વ્યસ્ત જોવા મળે છે. યુવાવસ્થા એ જીવન ઘડતરની અવસ્થા હોઇ તેમાં વ્યક્તિના સામાજીક, આવેગિક, સાંસ્કૃતિક, વગેરે પાસા વિકસિત અને પરિપક્વ થાય એ અગત્યનું છે. જેમ બાળક મોટું થાય તેમ તેના શારીરિક વિકાસ માટે શરીરના વિવિધ અંગ ઉપાંગો વિકસિત અને પરિપક્વ થાય તે જરુરી છે તેવી જ રીતે માનવજીવનના વિવિધ અનુભવો કે જે વિવિધ આવેગના રંગે રંગાયેલા હોય છે તેવા આવેગોનો વિકાસ અને પરિપક્વતા પણ અગત્યની છે. ફ્રોઇડ માને છે કે વ્યક્તિ એ આવેગાત્મક પ્રાણી છે. દરેક વ્યક્તિને પોતાના આ આવેગો ક્યાં કેવી રીતે પ્રદર્શિત કરવા તેની સમજણ હોવી જોઇએ અને આ સમજણ એટલે આવેગિક પરિપક્વતા. જે વ્યક્તિ પોતાના આવેગો ક્રમિક, અસરકારક રીતે અને અનુકુલિત રીતે વ્યક્ત કરે તે વ્યક્તિ આવેગોની દ્રષ્ટિએ પરિપક્વ ગણાય. આ પરિપક્વતા ઉંમર જતા વ્યક્તિના અનુભવો, તેના આસપાસના વાતાવરણ, શિક્ષણ, કુટુંબ, શાળા અને આજના આધુનિક સમયમાં “મિડિયા” ના કારણે આવતી હોય છે. મિડિયા દ્વારા વ્યક્તિ અન્ય વ્યક્તિઓને પોતાના વિચારો મોક્લી શકે છે. મિડિયાના વિવિધ ઉપકરણો ટેલિવિઝન, મોબાઇલ ફોન, ઇન્ટરનેટ વગેરેથી વ્યક્તિ પોતાના આવેગો પ્રદર્શિત કરતાં શીખે છે. આજના મોબાઇલ ફોનના યુગમાં ટેલિવિઝનનું મહત્વ ઓછુ આંકી શકાય નહી. તેનું કારણ છે કે આજે પણ ઘણા યુવાનો ટી.વીમાં પોતાનો મનપસંદ કાર્યક્રમ આવતાની સાથે જ તે જોવા માટે બેસી જાય છે. કેટલાક યુવાનો નિયમિત પણે ટેલિવિઝન જોનાર હોય છે તો કેટલાક અનિયમિત જોતા હોય છે. ટેલિવિઝનના કેટલાક પ્રોગ્રામ એવા હોય છે જેના કારણે યુવાનોમાં ગુસ્સો, આક્રમકતા વધે છે. ટી.વીમાં દેખાડવામાં આવતાં અમુક હાનિકારક કરતબો યુવાનો હકિકતમાં પોતાના જીવનમાં કરવા જાય છે ત્યારે તે નુકસાનકારક સાબિત થાય છે ક્યારેક યુવાનો પોતાનો જીવ પણ ગુમાવી દે છે અથવા કોઇનો જીવ પણ લઇ લે છે. જ્યારે કેટલાક કાર્યક્રમો કંઇક નવી માહિતી, જ્ઞાન, આપે છે. આવેગિક પરિપક્વતા માટે બીજું અગત્યનુ ઘટક એ કુટુંબ છે. સંયુક્ત અને વિભક્ત કુટુંબના વાતાવરણમાં તફાવત હોય છે તેવી જ રીતે તેમાં ઉછરેલા વ્યક્તિઓમાં પણ તફાવત જોવા મળી શકે છે. કારણ કે સંયુક્ત કુટુંબમા માતા પિતા ઉપરાંત અનેક વ્યક્તિઓ એકસાથે રહેતા હોય છે તેથી તેમના વિચારોનું આદાન પ્રદાન થતુ રહે છે તેમના વર્તન વ્યવહારની શૈલીની અસર યુવાનોમાં વર્તાય તે શક્ય છે. તેનાથી વિરુદ્ધ વિભક્ત કુટુંબ માતા પિતા તેમજ ભાઇ બહેન પુરતું સિમિત હોય છે. તો તેની પણ અસર યુવાનોના વર્તન વ્યવહારમાં થાય તે શક્ય છે.


ISBN: 978-81-944799-0-1

Kondiba and hari(2018)ના સંશોધનમાં સંયુક્ત અને વિભક્ત કુટુંબમાં રહેતાં બાળકોની આવેગિક પરિપક્વતાનો અભ્યાસ કરતાં જોવા મળે છે કે કુટુંબનો પ્રકાર અને આવેગિક પરિપક્વતાં વચ્ચે હકારાત્મક સબંધ જોવા મળે છે. જેમાં વિભક્ત કુટુંબમાં રહેતા બાળકોની આવેગિક પરિપક્વતા સંયુક્ત કુટુંબમાં રહેતા બાળકો કરતાં ઉચ્ચ જોવા મળે છે.

કડછા(2013)ના સંશોધનમાં ઉચ્ચતર માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓ ઉપર ટેલિવિઝન કાર્યક્રમોની અસરનો અભ્યાસ કરતા જોવા મળે છે કે ટીવી કાર્યક્રમોની વિદ્યાર્થીઓના આવેગિક વિકાસ પર હકારાત્મક અસર જોવા મળે છે.

Jogsan and Kothiva(2018)ના સંશોધનમાં જાતિ અને ઉમરનાં સંદર્ભમાં સોશિયલ સાઈટનો ઉપયોગ કરતા અને ન કરતા લોકોનું ઘરનું સમાયોજન, આવેગિક પરિપક્વતા અને વ્યક્તિત્વનો અભ્યાસ કરતા જોવા મળે છે કે સોશિયલ સાઇટ, ઉંમર અને જાતીની આવેગિક પરિપક્વતા પર કોઇ મુખ્ય અસર જોવા મળતી નથી.

**અભ્યાસના હેતુઓ :**

1. ટેલિવિઝન જોવાના પ્રકારના સંદર્ભમાં યુવાનોની આવેગિક પરિપક્વતાનો અભ્યાસ કરવો.
2. કુટુંબના પ્રકારના સંદર્ભમાં યુવાનોની આવેગિક પરિપક્વતાનો અભ્યાસ કરવો.

**અભ્યાસની ઉત્કલ્પનાઓ :**

1. ટેલિવિઝન જોવાના પ્રકારના સંદર્ભમાં યુવાનોની આવેગિક પરિપક્વતામાં કોઇ સાર્થક તફાવત જોવા નહી મળે.
2. કુટુંબના પ્રકારના સંદર્ભમાં યુવાનોની આવેગિક પરિપક્વતામાં કોઇ સાર્થકતફાવત જોવા નહી મળે.

**પરિવર્ત્યો :**

| ક્રમ | પરિવર્ત્યનો પ્રકાર | પરિવર્ત્યનું નામ | કક્ષા | સ્તર |
|---|---|---|---|---|
| 1 | સ્વતંત્ર પરિવર્ત્ય | ટેલિવિઝન જોવાનો પ્રકાર | 2 | 1) નિયમિત ટેલિવિઝન જોનાર<br>2) નિયમિત ટેલિવિઝન ન જોનાર |
| 2 | સ્વતંત્ર પરિવર્ત્ય | કુટુંબનો પ્રકાર | 2 | 1) સંયુક્ત કુટુંબ<br>2) વિભક્ત કુટુંબ |
| 3 | આધારિત પરિવર્ત્ય | આવેગિક પરિપક્વતા | 5 | 1) આવેગિક સ્થિરતા<br>2) આવેગિક પ્રગતિ<br>3) સામાજીક સમાયોજન<br>4) વ્યક્તિત્વ સંકલન<br>5) સ્વતંત્રતા |


ISBN: 978-81-944799-0-1

**સમષ્ટિ અને નિદર્શ**

પ્રસ્તુત સંશોધનમાં સમષ્ટિ તરીકે ગુજરાત રાજ્યના ગાંધીનગર જીલ્લામાં રહેતા નિયમિત ટેલિવિઝન જોનાર અને ન જોનાર તથા સંયુક્ત અને વિભક્ત કુટુંબમાં રહેતા યુવાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમજ નિદર્શ તરીકે સાદા યદ્રચ્છ નિદર્શનની પદ્ધતિ દ્વારા 60 યુવાનોની પસંદગી કરવામાં આવી છે.

**સંશોધન સાધન**

સંશોધનમાં ઉપયોગમાં લેવામાં આવેલા સાધનોનું વર્ણન નીચે પ્રમાણે છે.

**(1) વ્યક્તિગત માહિતીપત્રક**

પ્રસ્તુત સંશોધનમાં ઉત્તરદાતાની પ્રાથમિક માહિતી એકત્રીત કરવા માટે સંશોધક દ્વારા વ્યક્તિગત માહિતીપત્રકની રચના કરવામાં આવી છે જેમાં નામ, ટેલિવિઝન જોવાનો પ્રકાર, પતિનો અભ્યાસ, વિસ્તાર, કુટુંબનો પ્રકાર, વિસ્તાર, કુટુંબની માસિક આવક વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**(2) આવેગિક પરિપક્વતા કસોટી**

આવેગિક પરિપક્વતાની કસોટીની રચના યશવીર સિંધ અને મહેશ ભાર્ગવ દ્વારા 1984 માં તૈયાર કરવામાં આવી હતી. જે આવેગિક પરિપક્વતાનું માપન કરે છે. આ કસોટી માં કુલ 48 વિધાનો છે. પ્રત્યેક વિધાનના ઉત્તર માટે સૌથી વધુ, વધારે, અનિશ્ચિત, ક્યારેક, ક્યારેય નહી એમ કુલ 5 વિકલ્પો આપવામાં આવ્યા છે જેમાથી સાચા ઉત્તર સામે (√) નિશાની કરવાની છે.

**(3) સ્કોરિંગ**

પ્રસ્તુત કસોટીમાં સૌથી વધુ, વધારે, અનિશ્ચિત, ક્યારેક, ક્યારેય નહી એમ કુલ 5 વિકલ્પો આપવામાં આવ્યા છે. જેમાં સૌથી વધુ વિકલ્પ માટે 5 ગુણ, વધારે વિકલ્પ માટે 4 ગુણ, અનિશ્ચિત વિકલ્પ માટે 3 ગુણ, ક્યારેક વિકલ્પ માટે 2 ગુણ, તેમજ ક્યારેય નહી વિકલ્પ માટે 1 ગુણ આપવાનાં રહેશે.

**(4) વિશ્વસનીયતા અને યથાર્થતા**

પ્રસ્તુત કસોટીની વિશ્વસનીયતા ટેસ્ટ રીટેસ્ટ પદ્ધતિના ઉપયોગ દ્વારા 0.75 નક્કી કરવામાં આવી છે અને યથાર્થતા બાહ્ય માપદંડ દ્વારા 0.64 જોવા મળે છે.

**પરિણામ ચર્ચા**

*HO1 : ટેલિવિઝન જોવાના પ્રકારના સંદર્ભમાં યુવાનોની આવેગિક પરિપક્વતામાં*
*કોઇ સાર્થક તફાવત જોવા નહી મળે.*

**કોષ્ટક – 1**

**ટેલિવિઝન જોવાના પ્રકારના સંદર્ભમાં યુવાનોની આવેગિક પરિપક્વતા દર્શાવતું કોષ્ટક :**


ISBN: 978-81-944799-0-1

| પરીવર્ત્ય | N | M | SD | t | sig. |
|---|---|---|---|---|---|
| નિયમિત ટેલિવિઝન જોનાર (A1) | 30 | 196.77 | 529.95 | 1.53 | N.S |
| નિયમિત ટેલિવિઝન ન જોનાર (A2) | 30 | 207.42 | 558.73 | | |
| Significant Level 0.05= 2.00<br>0.01= 2.66 | | | | | |

**આલેખ –1**

**ટેલિવિઝન જોવાના પ્રકારના સંદર્ભમાં યુવાનોની આવેગિક પરિપક્વતા દર્શાવતો સ્તંભાલેખ :**




ઉપરોક્ત ટેબલ – 1 અને આલેખ 1 જોતા જણાય છે કે નિયમિત ટેલિવિઝન જોનાર અને ન જોનાર યુવાનો વચ્ચેનો અભ્યાસ થયેલો છે. જેમાં નિયમિત ટેલિવિઝન જોનાર યુવાનોની સંખ્યા 30 છે અને નિયમિત ટેલિવિઝન ન જોનાર યુવાનોની સંખ્યા 30 છે. અહીં નિયમિત ટેલિવિઝન જોનાર યુવાનોની આવેગિક પરિપક્વતાનો મધ્યક 196.77 જોવા મળે છે. નિયમિત ટેલિવિઝન ન જોનાર યુવાનોની આવેગિક પરિપક્વતાનો મધ્યક 207.42 મળે છે. આમ, ઉપરના બંને મધ્યકો વચ્ચેનો તફાવત 10.65 જોવા મળે છે. તેથી નિયમિત ટેલિવિઝન જોનાર યુવાનો કરતા નિયમિત ટેલિવિઝન ન જોનાર યુવાનોની આવેગિક પરિપક્વતા નિમ્ન જોવા મળે છે. આ પરિણામ બતાવે છે કે નિયમિત ટેલિવિઝન જોનાર યુવાનોની આવેગિક પરિપક્વતા


ISBN: 978-81-944799-0-1

ઉચ્ચ જોવા મળે છે. બંને વચ્ચેનું પ્રમાણિત વિચલન શોધતા પરિણામ મળે છે કે નિયમિત ટેલિવિઝન જોનાર યુવાનોનું પ્રમાણિત વિચલન 529.95 જોવા મળે છે. જ્યારે નિયમિત ટેલિવિઝન  ન જોનાર યુવાનોનું પ્રમાણિત વિચલન 558.73 જોવા મળે છે. ત્યારબાદ નિયમિત ટેલિવિઝન જોનાર અને ન જોતા યુવાનોની 't' ની કિંમત કાઢતા તે 1.53 જોવા મળે છે. જે 0.01 અને 0.05 ની કક્ષા એ અસાર્થક જોવા મળે છે. આથી પૂર્વેરચેલી શૂન્ય ઉત્કલ્પના (ટેલિવિઝન જોવાના પ્રકારના સંદર્ભમાં યુવાનોની આવેગિક પરિપક્વતામાં કોઇ સાર્થક તફાવત જોવા નહી મળે) તેનો સ્વીકાર થાય છે. અને સાબિત થાય છે કે નિયમિત ટેલિવિઝન જોવાથી કે ન જોવાથી આવેગિક પરિપક્વતામાં કોઇ તફાવત જોવા મળતો નથી.

***HO2* કુટુંબના પ્રકારના સંદર્ભમાં યુવાનોની આવેગિક પરિપક્વતામાં કોઇ સાર્થક તફાવત જોવા નહી મળે.**

**કોષ્ટક – 2**

**કુટુંબના પ્રકારના સંદર્ભમાં યુવાનોની આવેગિક પરિપક્વતા દર્શાવતું કોષ્ટક :**

| પરીવર્ત્ય | N | M | SD | t | sig. |
|---|---|---|---|---|---|
| સંયુક્ત કુટુંબ (B1) | 30 | 204.71 | 551.63 | 1.67 | NS |
| વિભક્ત કુટુંબ(B2) | 30 | 218.45 | 588.75 | | |
| Significant Level 0.05= 2.00<br>0.01= 2.66 | | | | | |

**આલેખ –2**

**કુટુંબના પ્રકારના સંદર્ભમાં યુવાનોની આવેગિક પરિપક્વતા દર્શાવતો સ્તંભાલેખ :**


ISBN: 978-81-944799-0-1




ઉપરોક્ત ટેબલ અને આલેખ- 2 જોતા જણાય છે કેકુટુંબના પ્રકારના સંદર્ભમાં નિયમિત ટેલિવિઝન જોનાર અને ન જોતા યુવાનોની આવેગિક પરિપક્વતાનો અભ્યાસ કરવામાં આવ્યો છે.જેમાં જે યુવાનો સંયુક્ત કુટુંબમા રહેતા હોય તેમની સંખ્યા 30 છે અને જે યુવાનો વિભક્ત કુટુંબમાં રહેતા હોય તેમની સંખ્યા 30 છે. અહીં સંયુક્ત કુટુંબમાં રહેતા યુવાનોની આવેગિક પરિપક્વતાનો મધ્યક 204.71  જોવા મળે છે.અને જે વિભક્ત કુટુંબના યુવાનોની આવેગિક પરિપક્વતાનો મધ્યક 218.45 મળે છે. આમ, ઉપરના બંને મધ્યકો વચ્ચેનો તફાવત 13.74 જોવા મળે છે. એટલે કે જે યુવાનો વિભક્ત કુટુંબમાં રહેતા હોય તેમનો મધ્યક સંયુક્ત કુટુંબના રહેતા યુવાનો કરતા ઉચ્ચ જોવા મળે છે. આ પરિણામ બતાવે છે કે જે સંયુક્ત કુટુંબમાં રહેતા યુવાનોની આવેગિક પરિપક્વતા વિભક્ત કુટુંબમાં રહેતા યુવાનો કરતાં ઉચ્ચ જોવા મળે છે. બંને વચ્ચેનું પ્રમાણિત વિચલન શોધતા પરિણામ મળે છે કે સંયુક્ત કુટુંબમાં રહેતા યુવાનોનું પ્રમાણિત વિચલન 551.63 જોવા મળે છે. જયારે વિભક્ત કુટુંબમાં રહેતાં યુવાનોનું પ્રમાણિત વિચલન 588.75 જોવા મળે છે. ત્યારબાદ કુટુંબના પ્રકારના સંદર્ભમાં 't' ની કિંમત કાઢતા તે  1.67 જોવા મળે છે. જે 0.05 અને 0.01 ની કક્ષા એ અસાર્થક જોવા મળે છે. આથી પૂર્વેરચેલી શૂન્ય ઉત્કલ્પના (કુટુંબના પ્રકારના સંદર્ભમાં યુવાનોની આવેગિક પરિપક્વતામાં કોઇ સાર્થકતફાવત જોવા નહી મળે) તેનો સ્વીકાર થાય છે. અને સાબિત થાય છે કે કુટુંબના પ્રકારની યુવાનોની આવેગિક પરિપક્વતા પર કોઇ અસર જોવા મળતી નથી.

**તારણ :**

1) ટેલિવિઝન જોવાના પ્રકારના સંદર્ભમાં યુવાનોની આવેગિક પરિપક્વતામાં સાર્થક તફાવત જોવા મળતો નથી તેથી પુર્વે રચેલી ઉત્કલ્પના(ટેલિવિઝન જોવાના પ્રકારના સંદર્ભમાં યુવાનોની આવેગિક પરિપક્વતામાં કોઇ સાર્થક તફાવત જોવા નહી મળે)નો સ્વીકાર થાય છે.


ISBN: 978-81-944799-0-1

**2)** કુટુંબના પ્રકારના સંદર્ભમાં યુવાનોની આવેગિક પરિપક્વતામાં કોઇ સાર્થક તફાવત જોવા મળતો નથી તેથી પુર્વે રચેલી ઉત્કલ્પના(કુટુંબના પ્રકારના સંદર્ભમાં યુવાનોની આવેગિક પરિપક્વતામાં કોઇ સાર્થક તફાવત જોવા નહી મળે)નો સ્વીકાર થાય છે.

**Refrence**


- Kothival, K, Jogsan,Y. (2018). “ A Study of Family Adjustment, Emotional Maturity and Personality among Social Sites users and Non Users” Shodhganga.inflibnet.ac.in
- Kondiba, V., Kalane, S.(2018). “ Emotional Maturity Among Joint Family and Nuclear Family Children.” *The International Journal of Indian Psychology,* Vol.5, Issue-3, https://www.ijip.in Page.56-60
- કડછા, બી.(2013). “ ઉચ્ચતર માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓ ઉપર ટેલિવિઝન કાર્યક્રમોની અસરનો અભ્યાસ”Unpublised thesis, Saurashtra University.
- શુક્લા, એસ.(૨૦૧૭). શિક્ષણમાં માધ્યમનો વિનિયોગ, ક્ષીતી પબ્લીકેશન, અમદાવાદ, પેજનં-૧૮-૧૯.



ISBN: 978-81-944799-0-1

# સમૂહ માધ્યમોની હિન્દુ-કુંભાર(પ્રજાપતિ) સમાજ પર થતી સામાજિક અસરોનો અભ્યાસ

પ્રજાપતિ ભાવેશકુમાર કાંતિલાલ, આસિસ્ટન્ટ પ્રોફેસર) ઇતિહાસ(-સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, જાદર )સાબરકાંઠા(

**<u>પ્રસ્તાવના:-</u>**

- **(૧) સમૂહ માધ્યમોની સામાજિક અસરો :**

સમૂહ માધ્યમો સમાજને તોડવાનું અને જોડવાનું એમ બંને પાસા ધરાવે છે. ૨૧ મી સદી વૈજ્ઞાનિક તકનીકીની સદી છે. જેમાં છેવાડાના સમાજ સુધી પહોચવાનું કામ સમૂહ માધ્યમો કરી રહ્યા છે. જેમાં મુદ્રિત અને ઈલેક્ટ્રોનિક એમ બે પ્રકારના માધ્યમો ગણાવી શકાય. તે જોતાં હાલ કોમ્પ્યુટર અને એંડ્રોઇડ મોબાઈલનો યુગ ગણી શકાય, જેમાં વોટ્સએપ, ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, ઇન્ટરનેટ, ગૂગલ, ટ્વીટર, રેડિયો, ટી.વી. જેવી પ્રત્યાયન ટેકનિકી અપડેશન સાથે જોવા મળે છે. જ્યારે અખબાર, ચોપાનીયાં, પત્રિકા, સામયિકો, પુસ્તકો વગેરે મુદ્રિત સામગ્રી જોવા મળે છે. જેનો ઉપયોગ ક્યાં, કેવી રીતે, ક્યારે, શા માટે થાય છે? ના આધારે તે માનવ સમાજને મજબૂત તેમજ પાંગળો બનાવી શકે છે. વાઢ-કાપ કરી સર્જન કરવાનું અને ખૂણામરકી જેવુ વિનાશનું કામ કરનાર તીક્ષ્ણ હથિયાર જેવુ માધ્યમ છે. જે માનસિક અશાંતિ જેવો ખેલ પણ ખેલાવી દે છે. આ સમૂહ માધ્યમો બુદ્ધિજીવીઓ ના હાથે વપરાતાં દેશમાં ક્રાંતિ લાવી શકે છે, જ્યારે દુષ્ટ વ્યક્તિઓના હાથે લાગતાં જુઠાણાં ફેલાવી વિનાશ અને આપત્તિ પણ લાવી શકે છે. સમૂહ માધ્યમો વિશ્વને એક તાંતણે બાંધનાર કાલ્પનિક માધ્યમ ન રહેતા વાસ્તવિક માધ્યમ બની રહ્યું છી, જેનાં થકી સેકન્ડનાં ભાગમાં માહિતીની આપ-લે થઈ શકે છે.

હાલ ભારતમાં સ્માર્ટફોનનો વપરાશ વાર્ષિક ૧૫ ટકા જેટલો વધી રહ્યો છે. ઇન્ટરનેટ અને મોબાઈલ એસોશિએશન ઓફ ઈન્ડિયાનાં સર્વે મુજબ વર્ષ-૨૦૧૭ માં ૨૯.૧૦ કરોડ સ્માર્ટફોનનાં વપરાશકારો હતા. જે વર્ષ- ૨૦૧૮નાં વર્ષમાં ૩૩.૭ કરોડ થયા. વસતિની દ્રષ્ટિએ જેમ ચીન પછી બીજા ક્રમે આવે છે તેમ મોબાઈલ વપરાશમાં પણ બીજા ક્રમે છે. ગ્રામ્યવિસ્તારોમાં સ્માર્ટફોનના વપરાશકારોના ૧૮.૭૦ કરોડ છે, જે શહેર કરતાં ઝડપી વધી રહ્યા છે, જ્યારે શહેરોમાં ૫૯ ટકા જેટલા વ્યાપ સાથે સ્થિરતા છે. દરેક ઉમરની વ્યક્તિ સમૂહ માધ્યમો સાથે જોડાયેલી છે. જે સમૂહ માધ્યમો થકી મનમાં ઉપજેલા સંદેશને સામેના વ્યક્તિન કે સમૂહને શબ્દશઃ કે ચિત્રાત્મક, વિડીયો, ફોટો, ઓડિયો સાથે દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમથી રજૂ કરી શકાય છે. સમૂહ માધ્યમોની અસરોને સિકાની બે બાજુની જેમ વર્ણવી શકાય: (૧) હકારાત્મક અને (૨) નકારાત્મક.

(૧) હકારાત્મક અસરો :- સમૂહ માધ્યમો થકી અકલ્પનીય માહિતી અને જ્ઞાન મળતું હોવાથી 'જ્ઞાનનો યુગ' કહી શકાય. ભારત જેવા લોકશાહી દેશમાં વ્યક્તિમાત્ર સ્વતંત્ર છે. સમૂહ માધ્યમોના ઉપયોગથી કોઈપણ વ્યક્તિ, સમાજ, સમૂહ, સંગઠન કે દેશને સામાજિક, રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક, ધાર્મિક વગેરે ક્ષેત્રે સુવિચારો


ISBN: 978-81-944799-0-1

ઊભા કરી અને સાચા માર્ગે દોરી શકે છે.પોતાના દેશની એકતા સાચવી સકે.હકારાત્મક ઉપયોગમાં જોઈએ તો સમાંજોપયોગી માહિતી મોકલવી,વ્યવસાયલક્ષી તકોની જાણ કરવી.જરૂરી સંદેસો પહોચાડવો.પોતાના સમાજ, ધર્મ,દેશની માહિતી કે સમાજની પ્રવુત્તિને વેગ આપવો.વ્યક્તિના જીવનને લગતી માહિતી તરત જ મોકલવી વગેરે.બાળકોના ભણાટરમાં યુટ્યુબ માધ્યમથી શિક્ષણ પર વ્યાપક અસર જોવા મળે છે.

(૨)નકારાત્મક અસરો;-સિક્કાની બે બાજુઓની જેમ સમૂહ મધ્યમોની પણ બે બાજુઓ હોય છે.નકારાત્મક અસરોનો વ્યાપ દિન-પ્રતિદિન વધતો જાય છે.યુવાધન ફેસબુક, વ્હોટ્સપ જેવા માધ્યમોનો ઉપયોગ અશ્લીલ વિડિયો,ફોટા,ધાર્મિક પક્ષપાત,રાજકીય પક્ષોના પાયવિહોણા તથ્યોનો પ્રચાર-પ્રસાર ,સરકારની નીતિઓ સામે ખોટા પ્રચાર,લોકશાહીને ખતરામાં મૂકે તેવા ઓડિયો-વિડિયો વગેરે જેવા ઉપયોગ થી શરમ જનક કામ થઈ રહ્યું છે,પરીક્ષાઓની ગુપ્તતા જાળવતી નથી.તેમજ હિંસક બનાવોની ખોટી અફવા ફેલાવી યુવાનોને ઉશ્કેરવામાં આવે છે.તેના વધુ ઉપયોગ થી માનસિક રોગો ધાર કરી જાય છે.ચેતાતંત્ર નબળું પડે છે. ઉપરોક્ત ફાયદા – ગેરફાયદા જોતાં જણાય છે કે અંતે તો સમૂહમાધ્યમોના ઉપયોગ માટે વિશ્વ મા ભારત એક મોટા બજારની ગરજ સારે છે.અને કમાણી કરાવે છે.

વિકસતા ગતિશીલ યુગમાં પ્રાચીનકાળથી વિકાસથી વંચિત રહેલ એવો હિન્દુ-કુંભાર (પ્રજાપતિ) સમાજ સમૂહ માધ્યમોના અસરતળે કેટલો અસરગ્રસ્ત પામ્યો છી અને કેવા ઉપયોગ થકી કેવી પ્રગતિ કરેલ છે, તે સહેજે અભ્યાસ કરવાની જરૂર જણાતાં અભ્યાસકે આ સંશોધન હાથ ધાર્યું.

સમૂહ માધ્યમોના કારણે થતાં સામાજિક પરિવર્તનોની પ્રજાપતિ સમાજ પર કેવી અસરો હશે – તે જાણવા અંગે પ્રસ્તુત અભ્યાસ હાથ ધરાયો.

સમૂહ માધ્યમોની અસરતળે આવેલ આ પ્રજાપતિ સમાજ પર શૈક્ષણિક, સામાજિક, રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક, ધાર્મિક, વ્યવસાયિક અસર સારી તેમજ નરસી હશે. જે હવે સમજીશું.

- **સમૂહ માધ્યમોની સંકલ્પના :**

(૧) મેલ્વિન દ ફ્લો એવરે ડેનીસના મતે સમૂહ માધ્યમોની વ્યાખ્યા- “Mass Communication ia a process in which professional communication use mechanical media to disseminate messages widely, reapidly and continuously to arouse intended meaning in large and diverse audiences in attempts to influence them in a variety of ways.”

(૨) વિલિયમ એ. હેચટન ના મતે – “ The Important Component of any definition of mass communications is modern technology. To have Mass Communication, a message must be amplified or reproduced many thousands of times. This requires printing presses, newsprint, radio and television transmitters and theatres. “

- **સામાજિક પરીવર્તન સંકલ્પના :**

સામાજિક પરીવર્તન એ સમાજમાં થતું પરીવર્તન છે. સમાજમાં કોઈ માંધ્યમથી સમાજના સ્વરૂપમાં અને કાર્યમાં બદલાવ આવે તેને સામાજિક પરીવર્તન કહી શકાય.

(૧) According to Merrill and Eldredge- “Change means that large numbers of persons are engaging in activities that differ from those which they or their immediate forefathers engaged in some time before”


ISBN: 978-81-944799-0-1

(૨) જોંસન અને ગિન્સબર્ગ- " સામાજિક રચનાતંત્રમાં આવતું પરિવર્તન એટલે જ સામાજિક પરિવર્તન."

(૩) મેકઇવર અને પેજ – " સામાજિક સંબંધોના ગૂંફનમાં થતાં ફેરફારોને સામાજિક પરિવર્તન કહે છે."

(૪) કિંગ્સલે ડેવિસ- " સામાજિક સંગઠનમાં થનાર પરિવર્તન જ સામાજિક પરિવર્તન છે. "

(૫) સોરોકીનના મતે- " સામાજિક પરિવર્તન સંસ્કૃતિમાં ઉતાર-ચઢાવ આવવાના કારણે થાય છે. "

- **સમૂહ માધ્યમો અને સામાજિક પરીવર્તન** :

સમૂહ માધ્યમો અને હિન્દુ-કુંભાર (પ્રજાપતિ) સમાજ પર છેલ્લા બે દાયકામાં અકલ્પનીય અસર થઈ છે. જેમાં સમૂહ માધ્યમોના ઉપકરણો જેવા કે વોટ્સએપ, ફેસબુક, ગૂગલ, ઇન્ટરનેટ, ઇન્સ્ટાગ્રામ, ટ્વીટર, અખબાર, પત્રિકા, ચોપનિયા, સમ્મેલનો વગેરેની ઘેરી અસર થવા પામી છે. પ્રજાપતિ સમાજ છેલ્લા કેટલાય સમયથી શિક્ષણ અને ટેકનોલોજીથી અલિપ્ત રહેવા પામેલ, પણ સમાજના અગ્રણીઓ અને સરકારના પ્રયાસોથી આ સમુદાયે પોતાનો પરંપરાગત માટીકામનો વ્યવસાય ત્યજવો પડ્યો, જેના પાછળ આર્થિક ઉપાર્જન ઓછું અને શારીરિક મહેનત વધુ તથા સામાજિક અને રાજકીય મોભામાં નિમ્ન સ્થાન જવાબદાર ગણી શકાય. તેમ છતાં સમૂહ માધ્યમોનો હિસ્સો કઈ નાનોસૂનો ન ગણી શકાય.

(૧) મુદ્રિત સાહિત્ય અને સમાજમાં આવેલ પરિવર્તન :- મુદ્રિત માધ્યમોમાં સમાચાર પત્રો, સમાજપત્રિકાઓ, સમાજની માર્ગદર્શિકાઓ તેમજ વિશેષાંક ગણાવી શકાય, જેનાથી યુવાનો અને સમાજ જાગૃતિ પરફ પ્રયાણ કરવા લાગ્યો. અખબારો ગામડાના છેવાડા સુધી પહોચતા સરકારની શિક્ષણ, વ્યવસાય, ઉદ્યોગ,આર્થિક, ટેકનોલોજી વગેરે યોજનાઓનો સમજે ઉપયોગ કર્યો છે. તેમજ સમાજની માર્ગદર્શિકાઓથી ગામેગામના પરિચયગ્રંથ અને સમાજના શિક્ષિત તેમજ નોકરી કરનારની પુસ્તિકા પહોચતા એકબીજાના સંપર્કમાં આવતાં યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને વ્યવસાયોનું માર્ગદર્શન મળ્યું. તેમજ પ્રજાપતિ સમાજના પોતાના અંકો જેવા કે 'પ્રજાપતિ, પ્રજાપતિ દર્પણ, પ્રજાપતિ મંચ, મહર્ષિ પ્રજાપતિ, વિશ્વ નિર્માતા પ્રજાપતિ વગેરે સામયિકોથી તથા શતકમ અંકોથી એકબીજા ગોળ કે સમુદાયનો પરિચય વધતાં વાડાબંધી દૂર થવા પામી છે.

(૨) વિજાણુ માધ્યમો અને સમાજ પરિવર્તન :- માનવ સમાજ પર વીજાણુ માધ્યમોએ એટલી અસર ઉપજાવી છે કે માનવ પોતે વીજાણુ સ્વભાવનો બની જવા પામ્યો છે. જેમાં ટી.વી., રેડિયોનો ઉપયોગ ઘટ્યો છે અને ઇન્ટરનેટ, એંડ્રોઇડ ફોનમાં વપરાતી એપ જેમાં વોટ્સએપ, ફેસબુક, ટ્વીટર, ઇન્સ્ટાગ્રામ વગેરે બહોળા પ્રમાણમાં પ્રજાપતિ સમાજ પરિવર્તનમાં ભાગ ભજવ્યો છે. (૧) વોટ્સએપના માધ્યમથી સમાજના યુવાનો, વડીલો, યુવતીઓ ,મહિલાઓ તમામ શિક્ષિત વ્યક્તિ જોડાયેલો છે. પ્રજાપતિ સમાજના અભ્યાસકે કરેલા સર્વે મુજબ એંડ્રોઇડ ફોન વાપરનારની સંખ્યા અંદાજે લગભગ ૪૦ ટકા ગણાવી શકાય. જે પૈકી યુવાનો પોતાના અભ્યાસ માટે ગ્રૂપ બનાવી માહિતી આપ-લે કરે છે. વ્યવસાય કરનાર વડીલો અન્ય સમાજના ઉદ્યોગકારો સાથે પોતાના સેમિનાર, ટેકનોલોજીથી પરિચિત થાય છે. કોલેજ અભ્યાસ દરમિયાન પીડીએફ, પીપીટી જેવી માહિતી તથા સાહિત્ય મેળવી ખોટા ખર્ચા બચાવતા જોવા મળે છે. (૨) ફેસબુક :- પ્રાચીનકાળથી અલિપ્ત રહેલો પ્રજાપતિ સમાજ હાલ સમૂહ માધ્યમના ફેસબુકથી વિશ્વના ખૂણામાં રહેલા પોતાના સમાજના અને અન્ય સમાજના શિક્ષિત


ISBN: 978-81-944799-0-1

વ્યક્તિઓ સાથે ફ્રેન્ડસ (મિત્રતા)નો સબંધ બનાવી સમાજની પ્રગતિમાં હિસો આપે છે. તેમજ એકબીજા સાથે મિત્રતા ટ્રેગ કરી દેશ પરદેશની માહિતીથી પરિચિત થતાં થયા છે. કૌટુંબિક બીમારીની સારવાર પાછળ વૈજ્ઞાનિક પધ્ધતિ અમલી બનાવી અને આરોગ્યમાં પણ બદલાવ આવ્યો.

- **સમૂહ માધ્યમો અને સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક પરિવર્તનમા થતી પરિવર્તનીય અસરોની સમીક્ષા:** સમૂહ માધ્યમોની યુવાનો અને યુવતીઓ પર વિશેષ અસર થયેલી જોવા મળે છે. યુવાન વર્ગ સમૂહ માધ્યમોથી જીવનશૈલી, રૂઢિગત પ્રણાલી, બૌધ્ધિક સ્તરમાં ફેરફાર, વિચારસરણી, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ, તકનીકીમાં આશાસ્પદ ફેરફાર થયેલો જોવા મળે છે. સમાજ અને માધ્યમો એકબીજાને પ્રભાવિત કરનાર પરિબળો ગણી શકાય. પ્રજાપતિ સમાજની સ્ત્રીઓ પ્રાચીનકાળથી જ ઘરના વાડાઓમાં રહેતી જોવા મળેલી છે. જે હવે સમૂહ માધ્યમોના પ્રસારથી કૂપમંડૂકતાની સ્થિતિમાથી બહાર આવી છે અને રમત-ગમત, પર્વતારોહણ, રાજકીય, સામાજિક, ઉદ્યોગ સાહસ, સંગીત-કળા ક્ષેત્રે, જાહેર સેવાઓ, આરોગ્ય ક્ષેત્રે વગેરેમાં પોતાનું પ્રદાન આપતી જોવા મળે છે. તથા સમૂહ મધ્યમોની અસરથી પ્રજાપતિ સમાજમાં શિક્ષણનું સ્તર ખૂબ સારું એવું જોવા મળ્યું છે. તેમજ વડીલો અને સ્ત્રીઓની વચ્ચે જે ભેદરેખા મોટી હતી તે હવે સૂક્ષ્મ થવા પામી છે. યુવાન વર્ગ ઇન્ટરનેટના માધ્યમથી ઘરે બેઠા ઓનલાઇન બિઝનેસ કરી વિશ્વ સાથે કદમ મિલાવતાની સાથે આર્થિક ઉપાર્જન પણ કરે છે. તથા સારા નરસાનો ભેદ જાણતો થયો. યુવાવર્ગ યુ ટ્યુબ જેવા માધ્યમથી શિક્ષણ ઝડપી સમજતા થયા છે. સમાજમાં હવે નાના મોટા, અમીર-ગરીબ, ભણેલા- ઓછું ભણેલા, સ્ત્રી-પુરુષ, ગુરુ-શિષ્ય જેવા ભેદભાવ બિલકુલ નહિવત જોવા મળે છે. ઇન્ટરનેટના માધ્યમથી યુવાનોનો આધિનિકીકરણ સાથે કાર્યો પર પ્રભાવ પડેલો જોવાય છે, પરંપરાગત સબંધ અને સામાજિક ગતિશીલતા, સમયની ચોક્કસાઈ, ધાર્મિક જગત પર પણ પરીવર્તન જોવા મળે છે. ટેલિવિઝન પર જોવાતી ફિલ્મ, સિરિયલમાં સ્ત્રીના આભૂષણો, સૌંદર્ય પ્રસાધનો અને પહેરવેશ તેમજ હાવભાવ, બોલવાની વાકછટાનો પ્રભાવ પ્રજાપતિ સ્ત્રીઓ અને યુવતીઓ પર થયેલો જોવા મળે છે. અખિલ ગુજરાત પ્રજાપતિ યુવા સંગઠન, શ્રી પ્રજાપતિ યુવા સંગઠન, ઈંટ ઉત્પાદક મંડળ, દક્ષ પ્રજાપતિ યુવા સંગઠન જેવા સંગઠનો પણ આ સમૂહ માધ્યમોની જ ઉપજ કહી શકાય. જે વોટ્સએપમાં ગ્રૂપ બનાવી રોજે રોજની માહિતી આપ-લે કરે છે.

  સમૂહ માધ્યમોની સારી અસરો સાથે કેટલીક અઇચ્છનીય અસરો પ્રજાપતિ સમાજ પર પણ પડેલી જોવા મળે છે. જેમાં યુવાન વર્ગ એંડ્રોઇડ મોબાઈલના બહોળા ફેલાવાથી સદમાર્ગ સાથે ગેરમાર્ગે પણ દોરાયો છે. યુવાનો-યુવતીઓ ફેસબુક, વોટ્સએપ, ટીકટોક જેવી એપ પર પોતાનો કિંમતી સમય બરબાદ કરી રહ્યા છે. તથા માતા-પિતાની જાણ બહાર યુવાન-યુવતીઓ એક-બીજાને ન શોભે તેવા સંદેશા આપ-લે કરે છી, જે મર્યાદાનું ઉલ્લંઘન કહી શકાય. મોટાભાગે સ્ત્રીઓ દિવસ દરમિયાન પોતાનો અમે ટી.વી. કે મોબાઈલ પાછળ ખર્ચે છે. બાળકો પાછળ સમય ન ખર્ચતાં બાળકને ટ્યુશન કે ભારરૂપ ગૃહકાર્ય કરાવે છે.

- **ઉપસંહાર :**


ISBN: 978-81-944799-0-1

પ્રાચીન સમયથી ચિરનિંદ્રામાં સૂતેલો આ પ્રજાપતિ સમાજ સમૂહ માધ્યમો એમાં પણ ખાસ તો વીજાણુ માધ્યમોના ફેલાવથી પ્રગતિનો માર્ગે વધેલો જોવા મળે છે. સાથે આપણે જોયું કે આ સમૂહ માધ્યમો આદિકાળથી અમલમાં છે જ, પણ હાલ તે મધ્યાહ્ન કાળે જોવા મળે છે. તો તેનો ભરપૂર હકારાત્મક ઉપયોગ કરી હિન્દુ-કુંભાર (પ્રજાપતિ) સમાજ ઊંચાઈની દિશા પાર કરી રહેલો જોવા મળે છે. એકપણ સમાજ અને તેના યવાવર્ગ સમૂહ માધ્યમોના દૂરઉપયોગથી ગેરમાર્ગે ન દોરે તે જોવાની જવાબદારી આપની કક્ષાના તમામ સંશોધકો અને વડીલોની થઈ પડે છે. પૃથ્વી પર માનવ સમુદાયના વિકાસ સાથે જ આ કુંભાર (પ્રજાપતિ) સમાજ અસ્તિત્વ ધરાવે છે. જેણે સમય બદલાતાની સાથે ઊંચ-નીચના ભેદભાવનો ભોગ બનેલો છે, તેમજ રાજાઓ- સમ્રાટોના સમયે અને અંગ્રેજ શાસન દરમિયાન વેઠપ્રથાનો પણ અનુભવ કરેલ છે. છેલ્લા બે દાયકામાં જ આ સમાજે શિક્ષણ સાથે સમૂહ માધ્યમોના ઉપયોગથી ટેકનૉલોજી સાથે હાથ મિલાવ્યા છે. અને આ માધ્યમ થકી આવનારી ભારતની તેમજ વિશ્વની યુવા પેઢી જનકલ્યાણ કાર્ય કરે એવી આપણે બનતી ફરજ અદા કરીએ.

આમ, સમગ્ર રીતે જોતાં જણાય છે કે સમૂહ માધ્યમોની હિન્દુ-કુંભાર (પ્રજાપતિ) સમાજ પર જે અસર જોવા મળે છે, તેમાં હકારાત્મક અસરનું પાસું વધારે જોવા મળે છે. છતાં કોઈ જગ્યાએ નકારાત્મક બાબત જોવા મળે તો તે દૂર કરવા આ સમાજના અગ્રણીઓએ અને શિક્ષિત વર્ગે પ્રયત્ન કરવો જોઈએ.

- **સંદર્ભ સૂચિ :-**

(1) Social Effects Of Mass Media- K.P. Yadav
(2) ફૂલછાબ વિશેષ પૂર્તિ, તા- 02/10/2018
(3) સમૂહ પ્રત્યાયનનું સમાજશાસ્ત્ર- ભટ્ટી રમણીક, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ- અમદાવાદ.
(4) Mass Media New Horizons- Trivedi Harshad, Sega Publishers, New Delhi.
(5) ટેલીવિઝન અને શિક્ષિત યુવાનો- પંકજ પટેલ, પાર્શ્વ પબ્લિકેશન-અમદાવાદ.
(6) સમૂહ માધ્યમો અને સાહિત્ય- શાહ પ્રીતિ (2009), પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.
(7) સમૂહ માધ્યમોનું સમાજશાસ્ત્ર- વાઘેલા અનિલ(2014), અનડા બુક દીપો, ગ્રંથસેતુ, ગાંધીમાર્ગ-અમદાવાદ.
(8) Handbook of Journalism and Mass Communication (Vir Bala Agrawal, V.S.Gupta)


ISBN: 978-81-944799-0-1

# સાહિત્ય અને સમૂહ-માધ્યમો વચ્ચેનો સંબંધ : એક અભ્યાસ

ડૉ .હેતલ કિરીટકુમાર ગાંધી, આસી .પ્રોફેસર) ગુજરાતી(, ડૉ .બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અમદાવાદ.

**પ્રસ્તાવના:**

સાહિત્યકલા બીજી લલિતકલાઓના સંદર્ભમાં શબ્દના સૂક્ષ્માતિસૂક્ષ્મ ઉપાદાનને સંગે ભાવવિચારનું સંક્રમણ કે માનવઅભિવ્યક્તિનું માધ્યમ બન્યું છે. તેથી જ તો સાહિત્યનું માનવજીવનમાં પણ વિશેષ સ્થાન છે. સાહિત્ય જીવનનું પરિબળ તથા શક્તિબળ તો છે; પરંતુ, જીવનના રોજ-બ-રોજના વ્યવહારના શબ્દ અને સાહિત્યના શબ્દની ભૂમિકા ભિન્ન છે. સાહિત્યમાં શબ્દની જે તાકાત છે તે અલૌકિક, અસામાન્ય ઘાટ ધારણ કરનારી, ભાતીગળ અર્થસ્વરૂપો વિકસાવનારી છે. સાહિત્ય, સૌંદર્યની સાથે ભળીને માનવચેતના-જીવન-સમાજનું પ્રતિબિંબ બને છે, તેનું બળ અમોઘ છે. તેથી તો, સાહિત્યની શક્તિનો સમાજે સ્વીકાર કરવો પડે છે. આજ સાહિત્યનો શબ્દ જીવનનો ધબકાર છે અને ચેતનાની અભિવ્યક્તિનું માધ્યમ પણ.

શબ્દ સાહિત્યનું ઉપાદાન છે તો શબ્દો સાથે સંબંધ ધરાવતા બીજા અનેક માધ્યમો પણ ઉત્ક્રાંતિથી સક્રિય થયાં છે. સમૂહ-માધ્યમો એટલે કે માસમીડિયાનો પ્રચાર જયારે આજે વ્યાપક સ્વરૂપે વિશ્વ પર જોઈએ શકીએ છીએ ત્યારે એ બંનેના સંબંધ કે જુગલબંધી કેવા પ્રકારનાં નવા પરિમાણો રચવા સક્ષમ છે તે ચકાસવું પડે. સાહિત્ય અભિવ્યક્તિનું માધ્યમ છે અને આ અભિવ્યક્તિને જનસમૂહ સુધી પહોંચાડવાનું કાર્ય સમૂહ-માધ્યમો કરે છે.

સામાન્ય રીતે સમૂહ-માધ્યમોમાં રંગભૂમિ, વર્તમાનપત્રો, રેડિયો, ચિત્રપટ, ટેલિવિઝન જેવાં પરંપરાગત માધ્યમો અને મોબાઇલ-કોમ્પ્યૂટર-ઇન્ટરનેટમાં પ્રસારિત થતી વેબસીરીઝ, સોશીયલ મીડિયા અંતર્ગત ફેસબુક, ટ્વીટર, વોટ્સઅપ વગેરે જેવાં આધુનિક માધ્યમો-સાધનોએ એકવીસમી સદીમાં પોતાની શક્તિનો સુપેરે પરિચય કરાવ્યો છે. આજે વિશ્વ આ સમૂહ-માધ્યમોની મુઠ્ઠીમાં સમાઈ ગયેલું ચોક્કસ અનુભવાય છે. સાંપ્રત સમયમાં સંદેશાની આપ-લે ઉપરાંત મૌખિક-લેખિત સાહિત્ય અને અભિવ્યક્તિને દૃશ્ય-શ્રાવ્યનાં વિવિધ માધ્યમો દ્વારા તુરંત વિશ્વના માહિતી જગતમાં પ્રસારિત કરી દેવાની ભૂમિકાએ જોર પકડ્યું છે. આ સમૂહ-માધ્યમો ખરેખર તો સાધન માત્ર હોવાથી તેમાં જાહેર હિતાર્થે રજૂ થતી સામગ્રી વિશે ઘણીવાર શંકા ઉત્પન્ન થઈ શકે; પરંતુ, પ્રસ્તુતિકરણના સબળ માધ્યમના પ્રભાવને કોઈપણ સ્થિતિમાં આ માધ્યમ નકારી શકાય તેમ નથી.

આપણું સાંપ્રત લખાતા સાહિત્ય અને તેના પ્રવાહ વિશે જો સમૂહ-માધ્યમ ખપ લાગતા હોય તો આપણા સાહિત્યને જીવંત રાખવા અને સાહિત્યનો ફેલાવો કરવામાં પણ સમૂહ-માધ્યમોનો ફાળો વિશેષ રહે છે. આમ, સાહિત્ય અને સમૂહ-માધ્યમ એકબીજાની જરૂરિયાત બને છે. સાહિત્યને પ્રસારણની જરૂર છે અને સમૂહ-માધ્યમને માહિતીના એકત્રીકરણની અને લોકભોગ્ય સાહિત્યની હંમેશા જરૂર રહેવાની જ. આ બન્ને વચ્ચેના વ્યવહાર સંબંધી પૂરકતાને વિવિધ પરિમાણો દ્વારા ચકાસવાનો અને તેની સમીક્ષા કરવાનો આ સંશોધનપત્રનો ઉદ્દેશ રહ્યો છે.

## સાહિત્ય સંદર્ભ:


ISBN: 978-81-944799-0-1

સાહિત્ય સર્વ લલિતકલાઓમાં શ્રેષ્ઠ કલા છે. અન્ય લલિતકલાઓ કરતાં સાહિત્ય પોતાના ઉપાદાનની સૂક્ષ્મતાને કારણે વિશેષ ગુણશાળી છે. સાહિત્યમાં જીવનના અનુભવો, વાસ્તવિક દર્શન, સાધના, અભ્યાસ તથા કલ્પનાશક્તિ દ્રાવણમાં શબ્દની અભિવ્યક્તિ દ્વારા રસાઈને આવે છે. આ આનંદ આપનારું અને સંસ્કારનું સીંચન કરનારું શ્રેષ્ઠ ક્ષેત્ર છે. સાહિત્યમાં સર્જન કરનાર ભલે લખનાર કે વાંચનાર માટે સમાજમાં પ્રસ્તુત કરે; પરંતુ, સાહિત્યનો મૂળ ઉદ્દેશ તો નિર્ભેળ આનંદ આપનારો જ છે.

સાહિત્યનું સર્જન આદિ-અનાદિ કાળથી થતું આવ્યું છે. આ સાહિત્યમાં આખી સૃષ્ટિ સહિતના તત્ત્વને પોતાના શબ્દોના અને વાણીના માધ્યમે અલગ સૃષ્ટિનું નિર્માણ કરી દે છે, જે ભાવકના ચિત્તમાં પણ માનવીય સંવેદના જગાડે છે અને ઉત્તેજિત મનને પળવારમાં શાંત પણ કરી શકે છે. સાહિત્યનો મહિમા અમાપ છે, સાહિત્ય ઇતિહાસનો દસ્તાવેજ છે, તે માહિતી પ્રદાન કરનારું માધ્યમ છે, બીજી તરફ સાહિત્ય માનવીય સંવેદનાનું તથા વાસ્તવિકતાની અભિવ્યક્તિનું વાહન છે પણ છે. આજ સાહિત્યમાં ચિરકાલીન 'રામાયણ-મહાભારત' જેવી પ્રસ્તુતિ શક્ય છે તો, આજ સસ્તુ અને ફક્ત મનને આછુકલું આનંદ આપનારું સાહિત્ય અનિષ્ટને પણ આવકારી શકે છે. આમ, સાહિત્ય અને સમૂહ-માધ્યમનો યોગ બે ધારી તલવાર જેવો છે. તે પ્રશિષ્ટ સાહિત્યથી સમાજનું ઘડતર કરી શકે તો અનિષ્ટ આપનારા સાહિત્યથી સમાજમાં પ્રવર્તતા મૂલ્યોને નષ્ટ પણ કરી શકે. સમૂહ-માધ્યમ અને સાહિત્ય સંદર્ભે મારવું કે તારવું મનુષ્યની સૂઝ અને સમજણ પર આધારિત છે.

## સમૂહ-માધ્યમ:

ભગવદ્-ગોમંડળના મતે 'માધ્યમ એટલે સંચાર કે વિનિમય માટે વચ્ચે વાપરવાનું સાધન કે વાહન'. આમ, સમૂહ પ્રત્યાયન અને સાધનો એટલે સમૂહ માધ્યમો. જે આજે સંસ્કૃતિ અને ટૅકનોલૉજીના સહસંબંધે સમૂહ પ્રત્યાયનના વિશિષ્ટ માધ્યમોની નિરંતર ખોજ કરી રહ્યું છે.

જ્યારે ઓક્સફર્ડ શબ્દકોશમાં, 'intervening substance through which impressions are conveyed to senses etc.'- એટલે કે 'મધ્યસ્થી કરનાર ઘટક કે જેનાથી જ્ઞાનેન્દ્રિયો સુધી માહિતી, સમાચાર, જ્ઞાન ઇત્યાદિનું વહન કરી શકાય'.

મુદ્રિત અને વીજાણું માધ્યમો જનસમાજ માટે હાથવગાં બન્યાં છે તે સંદર્ભે માહિતી અને મનોરંજનને એકથી અનેક સુધી પહોંચવામાં વાર લાગે તેમ નથી. જીવાતા જીવનની તેજ ગતિ સાથે તાલ મિલાવવા કે પછી એકલતાના નિવારણ માટે મનુષ્યએ પુસ્તકથી ઇન્ટરનેટની સફર ખેડી છે.

સામાન્ય રીતે સમૂહ-માધ્યમને મુદ્રણ (Print) અને વીજાણું (Electronic) એ બે પ્રકારમાં વહેંચવામાં આવે છે. જેમાં મુદ્રણનું માધ્યમ લેખિત ભાષા દ્વારા પ્રત્યાયન કરે છે તો વીજાણુ માધ્યમ યાંત્રિક સાધનોની મદદથી દ્રશ્ય-શ્રાવ્યરૂપે ભાષાનો ઉપયોગ કરે છે. અહીં પુસ્તકના માધ્યમનો ઉપયોગ કરતો ભાવક કાલ્પનિક દ્રશ્યોને મસ્તિષ્ક પટ પર નિહાળે છે જ્યારે વિજાણું માધ્યમો દ્રશ્ય રજૂ કરે છે, તેથી ભાવકે પોતાની શક્તિનો ઉપયોગ કરવો પડતો નથી.


ISBN: 978-81-944799-0-1

માનવસંસ્કૃતિ હંમેશા ગતિશીલ રહેવા ટેવાયેલી છે. પૌરાણિક કાળમાં ભાષાના અભાવે ભીંતચિત્રો, સંકેતો, હાવભાવ દ્વારા ભાવાભિવ્યક્તિ કરતો માનવી સામાજિક, સાંસ્કૃતિક પરિવર્તનને ભાષા અને લિપિનો ઉદ્દભવ કરે છે. મંત્ર શક્તિના માધ્યમે વેદકાળમાં પોતાની કંઠસ્થ અભિવ્યક્તિ કરતો થયો. યંત્રની સંસ્કૃતિના ઉદ્દભવે મંત્રસંસ્કૃતિ ક્ષીણ થઈ. કલાનું સ્થાન કારીગરોએ અને કારીગરીનું સ્થાન મશીનોએ ખૂંચવ્યું. ગતિશીલ અને વૈવિધ્યપૂર્ણ વિકાસે ત્વરિત સંદેશા પહોંચાડવાની જરૂરિયાતને ઊભી કરી. આ પરિવર્તનના પરિણામે છાપખાનાની શોધ થઈ. જેણે ઉત્પાદન-વેચાણ-અભિવ્યક્તિને તે સમયે વેગ આપ્યો. ઔદ્યોગિક ક્રાંતિના ગાળામાં વર્તમાનપત્રોનો પાદુર્ભાવ થયો. આથી લોભામણા પ્રચાર-પ્રસાર શક્ય બન્યાં. સમય બદલાયો અને ટૅકનોલૉજીના વધુ વિકાસે શ્રાવ્ય અને દ્રશ્ય માધ્યમો એટલે કે ટેલિવિઝન અને રેડિયો દ્વારા કૌવત દેખાડ્યું. બીજી તરફ સાહિત્યની અભિવ્યક્તિ માટે ‘રંગભૂમિ’ એક મનોરંજન પૂરું પાડતા પ્લેટફોર્મ રૂપે ઊભરી આવ્યું હતું. જે નિશ્ચિત જનસમૂહ વચ્ચે સાહિત્યને અભિવ્યક્તિનું માધ્યમ પૂરું પાડવા સક્ષમ બન્યું. આમ, અખબારની સાથે રેડિયો, ટેલિવિઝન, ચલચિત્ર, વીડિયો-ઓડિયોના માધ્યમોએ જનમનોરંજન અને સંદેશા (સંસ્કાર ઘડતર કે જાહેરાત)ના માધ્યમોના વિકાસને બળ પૂરું પાડ્યું. ત્યારબાદ આધુનિક જગતમાં કમ્પ્યૂટરે તો ક્રાંતિ સર્જી અને તે જ ટૅકનોલૉજીનો ઉપયોગ કરીને ‘e’ જગતનો જન્મ થયો. આ માધ્યમોની સંસ્કૃતિએ એક આખી સંસ્કૃતિ ઊભી કરી જે ‘Media Culture’ તરીકે જણાતું થયું. આ યુગને ‘Information Age’ કે ‘Age of Human Communications’ તરીકે આપણે ઓળખવા લાગ્યાં. 20મી સદીમાં આ જ મીડિયા સંસ્કૃતિની શાખ વધતા તેનું નામાભિધાન Mass Media’ તરીકે થયું.

સમૂહ-માધ્યમ વિશે યશવન્ત શુક્લ યર્થાથ કહે છે કે, ‘સમૂહ-માધ્યમ એટલે વ્યાપક સમૂહ જીવનને ચોક્કસ હેતુ અને અભિગમથી આંદોલિત કરનારી પ્રવૃત્તિ.’(પૃ.78) આ સમૂહ માધ્યમો પર સરકારની સીધી સેન્સરશીપ હોય કે ન હોય; પરંતુ, તેના મૂળભૂત સ્વરૂપને જોતા જ આપણે કહી શકીએ કે અહીં ‘કોમ્યુનિટી સેન્સરશીપ’ સતત કામ કરતી હોય છે. આ વિશે યાસીન દલાલ કહે છે કે, ‘લોકમતના પ્રભાવ અખબાર કે માધ્યમોને અસર કરતો રહેતો હોય છે. જો કે, આ પ્રક્રિયા પરસ્પર છે એક તરફ, માધ્યમો લોકમતને ઘડે છે, તો બીજી તરફ, લોકમત માધ્યમો ઉપર પ્રભાવ પાડે છે. આ ઉપરાંત બીજી સામાજિક પ્રક્રિયાઓ પણ માધ્યમોને પ્રભાવિત કરે છે.’ (પૃ.49) આમ, સમૂહ માધ્યમોમાં સાહિત્યની સફળતા જનસમૂહ જ નક્કી કરી શકે છે.

## સાહિત્ય અને સમૂહ-માધ્યમ:

સમૂહમાધ્યમો અને સાહિત્યને છૂટા પાડીને અલગ અલગ વિચારણા કરવાનું કાર્ય આધુનિક સમયમાં જ શરૂ થયું જણાય છે. પૌરાણિક કે મધ્યકાલીન સમયમાં સાહિત્ય દ્રશ્ય-શ્રાવ્ય કલા તરીકેનું જ સ્થાન પામી હતી. કાવ્ય-ગીતો ગાઈ શકાય તે માટે જ રચાતાં. પદ્યકથા-આખ્યાન-મહાકાવ્યો શ્રોતાઓને સાંભળવા માટે જ રચતાં હતાં. આખ્યાન તો ગાઈ તથા અભિનયસહિત રજૂ પણ થતા, તે પરંપરામાં કાલિદાસ વગેરેનાં નાટકો ભજવવા માટે જ લખાતાં, તો પશ્ચિમમાં સૉફોક્લિસ કે શૅક્સપિયરનાં નાટકો વિશે પણ આ જ વાત કહી શકાય એમ છે. સાહિત્ય માટે વાચિક પરંપરા લેખિત સાહિત્ય કરતા વધુ પ્રભાવક હતી. આ પરંપરાએ જ દ્રશ્ય-શ્રાવ્ય કલા


ISBN: 978-81-944799-0-1

(Performing Arts)ને બળવતર બનાવી. કાવ્યમાં ઘૂંટાતા ભાવ સાથે શ્રોતાઓના ભાવો જોડતાં, લાગણીઓનું સંધાન થતું. કથાકાર ફક્ત ગાતો જ નહિ; પણ, અભિનય કરી જુદા જુદા ભાવોને અનુરૂપ રાગ, છંદ, ઢાળોને ઘોળીને કથા કહેતો, જેનું આસ્વાદન રસાદ્ર બનતું. ધીરે ધીરે સાહિત્ય દ્રશ્ય-શ્રાવ્યથી અલગ પડવા લાગ્યું અને સાહિત્ય વ્યક્તિનિષ્ઠ થવા લાગ્યું. હવે સાહિત્ય ખૂણામાં એકલા બેસીને કરવાના વાંચન પૂરતું સીમિત થવા લાગ્યું. ઓગણીસમી સદીમાં વર્તમાનપત્રો, સામયિકો, સિનેમા, ટેલિવિઝન, રેડિયો વગેરે માધ્યમોનો પ્રસાર થતા દ્રશ્ય-શ્રાવ્ય કલાનો પુન:યુગ આવ્યો.

જાણીતા સમૂહ માધ્યમોની ચર્ચા કરીએ તો, સૌ પ્રથમ મુદ્રણ યંત્રોની શરૂઆત થતા યાંત્રિક સમૂહ-માધ્યમને વેગ મળ્યો. ચોપાનિયા, અખબાર (વર્તમાનપત્રો), સામયિક, જાહેરખબરો વગેરે માધ્યમથી વિશ્વના ખૂણામાં રહેલી કોઈપણ માહિતી, જ્ઞાન કે સાહિત્યને વિશ્વના બીજા છેડે લઈ જવામાં સરળતાની શરૂઆત છે. એકથી વધારે નકલોના કારણે એક જ સાહિત્યનો અનેક લોકો દ્વારા આસ્વાદ શક્ય બન્યો. ઓગણીસમી સદીમાં થયેલાં ટેલિવિઝન અને રેડિયોના ઉદ્દભવ દ્વારા તો દ્રશ્ય-શ્રાવ્ય સીમિત કલાની વિધામાં એકદમ જ ઉબાળ આવ્યો. આ ઉપરાંત બીજી તરફ રંગભૂમિ જેવા દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમે પોતાની કલાને સમૂહ-માધ્યમ દ્વારા નીખારી હતી જેની અસર જો કે થોડા જ લોકો પ્રાપ્ત કરી શકતા. આ રંગભૂમિને પણ રેડિયો અને ટેલિવિઝને નવા પ્રાણ આપ્યાં. પ્રસ્તુતિકરણની આખા યુગમાં હવે કંઈ પણ વ્યક્તિગત ન રહેતા સમષ્ટિગત બન્યું. વર્તમાનપત્રોએ પણ રોજબરોજની ઘટનાઓ અને લેખો દ્વારા શબ્દના માધ્યમથી વિશાળ જનસમૂહને સ્પર્શવાળું લક્ષ્ય બખૂબી નિભાવ્યું; પરંતુ, આ માધ્યમની મર્યાદારૂપે વાંચવાની કુશળતા કે વિશિષ્ટ સજ્જતા તેને દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમની અભિવ્યક્તિની કલાની સ્પર્ધામાં પાછળ પાડ્યું. છતાં નવલકથા કે ટૂંકીવાર્તા જેવા સાહિત્ય સ્વરૂપોને લોકો સુધી પહોંચાડવાનું મહત્ત્વનું કાર્ય અખબારી માધ્યમે કર્યું. ચંદ્રકાન્ત બક્ષી, પ્રિયકાન્ત પરીખ, મહેશ યાજ્ઞિક, અશ્વિન ભટ્ટ, હરકિસન મહેતા જેવા લેખકો આ માધ્યમની જ દેણ છે. રેડિયો એ પણ સમૂહ-માધ્યમ તરીકે પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો. રેડિયો નાટિકા, ઉત્તમ વાર્તા-નવકલથાનું વાંચિકમ મહત્ત્વનું લેખાયું. વીનેશ અંતાણીની સુપ્રસિદ્ધ નવલકથા ‘પ્રિયજન’નું રેડિયો પ્રસારણ એક અભિનવ સફળ પ્રયોગ હતો. તે પછી તો ઘણા સાહિત્યને આ માધ્યમે સાથ આપ્યો. યુવાવાણી જેવા કાર્યક્રમોમાં યુવા કવિઓની રજૂઆત, વાર્તાપઠન, અમૃતધારા અંતર્ગત ચિંતનાત્મક નિબંધો વગેરેની પ્રભાવતા સ્પર્શે છે. હસિત મહેતા સાહિત્યના માધ્યમ તરીકે સાહિત્યિક સામયિકો વિશે કહે છે, ‘સાહિત્યકૃતિ સામાયિક દ્વારા પ્રથમ વાર લોકો સુધી પહોંચે છે, એટલે સાહિત્યનું સામયિક માધ્યમનું પણ માધ્યમ બને છે. વળી સામયિક થતી જે-તે સાહિત્યે ટકવાનું-પ્રસરવાનું પણ છે. આથી અહીં માધ્યમ લેખે સામયિકની ભૂમિકા પણ એટલી જ અસરકારક રહે છે.’ (સાહિત્યિક સામયિકોનું આંતર બાહ્ય-પૃ.28)

દૂરદર્શનને પ્રભાવક સમૂહ-માધ્યમ તરીકેનું સ્થાન મળ્યું. સામાજિક નવલકથાઓમાં પિરસાતી સામગ્રી પ્રજાની રુચિને જગાવનારી બની. રામાયણ, મહાભારત જેવા મહાકાવ્યો; ચાણક્ય, બિરબલ, તેનાલી રામા જેવા જ્ઞાનવર્ધક અને સંસ્કાર ઘડતરના ઐતિહાસિક કાર્યક્રમોને પ્રજાના મનોરંજન સાથે જ્ઞાન વહેંચવાનું દુર્લભ કાર્ય સરળતાથી કર્યું. ગોવર્ધનરામની નવલકથા ‘સરસ્વતીચંદ્ર’ અને રજનીકુમાર પંડયાની ‘કુંતી’ નવલકથા


ISBN: 978-81-944799-0-1

ધારાવહી રૂપે અવતરી. 'દેવદાસ, 'કંકુ', 'માનવીની ભવાઈ', 'પૃથિવીવલ્લભ' પરથી ફિલ્મો બની. આથી, કહી શકાય કે સમૂહમાધ્યમોએ શ્રેષ્ઠ સાહિત્યકૃતિઓને અવતરવાની અને અભિવ્યક્તિની અનોખી મોકળાશ આપી. જેમ માણસને સાહિત્યકલા વગર ચાલ્યું નથી અને ચાલવાનું પણ નથી તેવી જ રીતે સમૂહ-માધ્યમને પણ સાહિત્ય વગર ચાલવાનું નથી.

20મી અને 21મી સદીમાં સમૂહ માધ્યમે પોતાની દિશા અને માધ્યમ પણ બદલ્યું, એમ કહો કે માધ્યમનું ઉમેરણ કર્યું. 'ઇ' યુગના કારણે કોમ્પ્યૂટરના સાધન દ્વારા ઇન્ટરનેટના માધ્યમે 'e-book', 'e-Newspaper', 'e-Library', 'e-mail' વગેરે આવ્યાં. જેના દ્વારા એક સ્થાનનું સાહિત્ય સરળતાથી બીજા વ્યક્તિ પાસે સેંકડોમાં પહોંચતું થયું. એક જ સાહિત્યકૃતિના હજારો-લાખો વ્યૂઅર્સ થવા લાગ્યાં. સાહિત્યની બોલબાલા વધતી ગઈ. આ માધ્યમને હજુ વધુ વિસ્તૃતિકરણ 21મી સદીમાં 'સોશિયલ મીડિયા'ના પ્લેટફોર્મએ આપ્યું. હવે ફેસબુક, ટ્વીટર, ઇન્સ્ટાગ્રામ, હાઇક, વોટસઅપ, ટેલીગ્રામ દ્વારા આપણા પ્રશિષ્ટ સાહિત્યનો વ્યાપ વધ્યો, તો બીજી તરફ નવા સર્જકોને પોતાની સર્જકતાને ખૂબ મોટા જનસમૂહ સુધી પહોંચવાની તક મળી. આજે આધુનિક-ઝડપી યુગમાં જનસમૂહની પણ પસંદગી બદલાય છે. પહેલાંના સમયમાં ઘર મનોરંજન માટે લોકો નવલકથા-નાટકનો ઉપભોગ કરતા; પરંતુ, આ ઝડપી યુગમાં સમયની અછત સંદર્ભે ટૂંકમાં ઘણું કહી દે તેવા સાહિત્યની બોલબાલા વધી. ટૂંકી કવિતા, ટૂંકીવાર્તા, લઘુકથા જેવાં લઘુ માધ્યમોનો વ્યાપ વધતો જાય છે. આ તો થઈ લેખિત કે વાંચિક સાહિત્યને જનસમૂહ સુધી પહોંચાડવાની વાત. હવેના યુગમાં ટેલિવિઝન અને રેડિયોથી પણ આગળ નીકળી Youtubeની ચેનલમાં 'Short film', 'Web series', 'fication', 'Lecture Series' જેવાં સ્વરૂપોએ હલચલ મચાવી છે. વ્યક્તિ પોતાને અનુકૂળ સમયે અને સ્થળે આ મનોરંજન માણી શકે છે. તેના માટે ન તો થિયેટરમાં જવાની જરૂર કે ઘરમાં નિયત સમયે ટેલિવિઝન કે રેડિયો સામે બેસવાની જરૂર. મોબાઈલ ટૅકનોલૉજીની આ ક્રાંતિએ સાહિત્યનો વ્યાપ અને સીમાઓને અગાધ બનાવી દીધી છે. છતાં આ દરેક માધ્યમની સેન્સરશીપ તો જનસમૂહ પાસે હોવાથી પીરસતા સાહિત્યની ગુણવત્તા બાબતનો વિકરાળ પ્રશ્ન તો મોં ફાડીને ઉભો જ છે. આ ઉપરાંત આ બધાં માધ્યમોમાં પીરસાતા સાહિત્યની ભાષા સંદર્ભે પણ શુદ્ધતા અને યોગ્યતાના પ્રશ્નો ઘણા છે. જોકે પ્રત્યાયનની ભાષા બની આ માધ્યમોએ પોતાનું કાર્ય બખૂબી કર્યું હોવાનું ચોક્કસ અનુભવાય છે.

સામૂહિક રીતે અનેક વ્યક્તિઓ તેની સાથે સંકળાયા અને સાહિત્ય વ્યક્તિનિષ્ઠ મટી સામૂહિક માધ્યમે પ્રસ્તુત થતું ગયું. આ સમૂહ-માધ્યમ દ્વારા ભાગવતના પ્રવચનો, લોકઉત્સવો, શૈક્ષણિક-વ્યવસાયિક-સર્જનાત્મક કે કલાવિષયક પ્રદર્શનો અને સાહિત્ય, નાટક-સિનેમા કવિસંમેલનોને પ્લેટફોર્મ અને ઓળખ મળી રહે છે. લોકભોગ્ય સાહિત્યની સમૂહમાધ્યમો દ્વારા પ્રસ્તુતિથી તે લોકજીવનને કે સમૂહજીવનને સ્પર્શનારા, માહિતી આપનારા, સમજ વધારનારા તથા તેમની ભાવસૃષ્ટિને સંકુચિત બનાવનાર કે વિસ્તૃત કરનાર બની રહે છે. આ સંદર્ભે કેતન મહેતા વિરોધાભાસી સ્થિતિને દર્શાવતા કહે છે કે, 'વ્યક્તિકેન્દ્રી સાહિત્યને સમષ્ટિકેન્દ્રી બનવા જતાં, પ્રેમચંદ કે મન્ટો જેવા પ્રથમ શ્રેણીના સાહિત્યકારો પણ સિનેમા માટે લખવા ગયા. એમણે લખ્યું પણ ખરું, તોય એ અજાણી ભૂમિમાં સ્થિર ન થઈ શક્યા.'(પૃ.69)


ISBN: 978-81-944799-0-1

અહીં એક બાબત ખાસ નોંધવી રહી કે, પુસ્તકનું વાંચન કરનાર ભાવક પોતાના અનુભવ અને કલ્પનાશક્તિથી દ્રશ્ય નિહાળે છે. લેખક કે સર્જકના શબ્દની તાકાતથી ભાવકની મનોભૂમિ પર દ્રશ્ય તાદ્રશ્ય થાય છે, શબ્દચિત્ર ઉપસે છે જેના ઉદાહરણ સ્વરૂપે પ્રેમંચદ, મેઘાણી, પન્નાલાલ પટેલના સર્જનને લઈ શકાય. જ્યારે હાલમાં ટેલિવિઝન કે સોશ્યિલ મીડિયાના માધ્યમને ભાવકના માનસપટ પર ચિત્ર ઉપસાવવાનો મોકો ઓછો મળતો જાય છે.

## સમીક્ષાત્મક તથ્યો:

- સમૂહમાધ્યમોના સંચાલન પાછળ વિશાળતમ પ્રજાનું મનોરંજન, શિક્ષણ, સંસ્કારવર્ધનનું પરિબળ કામ કરતું હોવા છતાં આ ક્ષેત્ર સાથે ખાનગી કે સ્વતંત્ર સંસ્થાઓ સાથે સંકળાયેલા હોવાથી રોજિંદા વપરાશી ઉત્પાદનોની જેમ, સંસ્કાર-કલા-સાહિત્યક્ષેત્રે સસ્તા અને સર્વભોગ્ય હોય તેવા સાહિત્યની બોલબાલા રહેવાની જે સમૂહમાધ્યમોની એક મર્યાદા તરીકે આલેખી શકાય. અહીં સ્વાભાવિક રીતે જ ઉછેર, શિક્ષણ, ઉંમર, સંસ્કારસિંચન કે કલારસો વગેરેના ભેદો વિના જ સર્વભોગ્ય સામગ્રી તૈયાર કરવાનો ઉદ્દેશ મુખ્ય બની જાય છે. તદ્દન એવું પણ નથી કે હરીફાઈના યુગમાં આ માધ્યમો સંસ્કારનું પોષણ, સંવર્ધન, તંદુરસ્ત પ્રણાલીઓ અને વલણો લઈને પણ રચનાત્મકતા દર્શાવી જ શકે છે. આજના યુગમાં 'મ્હોતુ' જેવી વાસ્તવદર્શી વાર્તા કે 'તત્ત્વમસિ' જેવી ઘડતર કરનારી, દેશની સંસ્કૃતિનું સંવર્ધન કરનારી નવલકથાઓ ઉપર અનુક્રમે 'શોર્ટ ફિલ્મ' કે 'રેવા' જેવું ચલચિત્ર મનોરંજન સાથે વિધેયક આદર્શો અને આશાવાદી માંગલ્યપૂર્ણ સંદેશાઓ રજૂ કરે જ છે.
- સમૂહમાધ્યમોમાં અભિપ્રાયો, માન્યતાઓ, પ્રેક્ષક કે ભાવકની લાગણીઓ જ સ્વાભાવિક રીતે ઉત્પાદકોનું બજાર ઊભું કરે છે. સમૂહમાધ્યમો મોટેભાગે દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમો દ્વારા પિરસાતું સાહિત્ય પોતાના આસ્વાદકોના એક વર્ગને આકર્ષતું હોવું જોઈએ, એટલે કે તેનું લોકભોગ્ય હોવું પ્રથમ શરત બને છે.
- સમૂહ-માધ્યમનો ઉપયોગ કરી બહોળા જનસમૂહ સુધી પહોંચતું સાહિત્ય એકંદરે ભાવકની સ્વ-અનુભૂતિની સાથે સંબંધ પ્રસ્થાપિત કરતું હોય તો જ તે સાહિત્ય ટકી શકે. માનવીની સાહજિક નિજી સંતૃપ્તિ આ સાહિત્યના પ્રચાર-પ્રસાર માટે ઘણું ઉપયોગી થઈ શકે.
- સમૂહ-માધ્યમોને પીરસવા માટે સાહિત્યકાર-સર્જક સંપાદક તો જોઈએ; કારણ કે, સમૂહ-માધ્યમ સાધનમાત્ર છે. જ્યારે સાહિત્યનું સર્જન કરનાર, મનોરંજક કલાનો ઉદગાતા તેનો ખરું સંચાલકબળ છે; પરંતુ, સાહિત્ય ચિરંજીવી કે લોકપ્રિય બનશે કે નહીં તે ભાવક-પ્રેક્ષક નક્કી કરતો હોય છે.
- સમૂહ-માધ્યમો દ્વારા મળતી કલાની પ્રસ્તુતતા અને યોગ્યતા પર હરહંમેશ સવાલો થતા રહેવાના; કારણ કે સમૂહ-માધ્યમોની ચકાચૌંધમાં તે દર્શનને અને તેની ઝંખનાને દૂર કરી દે છે જેને સાધન તો મળે પણ સિદ્ધિનું કોઈ માપદંડ જળવાતું નથી.
- ભોગીલાલ ગાંધીના 'સમૂહ-માધ્યમ' (Mass Media) પરના લેખમાં તેઓ સાચું જ કહે છે કે, 'એક કવિએ આ સમૂહ-માધ્યમ દ્વારા પીરસાતા સાહિત્યને 'Instant Literature' તરીકે અત્યંત સુયોગ્ય રીતે


ISBN: 978-81-944799-0-1

ઓળખાવ્યું છે. તત્કાલ, વિના પ્રયાસે સમજાઈ જઈને સૌને ગળે ઉતરી જાય એવા સર્વભૌગ્યે શબ્દો, કથાવસ્તુ, પાત્રો, વિચારો, વલણો અને અનુભૂતિઓવાળું સાહિત્ય !' (પૃ.87)

- ભાષા સંદર્ભે મુદ્રિત સાહિત્યના પ્રમાણમાં અખબારોની ભાષા ઉતરતી અને કામચલાઉ અનુભવાય; પરંતુ, આજના ઇન્ટરનેટ યુગમાં સોશિયલ મીડિયાના માધ્યમે લખાતું-વંચાતું-પીરસાતું જે સાહિત્ય છે તેની ભાષા સંદર્ભે ચોક્કસ કશું પણ કહી શકાય નહીં. ભાષાના જાણકાર દ્વારા મૂકાયેલી પોસ્ટ ચોક્કસ ભાષા સંદર્ભે ધ્યાનાર્હ બને; પરંતુ, તે લોકભોગ્ય બને કે કેમ તે પ્રશ્ન. જ્યારે બીજી તરફ અનુભવજન્ય કે કાલ્પનિક સાહિત્ય સર્જકો દ્વારા મૂકાઈ અને લોકભોગ્ય બન્યાં પછી તેમની ભાષા સંદર્ભે ઘણા નિરાશાજનક પરિણામો સામે આવી શકે છે. આ સાથે સાહિત્યમાં લખાતી શિષ્ટ ભાષા દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમે બોલચાલની અને જનસમૂહને સરળતાથી ગળે ઉતરે કે સમજાય એવી હોવી સમૂહ-માધ્યમના પક્ષે તો અનિવાર્ય છે.

## ઉપસંહાર:

હવે જ્યારે સાહિત્ય અને સમૂહ-માધ્યમ – દ્રશ્ય-શ્રાવ્યકલા બધા માધ્યમો અને કલા એકબીજામાં ઓતપ્રોત થઈ ગયાં છે ત્યારે પરિસ્થિતિ સર્જક માટે પણ બદલાઈ છે. આજના સામૂહિક માધ્યમોના વિકાસમાં ટૅકનિક અને ટૅકનોલૉજીનું જ્ઞાન મેળવવું, જાણકારી પ્રાપ્ત કરવી અને તેના વિનિયોગ તરફ લક્ષ્ય કેન્દ્રિત કરી સાહિત્યની પ્રસ્તુતિ કરવી યોગ્ય ગણાય. બંનેનો સમન્વય જ જનસમૂહ સુધી સાહિત્યને પહોંચાડવા સક્ષમ છે.

## સંદર્ભ સૂચિ:


- **ગ્રંથ:**
  1. સાહિત્ય અને સમૂહ-માધ્યમો - પ્રીતિ શાહ
  2. કૅમેરાની આંખે સાહિત્ય - દૃષ્ટિ પટેલ
  3. સાહિત્ય - વિનોબા
  4. સાહિત્યિક સામયિકો -સંપા. હસિત મહેતા
- **સામયિક:**
  1. સમૂહ-માધ્યમ (Mass-Media) - ભોગીલાલ ગાંધી
     (પરબ : જાન્યુઆરી વર્ષ ૧૯૬૫, પૃ. ૮૦ થી ૯૦)
  2. સાહિત્યને સમૂહમાધ્યમ કહી શકાય ? - યશવન્ત શુક્લા
     (બુદ્ધિપ્રકાશ : જાન્યુઆરી વર્ષ ૧૯૭૮ પૃ. ૩૬ થી ૩૭)
  3. સમૂહમાધ્યમ અને સાહિત્ય - કેતન મહેતા
     (પરબ : એપ્રિલ-મે વર્ષ ૧૯૮૫ પૃ. ૬૮ થી ૬૯)
  4. વિકાસશીલ દેશોમાં સમૂહ માધ્યમોની ભૂમિકા – ડૉ. યાસીન દલાલ
     (શબ્દસૃષ્ટિ : સપ્ટેમ્બર વર્ષ ૧૯૮૮ પૃ. ૪૭ થી ૫૯)
  5. સમૂહ માધ્યમો, ભાષા અને સાહિત્ય - કુલીનચંદ્ર યાજ્ઞિક



ISBN: 978-81-944799-0-1

(પરબ : જૂન ૧૯૯૮ પૃ. ૨૨ થી ૨૮)

6. સાહિત્યકૃતિ પરથી બનેલી ગુજરાતી ફિલ્મો - કાર્તિકેય ભટ્ટ

(અધીત બેતાળીસ, પૃ. ૬૦ થી ૬૭)



ISBN: 978-81-944799-0-1

# "સાહિત્ય અને ફિલ્મ :એક અવિનાભાવી સંબંધ"

Dr. Satish T. Chauhan, Associate Professor, P.R.B. Arts & P.G.R. Comm. College, Bardoli

**ABSTRACT**

**સાહિત્ય અને સિનેમા : એક અવિનાભાવી સંબંધ**

વર્તમાન સમયમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીનાં વિકાસ સાથે મુદ્રણ અને વિજાણુ માધ્યમોએ સમૂહ પ્રત્યાયનને વેગવાન બનાવવામાં મહત્વનો ફાળો આપ્યો છે. ઇ.સ. ૧૪૫૬માં પ્રિન્ટીંગ પ્રેસની શરૂઆત થયા બાદ ૧૯મી સદીમાં ટેલિગ્રાફ, ટેલિફોન, રેડિયો, સિનેમા વગેરેનો ઉદભવ થયો. ત્યારબાદ વીસમી સદીમાં ફિલ્મ, ટેલિવિઝન અને ઇન્ટરનેટ વગેરેનો જાદુ છવાયો. આજે ૨૧મી સદીનાં જ્ઞાન-માહિતી વિસ્ફોટ યુગમાં હાઈટેક સમાજનો જન્મ થયો છે એમ કહી શકાય. ૧૯મી સદીનાં પ્રારંભે યુરોપ અને ધીમે ધીમે સમગ્ર વિશ્વમાં ઔદ્યોગિક ક્રાંતિ, વિજ્ઞાન અને ટેક્નોલોજીનો વિકાસ, શહેરીકરણ, વૈશ્વીકરણ, આધુનિકીકરણ થકી સમગ્ર માનવ સમાજનું ચિત્ર જ સમૂળગુ બદલાઈ જવા લાગ્યું હતું. ૧૫મી સદીમાં ગુટનબર્ગે કરેલી મુદ્રણની શરૂઆત બાદ છાપખાનાની શોધ થવાની સાથોસાથ તાર-ટપાલ, ટેલિફોન, રેડિયો, અવાક-સવાક ફિલ્મો, ટી.વી. અને અંતે ઇન્ટરનેટે માનવીનાં ઘરઆંગણે સમગ્ર દુનિયાને ખડી કરી દીધી. માનવજીવનનાં વિવિધ ક્ષેત્રો પર નાટક, અખબાર, રેડિયો, ટી.વી., ફિલ્મ જેવા સમૂહ માધ્યમોનો સર્વાધિક પ્રભાવ પડવા લાગ્યો. સમૂહમાધ્યમો થકી માનવી ખરા અર્થમાં વિશ્વમાનવ બન્યો.

વેબસ્ટર ડિક્શનરી મુજબ, "માધ્યમ એટ કશુંક જે મધ્યસ્થી કરે અથવા પ્રત્યાયનનું સાધન જે સામાન્ય પ્રજા સુધી પહોંચે તે." ભગવદ ગો મંડળ મુજબ "માધ્યમ એટલે સંચાર કે વિનિમય માટે વચ્ચે વાપરવાનું સાધન કે વાહન" એવો અર્થ તારવી શકાય. ટૂંકમાં, "પરસ્પર વ્યવહારનું સાધન એટ્લે માધ્યમ". કાળક્રમે માધ્યમનો સમૂહ પ્રત્યાયન માટે વપરાતું સાધન એવો અર્થ પ્રચલિત બન્યો. હિન્દી વિશ્વકોશ ભાગ-૧૨માં આપેલી 'જનસંચાર'ની વ્યાખ્યા અનુસાર, "તાલીમી વિશેષજ્ઞો દ્વારા એક વિશાળ ભૂમિખંડમાં ફેલાયેલા, વિસ્તૃત જનસમૂહને માહિતીનું પ્રત્યાયન કરવાની ક્રિયાને સમૂહ પ્રત્યાયન કહેવામાં આવે છે. તેને જટિલ, સંગઠિત તેમજ પ્રૌદ્યોગિક સાધનો જેવા કે ટેલિવિઝન, રેડિયો, ચલચિત્ર, અખબારો, પુસ્તકો વગેરે લોકમાધ્યમો દ્વારા સંપન્ન કરવામાં આવે છે." ગુજરાતી વિશ્વકોશ મુજબ "સમૂહ માધ્યમો એટ્લે વિશાળ સમુદાય સુધી જ્ઞાન, માહિતી કે મનોરંજનનું પ્રત્યાયન કરતાં સાધનો". વાસુદેવ મહેતાનાં મતે, "સમૂહ માધ્યમ ટેલિફોન, તાર કે ટપાલનાં જેવું વ્યક્તિગત સંદેશનું સાધન નથી પણ સમૂહનાં ચિત્તને પકડતું માધ્યમ છે." ટૂંકમાં, સમૂહ પ્રત્યાયનનાં સાધનો એટલે સમૂહ માધ્યમો.

હવે આપણે માનવીને મળેલ અણમોલ વિરાસત સમા સાહિત્ય અને વિજ્ઞાન અને ટેક્નોલોજીનું ફરજંદ ફિલ્મની સમૂહ માધ્યમ તરીકે વિગતવાર ચર્ચા કરતાં પહેલાં સાહિત્ય એટલે શું? અને ફિલ્મ એટલે શું? એ સમજી


ISBN: 978-81-944799-0-1

લઈએ. क्षणे क्षणे यन्नवता मुपैति तदेव रूपं रमणीतायाः| જમાને જમાને, કવિએ કવિએ, કૃતિએ કૃતિએ નિરનિરાળાં રૂપો ધારણ કરતી આવતી કવિતા (સાહિત્ય)ને કોઈ વ્યાખ્યાના ચોક્ઠામાં બાંધી દેવી સરળ નથી. ‘साहित्य संगीत कला विहीन: साक्षात पशु पुच्छविषाणहीन:|’ સંસ્કૃતાચાર્ય ભર્તૃહરિની સાથોસાથ ભામહ સાહિત્યની વ્યાખ્યા આપતાં જણાવે છે કે, ‘शब्दार्थौ सहितौ काव्यम| તો આચાર્ય મમ્મટે तददोषौ, शब्दार्थौ, सगुणावनलंकृति पुन: क्वापि| એવી વ્યાખ્યા આપી છે. અંગ્રેજ સાહિત્યકાર પ્રો. એબરક્રોમ્બીનાં મતે, “Literature is an art in which expression is sought through language.” તો મેથ્યુ આર્નોલ્ડના મતે “Literature is a criticism of life.” આમ, સાહિત્ય  શબ્દ મૂળ સંસ્કૃત શબ્દ પરથી ઉતરી આવ્યો છે. सहित्यस्य भावम इति साहित्यम| ટૂંકમાં, શબ્દ અને અર્થનું સહિતત્વ એટ્લે સાહિત્ય. સંસ્કૃતમાં સાહિત્ય માટે ‘કાવ્ય’ શબ્દ પ્રયોજાયો છે.

વેબસ્ટર ડિકશનરી મુજબ, સાહિત્ય એટલે, સ્થાયી મૂલ્યનું, ઉત્કૃષ્ટ સ્વરૂપનું અને મહાન ભાવાત્મક પ્રભાવશાળી લખાણ.” એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકા મુજબ સાહિત્ય એટલે, “સર્વોત્તમ વિચારની સર્વોત્તમ લિપિબધ્ધ અભિવ્યક્તિ”. સાહિત્યમાં ઊર્મિ, વિચાર અને કલ્પનાનો ત્રિવેણીસંગમ રચાય છે. સાહિત્ય માનવજીવનની આત્મકથાની સાથોસાથ સમાજનું દર્પણ પણ છે. ટૂંકમાં સાહિત્ય એટલે વાણીની, ભાષાની અભિવ્યક્તિ સાધવાની કલા.

સાહિત્યની વિભાવના બાદ ફિલ્મ એટલે શું? એ તરફ દ્રષ્ટિપાત કરીએ તો, ફિલ્મ એ લોકશિક્ષણનું પ્રબળ માધ્યમ છે. મનોરંજનનું એકમાત્ર સસ્તું, સરળ સાધન હોવાને નાતે ફિલ્મ એક અત્યંત સબળ સમૂહ માધ્યમ (Mass Media) બની રહે છે. ફિલ્મ એ સમૂહભોગ્ય કલા છે. ફિલ્મ એ વીસમી સદીની કલા (Art of 20th Century) તરીકે ઓળખાય છે અને તેનો પ્રેક્ષકવર્ગ અતિ વિશાળ છે. Cinema is everything. Literature, sculputure, music, painting, everything. સર્ગેઈ આઇઝેનસ્ટાઇનના મતે, “સિનેમા એ ખરેખર તો સહોપસ્થિતિની કલા છે.” (Cinema is a above all an art of juxtaposition). સત્યજિત રાયનાં મતે, A film is a picture, a film is words, a film is movement, a film is drama, a film is music, a film is a story, a film is a thousand expressive and visual details. ફિલ્મની દુનિયા એ સ્વપ્નોની દુનિયા છે. વાસ્તવિક જીવનમાં ન જોવા મળતુ વિવિધ પ્રકારનું મનોરંજન ફિલ્મનાં મધ્યમથી જોવા-માણવા મળે છે. ફિલ્મ એ દિગ્દર્શકની કલ્પનાનું પરિણામ માત્ર છે. ફિલ્મ નિર્માણમાં ચિત્રકલા, ફોટોગ્રાફી, સંગીત, નૃત્ય, સ્થાપત્ય, લોકસાહિત્ય જેવી Performing Arts & Fine Artsની કલાઓનો ઉપયોગ થતો આવ્યો છે. આથી કહી શકાય કે, “ફિલ્મ લલિતકળાઓનું કોલાજ છે. – સંગમતીર્થ પણ છે.” જીવનનાં અનેક રહસ્યોને અનોખી રીતે ઉજાગર કરતી ફિલ્મ (સિનેમા) હવે વિશ્વબજારમાં કેન્દ્રસ્થાને છે. ફિલ્મ અભિવ્યક્તિની પણ કળા છે. કવિતા, વાર્તા, નવલકથા, આત્મકથા, સંસ્મરણો, રેખાચિત્રો, ડાયરી જેવા સાહિત્યનાં વિવિધ સ્વરૂપોનો ઉપયોગ ફિલ્મે કર્યો છે.

“કલ્પના અને વાસ્તવનો સુમેળ સાધતું સામાન્ય વ્યક્તિ માટે મનોરંજન માણવાનું સૌથી પ્રભાવક વીજાણુ સમૂહ માધ્યમ ફિલ્મ છે.” આબાલવૃદ્ધને આનંદ પમાડવાની સાથોસાથ સંદેશ આપવાનું કામ પણ ફિલ્મોએ કર્યું છે. ૨૧મી સદીનાં એક આગવા કલા પ્રકાર તરીકે ફિલ્મે મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ગુજરાતી


ISBN: 978-81-944799-0-1

વિશ્વકોશ મુજબ, "ચલચિત્ર એટલે લોકરંજન અને લોકશિક્ષણને લગતું કચકડામાં મઢાતું દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમ," પ્રીતિ શાહનાં મતે, "આજે ચલચિત્ર સર્જનાત્મક અભિવ્યક્તિના કોઈપણ સ્વરૂપ જેટલું જ આદરપાત્ર સ્થાન ધરાવે છે. એમાં સતત શોધાતી રહેતી નવી યાંત્રિક સામગ્રી અને યુક્તિ-પ્રયુક્તિને કારણે ચલચિત્ર એ પ્રબળ સર્જનાત્મક અભિવ્યક્તિનું માધ્યમ પણ બન્યું છે." દ્રષ્ટિ પટેલનાં મતે, "થિયેટરમાં બેસી, દ્રશ્ય અને ધ્વનિથી સર્જાતી ભ્રામિક છતાં વાસ્તવિકતાના આધાર પર કંડારાયેલી, નિશ્ચિત સમયગાળા દરમ્યાન પોતાનામાં એકાકાર કરી દેતી, સ્થળ-સમયનું ભાન ભૂલાવી દેતી સિનેસૃષ્ટિ નિ:શંક પ્રત્યાયનનું અત્યંત શક્તિશાળી માધ્યમ છે". ફિલ્મ ઇતિહાસકાર સ્કોટ ઈમેન લખે છે કે, "કેટલાંક માટે ફિલ્મ કલા, વિજ્ઞાન અને શાળા શિક્ષણ એમ એકમાં અનેક છે." ફિલ્મ એ આધુનિક ટેક્નોલોજીથી સજ્જ પ્રબળ સમૂહ માધ્યમ છે. ફિલ્મનુ માધ્યમ અતિ વિશાળ છે જે વિવિધ કળાઓને પોતાનામાં સમાવી લે છે. Film holds a special position among the arts. It can include all of than literature, poetry, drama........ older arts.

"સિનેમા વિજ્ઞાન અને ટેક્નોલોજીનું સંતાન છે. જેનો ઉછેર સરસ્વતીનાં કૃપાપાત્ર એવા ફિલ્મ સર્જકો દ્વારા થયો છે. સિનેમા કોઈ એક વ્યક્તિની શોધ નથી. સિનેમા તો અનેક વ્યક્તિઓનાં અનેક પ્રયત્નોનું ફળ છે." આજે વિજ્ઞાન અને તથા ટેક્નોલોજીએ સિનેમાનો દેહ ઘડ્યો છે તથા ફિલ્મ સર્જકોએ પોતાની કલ્પનાશક્તિ થકી તેમાં પ્રાણ પૂર્યા છે. ઝવેરચંદ મેઘાણી ફિલ્મનાં માધ્યમની વિશેષતા વર્ણવતાં જણાવે છે કે, "ચિત્રપટની કલા તો એના હરકોઈ પાત્રની એકાદ મુખમુદ્રા ઉપર, એકાદ અંગમરોડની અંદર, એકાદ નયનપાતમાં, એકસામટા કૈંક મનોભાવો મૂકી આપે છે. વાર્તાલેખકને એ એક જ પલકારનું સવિસ્તર પૃથક્કરણ કરવું પડે છે. રેડિયો, ફિલ્મ અને ટેલિવિઝન આધુનિક યુગનાં પ્રચાર શાસ્ત્રો તરીકે કામિયાબ રહ્યા છે, સાથે જ સાહિત્યમાં માધ્યમ તરીકે પણ તેનો અસરકારક ઉપયોગ થતો આવ્યો છે. ફિલ્મનો પહેલવહેલો ઉપયોગ Louis Daguerre દ્વારા થયો હતો. થોમસ આલવા એડિસનના કેમેરામેન એડવિન પોર્ટરે એનાં સંસ્કરણો કરીને, 'ગ્રેટ ટ્રેન રોબરી' નામની ફિલ્મ બનાવી હતી ત્યારથી ફિલ્મયુગનો આરંભ થયાનું મનાય છે. ૨૮ ડિસેમ્બર ૧૮૯૫નાં રોજ પેરિસનાં ગ્રાન્ડ કાફેમાં લુમિયેર બંધુઓએ વિશ્વની સૌપ્રથમ ફિલ્મ દર્શાવી. એનાં બીજા જ વર્ષે ૭ જુલાઇ, ૧૮૯૬નાં રોજ ભારતમાં મુંબઈમાં કાલાઘોડા પાસે આવેલી વોટસન હોટલમાં ફિલ્મના પ્રથમ શોનું આયોજન થયું હતું. ૧૮ મે, ૧૯૧૨નાં રોજ રજૂ થયેલી વિદેશી ફિલ્મની પૂરક ફિલ્મ 'પુંડલિક' ભારતની પ્રથમ કથાત્મક ફિલ્મ ગણાય છે. ત્યારબાદ ૩ મે, ૧૯૧૩માં ધૂંડીરાજ ગોવિંદ ફાળકેએ બનાવેલી 'રાજા હરિશ્ચંદ્ર' ભારતની સર્વપ્રથમ કથાત્મક ફિલ્મ બની. આ ફિલ્મથી ભારતમાં સાચા અર્થમાં ભારતીય સિનેમાનો આરંભ થયો અને જ્યારે દાદાસાહેબ ફાળકે ભારતીય ફિલ્મજગતના પિતા તરીકે પ્રસ્થાપિત થયા. ૧૪મી માર્ચ, ૧૯૩૧નાં રોજ મેજેસ્ટિક સિનેમામાં રજૂ થયેલી અરદેશર ઈરાની નિર્મિત 'આલમઆરા' ફિલ્મ ભારતની સૌપ્રથમ સવાક ફિલ્મ બની. જ્યારે ગુજરાતી ચિત્રપટ-બોલપટનો ઉદય સાગર મુવીટોનનાં દિગ્દર્શક નાનુભાઈ વકીલ રચિત ૯ એપ્રિલ, ૧૯૩૨નાં રોજ પ્રદર્શિત થયેલી 'નરસિંહ મહેતા' નામક ફિલ્મથી થયો હતો એમ મનાય છે. દર વર્ષે ભારતમાં લગભગ ૧,000 જેટલી ફિલ્મો


ISBN: 978-81-944799-0-1

બનતી હોય છે. એમાંથી ૬૦૦ જેટલી ફિલ્મો દક્ષિણ ભારતની ચાર ભાષાઓ તમિળ, તેલુગુ, કન્નડ અને મલયાલમ ભાષામાં પ્રતિવર્ષ બનતી હોય છે.

ભારતમાં ૧૯૧૩થી શરૂ થયેલી મૂંગી ફિલ્મોનાં દોર બાદ કાલાનુક્રમે તેમાં ફેરફાર થતાં મનોરંજનનું સાધન બનતી ગઈ. ડો. રામમનોહર મજાકમાં કહેતા કે, “ભારતીય એકતાનું એક પ્રતીક ફિલ્મ છે. દેશનાં કોઈપણ ખૂણે જાઓ, હિન્દી ફિલ્મ જોવા મળવાની જ. ફિલ્મ થકી પરંપરાગત સમૂહ માધ્યમોના અસ્તિત્વ પર થોડો ખતરો ઊભો થયો છે. ફિલ્મ એ અત્યંત શક્તિશાળી સમૂહ માધ્યમ છે, તેનો વ્યાપ ઘણો વિશાળ છે. આજે સિનેમા (ફિલ્મ) એ જે નવી સંસ્કૃતિ સર્જી એને સમૂહ સંસ્કૃતિ (Mass Culture) તરીકે પણ ઓળખી શકાય. આમ ફિલ્મોએ માનવીની જીવનદ્રષ્ટિ કેળવવામાં અને જીવનમૂલ્યોનાં ઘડતરમાં વત્તેઓછે અંશે ફાળો આપ્યો છે. અંતે, જોઈએ તો દરેક વ્યક્તિ પોતાની અવનવી વાતોને અન્ય વ્યક્તિ સુધી પહોંચાડવા મથતો હોય છે. આ માનવસહજ પ્રક્રિયામાંથી જે મથામણ અને પુરુષાર્થ પાંગર્યો તેમાંથી એક તરફ સાહિત્ય સર્જાયું તો બીજી તરફ સમૂહ માધ્યમોએ આકાર લેવા માંડ્યો. રેડિયો, ટેલિવિઝન, ફિલ્મ, પત્રકારત્વ જેવા સમૂહ માધ્યમો Mass Mediaનો વિકાસ વિજ્ઞાન અને ટેક્નોલોજીનાં આધારે થવા લાગ્યો.

સાહિત્ય અને ફિલ્મ એટલે શું? એની વિભાવનાની સ્પષ્ટતા કર્યા બાદ આપણે આ બંને કલાઓ વચ્ચે રહેલા અવિનાભાવિ સંબંધની ચર્ચા કરીશું. પુસ્તક એ સમૂહ પ્રત્યાયનનું સૌથી જૂનું માધ્યમ છે તો ફિલ્મ એ પ્રત્યાયનનું આધુનિક ટેક્નોલોજીથી સજ્જ માધ્યમ છે. સાહિત્ય અને ફિલ્મ આમ આદમીને માહિતી અને આનંદ આપવાની સાથોસાથ જીવનમૂલ્યો તરફ પણ દિશાનિર્દેશ કરે છે. સાહિત્ય અને ફિલ્મ બંને સ્વતંત્ર કલાપ્રકારો છે. સામાન્ય જનસમાજમાં સાહિત્ય કરતાં ફિલ્મની અસર વધુ જોવા મળે છે. સાહિત્ય સીમિત વર્ગ સુધી જ પહોંચ્યું છે જ્યારે ફિલ્મને અઢળક પ્રેક્ષક વર્ગ મળ્યો છે. સાહિત્ય અને ફિલ્મ બંને એક સર્જન પ્રક્રિયા છે, પણ બંનેની લોકો સુધી પહોંચવાની દિશા અલગ અલગ છે. સાહિત્ય અને ફિલ્મ વચ્ચેનો ઘનિષ્ઠ સંબંધ તેનાં ઉગમકાળથી જ ચાલ્યો આવે છે. ફિલ્મ એ સર્વકલાઓનું સમન્વય સ્વરૂપ છે અને તેનો સૌથી વિશેષ સંબંધ સાહિત્ય સાથે રહ્યો છે. ગિરીશ કાસરવેલ્લી જણાવે છે કે, “The Cinema was quite simply considered mere extension of literature.” સાહિત્યમાં લખાયેલા શબ્દની અવેજીમાં ફિલ્મમાં કેમેરાને મૂકવામાં આવે છે એટલે કે દ્રશ્ય ઘડવાનું કાર્ય સાહિત્યના માધ્યમમાં શબ્દ કરે છે એ જ દ્રશ્ય ઘડવાની પ્રક્રિયા ફિલ્મમાં કેમેરા દ્વારા થાય છે. આમ, બંને વચ્ચેનો સંબંધ સામસામેના છેડાનો નહીં પણ પૂરક અને પ્રોત્સાહક રહ્યો છે. સાહિત્યકલા એ વ્યક્તિગત સર્જન છે જ્યારે ફિલ્મકલા સામૂહિક સર્જન છે, સાથે જ અત્યંત જટિલ પ્રક્રિયા પણ છે. સાહિત્ય અને ફિલ્મ વચ્ચે ગાઢ સંબંધ રહ્યો છે, ફક્ત તેમાં માધ્યમનો જ ભેદ રહ્યો છે. ફિલ્મ પણ સાહિત્યની જેમ જ વિવિધ માનવીય વૃત્તિઓ, સંવેદનો, લાગણીઓને રજૂ કરવાનું કાર્ય કરે છે. સાહિત્ય જે વાત શબ્દો થકી કરે છે તે વાતને ફિલ્મ દ્રશ્યો વડે રજૂ કરે છે. આમ, સાહિત્ય કાગળ પર લખાયેલી ફિલ્મ છે તો ફિલ્મ કેમેરાથી કંડારાયેલ સાહિત્ય છે એમ કહીએ તો કશું ખોટું નથી.


ISBN: 978-81-944799-0-1

સાહિત્ય અને ફિલ્મ આ બંને કલાઓએ સામાન્ય જનસમુદાય પર એક અનેરું કામણ કર્યું છે. બંને કલાઓનો વિષય માનવજીવનનાં નિરૂપણનો રહ્યો છે, અને બંને કલાઓ માનવજીવનને તેની તમામ સંકુલતાઓ સાથે રજૂ કરે છે. આમ, રૂપાંતરણની સર્જનાત્મક પ્રક્રિયાથી આ બંને કલાઓનું પારસ્પરિક મિલન શક્ય બને છે. જ્હોન હેરિંગ્ટનનાં મતે, "કુલ બનેલી ફિલ્મોમાંથી ત્રીજા ભાગની ફિલ્મો નવલકથાઓ પરથી બની છે. વળી, જો એમાં નવલિકા, નાટક, મહાકાવ્ય જેવા અન્ય સાહિત્ય સ્વરૂપો પરથી બનેલી ફિલ્મોનો સમાવેશ કરીએ તો લગભગ પાંસઠ ટકા જેટલી ફિલ્મો સાહિત્યકૃતિઓ પરથી બનેલી હોય છે. નામી-અનામી પ્રસિદ્ધ સાહિત્યકારોની વિવિધ કૃતિઓ પરથી બનેલ ફિલ્મોની યાદી જો તપાસવા બેસીએ તો ઢગલેબંધ પાનાઓ ભરાય. અહીં, મુખ્ય-મુખ્ય સાહિત્યકારોની વિવિધ ભાષાઓમાં સર્જાયેલી કૃતિઓ પરથી બનેલ ફિલ્મની ઝલક પર એક દ્રષ્ટિપાત કરી લઈએ. ગુજરાતી ભાષાનાં સાહિત્યકારો અને તેમની કૃતિઓ પરથી બનેલ ફિલ્મ વિશે સૌપ્રથમ નજર કરીએ તો ગોવર્ધનરામ ત્રિપાઠીની સરસ્વતીચંદ્ર નવલકથા, પ્રભુલાલ દ્વિવેદીની વડીલોનાં વાંકે, ગાડાનો બેલ, કનૈયાલાલ મુનશીની પૃથિવીવલ્લભ, ગુણવંતરાય આચાર્યની અલ્લાબેલી, કાદુ મકરાણી, ચુનીલાલ મડિયાની અભુ મકરાણી, અંતઃસ્ત્રોતા, લીલુડી ધરતી, ઈશ્વર પેટલીકરની જન્મટીપ, મેઘાણીની માણસાઈના દીવા, ઓળીપો, વહુ અને ઘોડો, રમણ નીલકંઠની રાઈનો પર્વત, મધુરાયની સંતુ રંગીલી, કિમ્બલ્સ રેવન્સવૂડ, હરકિશન મહેતાની જોગ સંજોગ, પ્રવાહ પલટાયો, વર્ષા અડાલજાની મારે પણ એક ઘર હોય, ચિનુ મોદીની જાલકા, જયંત ખત્રીની ધાડ, ખીચડી, દર્શકની ઝેર તો પીધાં જાણી જાણી, પન્નાલાલ પટેલની માનવીની ભવાઇ, મળેલા જીવ, કંકુ જેવી કૃતિઓ પરથી સુંદર કલાત્મક ફિલ્મો બની છે.

બંગાળીમાં વિભૂતિભૂષણ બંદોપાધ્યાય, રવીન્દ્રનાથ ટાગોર, શરદચંદ્ર, પ્રેમેન્દ્રનાથ મિત્ર, સુનીલ ગંગોપાધ્યાય, મહાશ્વેતાદેવી, તારાશંકર બંદોપાધ્યાય, બિમલ મિત્ર, શંકર જેવા સાહિત્યકારોની કૃતિઓ પરથી તો હિન્દીમાં ફણિશ્વરનાથ રેણુ, ધર્મવીર ભારતી, પ્રેમચંદ, મોહન રાકેશ, કમલેશ્વર, નિર્મલ વર્મા, ગજાનન માધવ જેવા સાહિત્યકારો તો પંજાબી સાહિત્યકારો ખુશવંતસિંહ, અમૃતા પ્રીતમ, રાજેન્દ્રસિંહ બેદી જેવા સર્જકોની કૃતિઓ પરથી પણ અદભૂત ફિલ્મો બની છે. ભારતીય અંગ્રેજી સાહિત્યકારો ચેતન ભગત, ઝુમ્પા લાહિરી, આર. કે. નારાયણ જેવા અનેક સાહિત્યકારો તથા વિદેશી ભાષાનાં લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકારો જેવા કે ગુસ્તાવ ફ્લોબેર, જેમ્સ જોયસ, દોસ્તોયવ્સ્કી, લિયો ટોલ્સટોય,, એંટન ચેખોવ, શેક્સપિયર, ઈબસન, ઈ. એમ. ફોસ્ટર, જેન ઓસ્ટીન, ચાર્લ્સ ડીકન્સ, ઑ હેનરી વગેરેની સાહિત્યકૃતિઓ પરથી પણ સુંદર ફિલ્મો બની છે. આમ, "વિશ્વનાં ખૂણેખૂણે આજે ગંભીર પ્રકારની સાહિત્યકૃતિઓ પરથી ફિલ્મોનું નિર્માણ થવા માંડ્યુ છે. જે થકી આપણાં પરિવેશમાંથી ઉપજેલા દુ:ખદર્દ ખૂબ સાહજિકતાથી આપણી સમક્ષ લાવી શકાય છે. વિશ્વમાં રેનુઆ, ફૈલિની, ગોદાટ, વિસ્કૌતી, બર્ગમેન, કુરાસોવા, સત્યજિત રાય, તારકોવ્સ્કી, સ્પીલબર્ગ જેવા નિર્દેશકોએ સાહિત્ય અને સિનેમાના ઉત્તરોતર વિકસી રહેલ અંતરંગતાને પુષ્ટ કરી આપી છે. તો ભારતમાં ઋત્વિક ઘટક, ગુરુદત્ત, શ્યામ બેનેગલ, ગોવિંદ નિહલાની, સુધીર મિશ્રા, કેતન મહેતા, બાસુ ચેટરજી, ગુલઝાર, મૃણાલ સેન, મણિ કૌલ, ગિરીશ


ISBN: 978-81-944799-0-1

કારનાડ, ટી.પી. રેડ્ડી, સત્થુ જેવા નિર્દેશકોએ સિનેમાની સાહિત્યિક પરંપરાને આંદોલનનાં રૂપમાં આગળ વધારી છે એમ કહી શકાય.”

ભારત અને સમગ્ર વિશ્વમાં સિનેમાનાં માધ્યમ થકી મૂળરૂપમાં સુંદર ન હોય એવી સાહિત્યકૃતિઓનું ફિલ્માંકન પણ થયું છે અને ફિલ્મ થકી તે સાહિત્યકૃતિ સુંદર નીવડી હોય એવું પણ બન્યું છે. સારા દિગ્દર્શક થકી સાહિત્યકૃતિ આધારિત ફિલ્મ દ્વારા સમગ્ર જનમાનસને ફિલ્મની અસલી તાકાતનો પરચો મળ્યો હોય એવા કિસ્સાય નોંધાયા છે. દા.ત. ભીષ્મ સહાની રચિત ‘તમસ’ નવલકથા. ક્યારેક એનાથી ઊંધું પણ બને છે કે કેટલીક ઉત્કૃષ્ટ સાહિત્યકૃતિઓ પરથી સર્જાયેલી ફિલ્મો અત્યંત નબળી સાબિત થઈ હોય એવું પણ બને છે. ઓસ્કાર એવોર્ડ વિજેતા દિગ્દર્શક Ang Lee જણાવે છે કે, “Perhaps that is the difference between a good story teller and a quality filmmaker. Not just laugh and cry. I want to make my audience think and feel.” આમ, સાહિત્ય કૃતિનું ફિલ્મરૂપે થતું રૂપાંતરણ એ માત્ર શબ્દનું દ્રશ્યમાં થતું રૂપાંતરણ નથી પરંતુ તેમાં ફિલ્મસર્જક્નો દ્રષ્ટિકોણ પણ ભળતો હોય છે. તેથી આ રૂપાંતરણ એ નવસર્જન છે એમ માની શકાય. જ્યોર્જ બ્લુસ્ટોન યોગ્ય જ કહે છે કે, He (filmmaker) is not a translator for an established author, but a new author in his own right”.

માર્શલ મેકલુહાન જણાવે છે કે, The close relation .... between the reel world of film and the private fantasy experience of the printed word is indispensable to our western acceptance of the film form... Film, both in its reel form and in its scenario, or script form, is completely involved with book culture.” સાહિત્ય અને ફિલ્મ બંને માધ્યમોમાં રહેલા તફાવત વિશે ચર્ચા કરતા પ્રીતિ શાહ નોંધે છે કે, ચલચિત્ર અને સાહિત્યનો સંબંધ ઘણો વિવાદાસ્પદ રહ્યો છે. ચિત્રપટ જ્યારથી બોલપટ બન્યું અને એમાં વાર્તાકથનની કલા પ્રવેશી ત્યારથી ફિલ્મ સાથે સાહિત્યનું સાયુજ્ય સાધવાના પ્રયાસો થતાં રહ્યા છે. ક્યારેક આવું સાયુજ્ય મિથ્યા કે ભ્રામક હોય છે. આમ છતાં કથનાત્મક (Narrative) ચલચિત્ર અને લિખિત કથનપ્રધાન સાહિત્ય વચ્ચે એક પ્રકારનો ઘરોબો જોવા મળે છે”. દ્રષ્ટિ પટેલ માને છે કે, મહાન સાહિત્યકૃતિઓનું વાંચન અનુગામી યુગોમાં પૂર્વવત રહેશે નહિ ત્યારે કોઈ સમર્થ દિગ્દર્શક નાટક, ચલચિત્ર કે ધારાવાહિકરૂપે એ સાહિત્યકૃતિને પસંદ કરીને પોતાની યુગદ્રષ્ટિથી રજૂઆત કરે તો મૂળ કૃતિ  અનુગામી યુગનાં ભાવકો સુધી પહોંચાડવામાં સુગમતા વધે.” અંતે, વર્તમાન સમયમાં ટેલિવિઝન અને સસ્તાં મનોરંજનની ભરમાર વચ્ચે વાંચનથી વિમુખ થઈ રહેલા ભારતીયને સાહિત્યનાં સુંદર અને કલ્પનાપૂર્ણ જગત સાથે જોડવાનું અદભુત કામ ફિલ્મ કરી રહ્યું છે. વિવિધ કળાઓના સંગમસ્થાન સમી ફિલ્મો “માનવમનનાં સંવેદનો અને આંતરિક માનસિક પ્રક્રિયાઓને” પણ વ્યક્ત કરે છે.

**-: સંદર્ભ ગ્રંથો :-**

૧. દ્રષ્ટિ પટેલ : કેમેરાની આંખે સાહિત્ય

૨. ડો. હીરેન્દ્ર પંડ્યા : નવલકથા અને સિનેમા


ISBN: 978-81-944799-0-1

૩. જય વસાવડા – સાહિત્ય અને સિનેમા.

૪. મહીપતસિંહ રાઓલજી – સાહિત્ય અને સિનેમાનો અનુબંધ

૫. અભિજીત વ્યાસ – ફિલ્મ સર્જન પ્રક્રિયા.

૬. અમૃત ગંગર – સિનેમા વિમર્શ

૭. અમૃત ગંગર – રૂપાંતર  ૮. પ્રતિભા ત્રિવેદી – ફિલ્માંતર

# "સોશિયલ મીડિયાનો ઉપયોગ, લગ્નનો દરજ્જો અને વ્યવસાયના સંદર્ભમાં સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતાનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ"

**Vrunda K. Thaker, M.Phil. Scholar, Department of Psychology, Children's University, Gandhinagar (Guj.)**

**ABSTRACT**

**यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता |**

**यत्रेतास्तु न पूज्यन्ते सर्वास्तत्राफलाः क्रियाः ||**

પૌરાણિક યુગથી ભારતીય સમાજમાં સ્ત્રીઓને શક્તિનો સ્ત્રોત માનવામાં આવે છે. ભારતની લોકશાહી એ વિશ્વની સૌથી મોટી લોકશાહી છે. જ્યાં, મહિલાઓની સુરક્ષા, સમાનતા, સ્વતંત્રતા અને સન્માન માટેની વિવિધ જોગવાઈઓ કરવામાં આવેલી છે. આજે સમાજમાં મહિલાઓની ભૂમિકાઓ બદલાઈ રહી છે જેમાં વિવિધ પરિબળો અસર કરે છે. જેમકે સ્ત્રી શિક્ષણનું વધતું પ્રમાણ, આર્થિક ઉપાર્જન માટે સ્ત્રીઓનો શ્રમ તથા વર્તમાન સમયમાં નવી નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવાના લીધે સ્ત્રીઓની ભૂમિકા બદલાઈ રહી છે. તે પોતાના કુટુંબ, સમાજ, ઘર, બાળ ઉછેરની સાથે સાથે આર્થિક જવાબદારી પણ ઉપાડે છે તેથી લગ્નનો દરજ્જો અને વ્યવસાય પણ મહિલાઓની સ્વતંત્રતામાં અગત્યનો ભાગ ભજવે છે. દરેક વ્યક્તિ સ્વતંત્ર રીતે જીવવાની ઈચ્છા ધરાવે છે. સ્વતંત્રતા ઈચ્છતી મહિલાઓનો સમાજ સ્વીકાર કરતી નથી. આમ છતાં, મહિલાઓના સામાજિક સ્વતંત્રતા પ્રત્યેના વલણમાં નોંધપાત્ર પરિવર્તન આવી રહ્યું છે તેથી પ્રસ્તુત સંશોધનનો હેતુ સોશિયલ મીડિયાનો ઉપયોગ, લગ્નનો દરજ્જો અને વ્યવસાયના સંદર્ભમાં સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતાનો અભ્યાસ કરવાનો છે. જેમાં સાદા યદ્ચ્છ નિદર્શનની લોટરી પદ્ધતિ દ્વારા ગાંધીનગર શહેરમાં રહેતી ૬૦ છોકરીઓ તથા મહિલાની નિદર્શ પસંદગી કરવામાં આવી છે. પ્રસ્તુત સંશોધનમાં સ્વતંત્ર પરીવર્ત્ય તરીકે સોશિયલ મીડિયાનો ઉપયોગ, લગ્નનો દરજ્જો અને વ્યવસાય લેવામાં આવ્યા છે જ્યારે આધારિત પરીવર્ત્ય તરીકે સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતાનું માપન કરવામાં આવ્યું છે. સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતા અંગેની માહિતી એકત્રિત કરવા માટે ડૉ. એલ. એલ. ભુસન રચિત Women's Social Freedom Scale (Hindi Version) નો ઉપયોગ કરવામાં આવ્યો છે. ત્યારબાદ મેળવેલ માહિતીનું આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ કરવા માટે 't - test' નો ઉપયોગ કરવામાં આવ્યો છે. અહીં પરિણામ એ જોવા મળ્યું છે કે બે કે બેથી વધારે સોશિયલ મિડિયાનો ઉપયોગ કરતી સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતામાં કોઈ

 ISBN: 978-81-944799-0-1

સાર્થક તફાવત જોવા મળતો નથી, પરણિત અને અપરણિત સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતા વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી અને નોકરી કરતી અને ન કરતી સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતા વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી તેથી પૂર્વે રચેલી શૂન્ય ઉત્કલ્પના($Ho_1$, $Ho_2$ અને $Ho_3$)નો સ્વીકાર કરવામાં આવ્યો છે.

***KEY WORDS:*** *સોશિયલ મીડિયા, લગ્નનો દરજ્જો, વ્યવસાય, સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતા*

**પ્રસ્તાવના :**

પૌરાણિક યુગથી ભારતીય સમાજમાં સ્ત્રીઓને શક્તિનો સ્ત્રોત માનવામાં આવે છે. પરંતુ સાથે સાથે સ્ત્રીઓને નબળી, આજ્ઞાકારી, શરમાળ અને ડરપોક પણ માનવામાં આવે છે. ભારતની લોકશાહી એ વિશ્વની સૌથી મોટી લોકશાહી છે. જ્યાં, મહિલાઓની સુરક્ષા, સમાનતા, સન્માન અને સ્વતંત્રતા માટેની વિવિધ જોગવાઈઓ કરવામાં આવેલી છે. વર્તમાન યુગ એ સ્ત્રીઓનો યુગ છે. સ્ત્રીઓ પુરુષોના ખભેથી ખભા મિલાવીને સમાજમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કરે છે. આજે સમાજમાં મહિલાઓની ભૂમિકાઓ બદલાઈ રહી છે જેમાં વિવિધ પરિબળો અસર કરે છે. જેમકે સ્ત્રી શિક્ષણનું વધતું પ્રમાણ, આર્થિક ઉપાર્જન માટે સ્ત્રીઓનો શ્રમ તથા વર્તમાન સમયમાં નવી નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવાના લીધે સ્ત્રીઓની ભૂમિકા બદલાઈ રહી છે અને તે સ્વતંત્ર રીતે જીવન જીવવા માટે સક્ષમ બની રહી છે તેમની પરંપરાગત ભૂમિકામાં પરિવર્તન લાવવું એ સમયની તીવ્ર જરૂરિયાત છે. તે પોતાના કુટુંબ, સમાજ, ઘર, બાળ ઉછેરની સાથે સાથે આર્થિક જવાબદારી પણ ઉપાડે છે. આજના સમયમાં જયારે સ્ત્રી શિક્ષણનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે પહેલાના સમયની જેમ સ્ત્રીઓ નાની ઉમરમાં ન પરણતા પોતે પહેલા આર્થિક રીતે સક્ષમ અને સ્વતંત્ર બનીને લગ્ન કરતી હોય છે. જયારે કેટલીક સ્ત્રીઓ લગ્ન બાદ આર્થિક, સામજિક વગેરે ક્ષેત્રોમાં સ્વતંત્રતા પ્રાપ્ત કરે છે. દરેક વ્યક્તિ સ્વતંત્ર રીતે જીવવાની ઈચ્છા ધરાવે છે. આમ, છતાં મોટા ભાગની સ્ત્રીઓ પુરુષ પ્રધાન સમાજ હોવાથી આશ્રિત જીવન જીવી રહી છે. સ્વતંત્રતા ઈચ્છતી મહિલાઓનો સમાજ સ્વીકાર કરતી નથી. આમ છતાં, મહિલાઓના સામાજિક સ્વતંત્રતા પ્રત્યેના વલણમાં નોંધપાત્ર પરિવર્તન આવી રહ્યું છે.

**સામાજિક સ્વતંત્રતા**

સ્ત્રીઓને શક્તિનો સ્ત્રોત માનવામાં આવે છે. આજે સમાજમાં મહિલાઓની ભૂમિકાઓ બદલાઈ રહી છે જેમાં વિવિધ પરિબળો અસર કરે છે. સ્ત્રી શિક્ષણમાં વધારો, આર્થિક રીતે પગભર બનવું, દરેક ક્ષેત્રોમાં સ્થાન પ્રાપ્ત કરે છે. પ્રાચિન સમયનાં અર્થવિહીન રીતી રીવાજોનો અસ્વીકાર કરે છે અને વર્તમાન સમયમાં પુરુષો સાથે ખભેથી ખભા મિલાવીની કામ કરે છે. પ્રસ્તુત સંશોધનમાં સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતાના વિવિધ પરિમાણો પર અભ્યાસ કરવામાં આવ્યો છે જે નીચે મુજબ છે.

૧. માતાપિતા અને પતિના દખલથી સ્વતંત્રતા

૨. લગ્ન અને જાતીયતાને લગતી સ્વતંત્રતા


ISBN: 978-81-944799-0-1

૩. આર્થિક સ્વતંત્રતા અને સામાજિક સમાનતા

૪. છોકરીઓ/ સ્ત્રીઓ પર પ્રતિબંધ હોય છે તેવા રીવાજો, સામાજિક નિષેધો અને ધાર્મિક વિધિઓમાંથી સ્વતંત્રતા

**સોશિયલ મીડિયા**

સોશિયલ મીડિયાને સોશિયલ મીડિયા સર્વિસ તરીકે પણ જાણી શકાય છે આનો અર્થ એ થયો કે ઈન્ટરનેટનો ઉપયોગ કરવો, પોતાના સગા સંબધી સાથે જીડવું, એજ્યુકેશન, મિત્રો બનવા વગેરેનું આદાન પ્રદાન કરવું. આનાથી આપણે દેશ વિદેશમાં બનતી ઘટનાઓ વિષે પણ જાણકારી મેળવી શકીએ છીએ. સોશિયલ મીડિયા સર્વિસનો ઉપયોગ ગુનેગાર અને કાયદાકીય ચકાસણી કરવા પણ ઉપયોગમાં લેવાય છે તથા નવીન માહિતી પ્રાપ્ત કરવા પણ ઉપયોગી નીવડે છે. ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, ટ્વીટર, વોટ્સઅપ વગેરે દ્વારા પણ માહિતી મેળવવામાં આવે છે. પ્રસ્તુત સંશોધનમાં સોશિયલ મીડિયાનો ઉપયોગ એ તેમના વપરાશનાં સંદર્ભમાં લેવામાં આવ્યો છે જેમાં બે કે બેથી ઓછા સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતા અને બેથી વધારે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવાના સંદર્ભમાં લેવામાં આવ્યું છે.

**લગ્નનો દરજ્જો**

લગ્ન એ જીવનનો મંગળમય પ્રસંગ છે. લગ્ન એક પુરુષ અને સ્ત્રી વચ્ચેનો સૌથી સુંદર અને મહત્વપુર્ણ સંબંધ પૈકીનો એક છે. પુખ્ત જીવનમાં લગ્નસાથીની પસંદગી કરવી અને વૈવાહિક કરારમાં દાખલ થવું એ પરિપક્વતાનું લક્ષ્ય અને વ્યક્તિગત સિધ્ધિ માનવામાં આવે છે. લગ્ન જીવનનો મહત્વનો બનાવ છે. તે વ્યક્તિના સમગ્ર જીવનને  બદલી નાંખે છે. લગ્ન દ્વારા વ્યક્તિની શારીરિક, માનસિક, સામાજિક અને આર્થિક જરુરિયાતો સંતોષાય છે. પ્રસ્તુત સંશોધનમાં લગ્નનો દરજ્જોએ પરણિત સ્ત્રી અને અપરણિત સ્ત્રીઓના સદર્ભમાં લેવામાં આવ્યું છે.

**વ્યવસાયનો દરજ્જો**

વ્યવસાય દ્વારા વ્યક્તિ પોતાની આર્થિક જરૂરિયાત સંતોષે છે. જે વ્યક્તિ આર્થિક રીતે પગભર થવા માંગે છે તે કોઈ પણ રીતે કોઈપણ કામ કરવા માટે તૈયાર રહે છે અને તે તેની ક્ષમતા મુજબ આર્થિક જરૂરિયાત સંતોષે છે. વર્તમાન સમયમાં સ્ત્રીઓ પણ કુટુંબમાં સ્વતંત્ર રીતે કમાતી અને આર્થિક જરૂરિયાત પૂરી કરવામાં મદદરૂપ થાય છે. પ્રસ્તુત સશોધનમાં વ્યવસાયનો દરજ્જોએ નોકરી કરતી અને નોકરી ન કરતી સ્ત્રીઓના સંદર્ભમાં લેવામાં આવ્યું છે.

ઘોષ (૨૦૧૮)નું સંશોધન સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતાનું પરિણામ જોતા જણાય છે કે નોકરી કરતી, ઉચ્ચ અભ્યાસ ધરાવતી અને અપરણિત સ્ત્રીઓમાં સામાજિક સ્વતંત્રતા ઉચ્ચ જોવા મળી છે.

રાજકુમારી અને મનોજ કુમાર(૨૦૧૮)નું સંશોધન પરણિત અને અપરણિત કોલેજની વિધાર્થીનીઓની સામાજિક સ્વતંત્રતાનું પરિણામ જોવા મળ્યું છે કે પરણિત કોલેજ વિધાર્થીનીઓમાં સામાજિક સ્વતંત્રતા ઉચ્ચ જોવા મળી છે.


ISBN: 978-81-944799-0-1

શર્મા(૨૦૧૬)ના સંશોધન મુજબ બી.એડની વિદ્યાર્થીઓમાં શહેરમાંથી આવતી, વિભક્ત કુટુંબમાંથી આવતી સ્ત્રીઓ વચ્ચે સામાજિક સ્વતંત્રતા ઉચ્ચ જોવા મળી છે, જયારે સ્નાતક કે અનુસ્નાતકનો અભ્યાસ કરેલી સ્ત્રીઓ વચ્ચે કોઈ તફાવત જોવા મળ્યો નથી.

સિંઘ એન.(૨૦૧૭)નું સંશોધન મહિલા શિક્ષકોની સામાજિક સ્વતંત્રતાનું પરિણામ જોતા કહી શકાય છે કે શહેરમાં કે ગ્રામિણમાં રહેતી અને આર્ટસ કે સાયન્સમાં શિક્ષક હોય તેમની સામાજિક સ્વતંત્રતા વચ્ચે કોઈ તફાવત જોવા મળ્યો નથી.

**અભ્યાસના હેતુઓ :**

**(1)** બે કે બેથી ઓછો અને બેથી વધારે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતી સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતાનો અભ્યાસ કરવો.

**(2)** પરણિત અને અપરણિત સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતાનો અભ્યાસ કરવો.

**(3)** નોકરી કરતી અને નોકરી ન કરતી સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતાનો અભ્યાસ કરવો.

**અભ્યાસની ઉત્કલ્પનાઓ :**

**(1)** બે કે બેથી ઓછો અને બેથી વધારે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતી સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતા વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા નહિ મળે.

**(2)** પરણિત અને અપરણિત સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતા વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા નહિ મળે.

**(3)** નોકરી કરતી અને નોકરી ન કરતી સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતા વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા નહિ મળે.

**પરીવર્ત્યો :-**


ISBN: 978-81-944799-0-1

| ક્રમ | પરીવર્ત્યોનું નામ | | કક્ષાઓની સંખ્યા | કક્ષાઓના નામ |
|---|---|---|---|---|
| 1 | સોશિયલ મીડિયાનો ઉપયોગ | સ્વતંત્ર પરીવર્ત્ય | 2 | (1) બે કે બેથી ઓછો સોશિયલ મીડિયાનો ઉપયોગ<br>(2) બેથી વધારે સોશિયલ મીડિયાનો ઉપયોગ |
| 2 | લગ્નનો દરજ્જો | સ્વતંત્ર પરીવર્ત્ય | 2 | (1) પરણિત સ્ત્રી<br>(2) અપરણિત સ્ત્રી |
| 3 | વ્યવસાયનો દરજ્જો | સ્વતંત્ર પરીવર્ત્ય | 2 | (1) નોકરી કરતી<br>(2) નોકરી ન કરતી |
| 4 | સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતા | આધારિત પરીવર્ત્ય | 1 | સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતાનું માપન |

**સમષ્ટિ અને નિદર્શ:-**

પ્રસ્તુત સંશોધનમાં સમષ્ટિ તરીકે ગાંધીનગર શહેરમાં રહેતી સ્ત્રીઓને લેવામાં આવી છે. જેમાં નિદર્શ તરીકે સાદા યદ્દચ્છ નિદર્શનની લોટરી પદ્ધતિ દ્વારા 60 સ્ત્રીઓની પસંદગી કરવામાં આવી છે. જેમાં ૩૦ એવી સ્ત્રીઓ કે જે બે કે બેથી ઓછો મીડિયાનો ઉપયોગ કરતી, નોકરી કરતી અને પરણિત હોય તેવી સ્ત્રીઓની પસંદગી કરવામાં આવી છે જયારે ૩૦ એવી સ્ત્રીઓ કે જે બેથી વધારે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતી, નોકરી ન કરતી અને અપરણિત હોય તેવી સ્ત્રીઓની સંશોધન માટે પસંદગી કરવામાં આવી છે.

**સંશોધન સાધન :- સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતાની કસોટી**

પ્રસ્તુત સંશોધનમાં સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતાનું માપન કરવા માટે ડૉ. એલ. એલ. ભુસન રચિત Women's Social Freedom Scale (Hindi Version) નો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ કસોટીમાં કુલ 24 વિધાનો છે. જેમાં ૧૬ વિધાન વિધાયક અને ૮ વિધાન નિષેધક છે. પ્રત્યેક વિધાનની સામે પ્રત્યુત્તરદાતાએ 'હા' અથવા 'ના' માં જવાબો આપવાના છે. ઉપરોક્ત કસોટીમાં વધુમાં વધુ 24 ગુણાંક આવે છે અને ઓછામાં ઓછો શૂન્ય (૦) ગુણાંક આવે છે. કસોટીની વિશ્વસનીયતા બે પદ્ધતિઓ દ્વારા ચકાસવામાં આવે છે જેમાં કસોટી પુનઃ કસોટી વિશ્વસનીયતા ૦.૮૯ અને અર્ધ વિભાજન વિશ્વસનીયતા 0.૮૩ અને 0.૭૬ જોવા મળે છે. જયારે યથાર્થતા માટે આયઝેંકની "સામાજિક અભિગમની કસોટી" સાથે ચકાસવામાં આવી છે, જે ૦.૪૪ જોવા મળે છે.

**પરીણામ:**

**Table: 1.1**


ISBN: 978-81-944799-0-1

બે કે બેથી ઓછો અને બેથી વધારે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતી સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતા દર્શાવતું ‘t’ કોષ્ટક

| પરીવર્ત્ય | N | M | SD | t | Sig. Level |
|---|---|---|---|---|---|
| બે કે બેથી ઓછો સોશિયલ મીડિયાનો ઉપયોગ(A1) | 30 | 14.63 | 3.18 | 0.92 | NS |
| બેથી વધારે સોશિયલ મીડિયાનો ઉપયોગ(A2) | 30 | 15.43 | 3.14 | | |

Significant Level 0.01 – 2.66
0.05 – 2.00

*$Ho_1$ બે કે બેથી ઓછો અને બેથી વધારે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતી સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતા વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા નહિ મળે.*

**આલેખ નં. ૧.૧**




ઉપરોક્ત ટેબલ નં. 1.1 અને આલેખ નં. 1.1જોતા જણાય છે કે બે કે બેથી ઓછો સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતી સ્ત્રીઓનો મધ્યક ૧૪.૬૩ અને બેથી વધારે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતી સ્ત્રીઓનો મધ્યક ૧૫.43 જોવા મળે છે. ત્યારબાદ બે કે બેથી ઓછો સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતી સ્ત્રીઓ અને બેથી વધારે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતી સ્ત્રીઓ વચ્ચેના તફાવતનું ‘t’ મૂલ્ય ૦.૯૨ જોવા મળે છે. એટલે કે બંને પરીવર્ત્યો વચ્ચેનો તફાવત અસાર્થક થાય છે અને પૂર્વે રચેલી ઉત્કલ્પના($Ho_1$)નો સ્વીકાર કરવામાં આવે છે. આ પરથી કહી શકાય છે કે સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતામાં સોશિયલ મીડિયાની અસર જોવા મળતી નથી. આલેખ પરથી કહી શકાય છે કે બેથી વધારે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતી સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતા ઉચ્ચ જોવા મળી છે.

**Table: 1.2**


ISBN: 978-81-944799-0-1

પરણિત અને અપરણિત સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતા દર્શાવતું 't' કોષ્ટક

| પરીવર્ત્ય | N | M | SD | t | Sig. Level |
|---|---|---|---|---|---|
| પરણિત સ્ત્રીઓ(B1) | 30 | 16.00 | 3.79 | 0.60 | NS |
| અપરણિત સ્ત્રીઓ(B2) | 30 | 15.50 | 3.12 | | |

Significant Level 0.01 – 2.66
0.05 – 2.00

*$Ho_2$ પરણિત અને અપરણિત સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતા વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા નહિ મળે.*

**આલેખ નં. ૧.૨**




ઉપરોક્ત ટેબલ નં. 1.2 અને આલેખ નં. 1.2 જોતા જણાય છે કે પરણિત સ્ત્રીઓનો મધ્યક ૧૬.૦૦ અને અપરણિત સ્ત્રીઓનો મધ્યક ૧૫.૫૦ જોવા મળે છે. ત્યારબાદ પરણિત સ્ત્રીઓ અને અપરણિત સ્ત્રીઓ વચ્ચેના તફાવતનું 't' મૂલ્ય 0.60 જોવા મળે છે એટલે કે બંને પરીવર્ત્યો વચ્ચેનો તફાવત અસાર્થક થાય છે અને પૂર્વે રચેલી ઉત્કલ્પના($Ho_2$)નો સ્વીકાર કરવામાં આવે છે. આ પરથી કહી શકાય છે કે સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતામાં લગ્નના દરજ્જાની અસર જોવા મળતી નથી. આલેખ પરથી કહી શકાય છે કે પરણિત સ્ત્રીઓની સામજિક સ્વતંત્રતા ઉચ્ચ જોવા મળી છે.

**Table: 1.3**

નોકરી કરતી અને નોકરી ન કરતી સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતા દર્શાવતું 't' કોષ્ટક

| પરીવર્ત્ય | N | M | SD | t | Sig. Level |
|---|---|---|---|---|---|


ISBN: 978-81-944799-0-1

| | | | | | |
|---|---|---|---|---|---|
| નોકરી કરતી સ્ત્રીઓ(C1) | 30 | 15.43 | 3.47 | 0.18 | NS |
| નોકરી ન કરતી સ્ત્રીઓ(C2) | 30 | 15.27 | 3.48 | | |

Significant Level 0.01 – 2.66
0.05 – 2.00

*$Ho_3$ નોકરી કરતી અને નોકરી ન કરતી સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતા વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા નહિ મળે.*

**આલેખ નં. 1.3**




ઉપરોક્ત ટેબલ નં. 1.3 અને આલેખ નં. 1.3જોતા જણાય છે કે નોકરી કરતી સ્ત્રીઓનો મધ્યક ૧૫.43 અને નોકરી ન કરતી સ્ત્રીઓનો મધ્યક ૧૫.૨૭ જોવા મળે છે. ત્યારબાદ નોકરી કરતી સ્ત્રીઓ અને નોકરી ન કરતી સ્ત્રીઓ વચ્ચેના તફાવતનું ‘t’ મૂલ્ય 0.૧૮ જોવા મળે છે એટલે કે બંને પરીવર્ત્યો વચ્ચેનો તફાવત અસાર્થક થાય છે અને પૂર્વે રચેલી ઉત્કલ્પના($Ho_3$)નો સ્વીકાર કરવામાં આવે છે. આ પરથી કહી શકાય છે કે સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતામાં વ્યવસાયના દરજ્જાની કોઈ અસર જોવા મળતી નથી. આલેખ પરથી કહી શકાય છે કે નોકરી કરતી સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતા ઉચ્ચ જોવા મળી છે.

**તારણ :**

1) બે કે બેથી ઓછો અને બેથી વધારે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતી સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતા વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળ્યો નથી, આથી પૂર્વે રચેલી ઉત્કલ્પના($Ho_1$)નો સ્વીકાર કરવામાં આવે છે.
2) પરણિત સ્ત્રીઓ અને અપરણિત સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતા વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળ્યો નથી, આથી પૂર્વે રચેલી ઉત્કલ્પના($Ho_2$)નો સ્વીકાર કરવામાં આવે છે.


ISBN: 978-81-944799-0-1

3) નોકરી કરતી અને નોકરી ન કરતી સ્ત્રીઓની સામાજિક સ્વતંત્રતા વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળ્યો નથી, આથી પૂર્વે રચેલી ઉત્કલ્પના($Ho_3$)નો સ્વીકાર કરવામાં આવે છે.

**સંદર્ભસુચિઃ-**

Bhushan, L.I. (1987) Women Social Freedom Scale, Psychological Corporation Agra.

Ghosh, S.M. (2016). Social Freedom among the women, International Journal of Advanced Education and Research, Vol. 1(8). Pg. 23- 26.

Kumar, M. & Rajkumari.(2018). Women social freedom among married and unmarried women college students, International Journal of Research and Analytical Reviews, Vol. 5(2). Pg 2027 -2031.

Sharma, M. (2016). A Study of Social Freedom of Female B.Ed. Students International journal of scientific research, Vol. 5(6).

मनुस्मुति 3.56


ISBN: 978-81-944799-0-1

# ગુજરાતી સામાજિક પરંપરાકેન્દ્રી ગુજરાતી ફિલ્મો

ડૉ .જિતેન્દ્ર મકવાણા, વ્યાખ્યાતા સહાયક ગુજરાતી, સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ હારીજ

ગુજરાતી ફિલ્મ સામાન્ય રીતે ઢોલીવુડ તરીકે ઓળખાય છે પરંતુ છેલ્લાં થોડાં સમયથી અર્બન ગુજરાતી ફિલ્મોની બોલબાલા છે પણ ભૂતકાળમાં એવી કેટલીક ગુજરાતી ફિલ્મો આવી કે જેણે ગુજરાતી ચાહકોમાં એક ખાસ સ્થાન મેળવ્યું આ ઉપરાંત બીજી ભાષાની ફિલ્મોને પણ વત્તેઓછે અંશે માર્ગદર્શન આપ્યું. જૂની રંગભૂમિ પર નાટકોનોસુવર્ણકાળ ચાલતો હતો એ વખતે ગુજરાતી ફિલ્મો અંગે કેટલાક નાટ્ય દિગ્દર્શકો તૈયાર થયા અને ગુજરાતના સામાજિક સંબધો, રીતરિવાજો, સ્ત્રીઓ પર થતા અત્યાચાર વગેરેને નાટકમાં દર્શાવવું ટૂંકું લાગ્યું અને ફિલ્મના માધ્યમથી એ વાત વધુ લોકો સુધી પહોચે એવી ભાવના સાથે ફિલ્મ તરફ આકર્ષણ થાય છે અને સામાજિક ફિલ્મોનો સૂર્યોદય થાય છે. ગુજરાતીની આરંભિક ફિલ્મોમાં ધાર્મિકતા કેન્દ્રસ્થ વિષય બનીને આવે છે અને ધીમે ધીમે સામાજિક ફિલ્મો આરંભાય છે.

૧૯૩૨માં ‘નરસિંહ મહેતા ’ફિલ્મ રજૂ થાય છે ફિલ્મ નિર્માણ અંગે ઘણી બધી અગવડતાઓ પડી હતી જેમ કે નરસિંહમહેતાના ઘેર લાગતું ખંભાતી તાળું પણ કેટલીય વાર અમદવાદનીગુજરીબજારમાં આંટા મારીને રવિશંકરે મેળવ્યું હતું .જે ફિલ્મમાંવપરાયું હતું .મધ્યકાળનાભક્તકવિના જીવન વિશે આલેખન પામેલ આ ફિલ્મનોદર્શકવર્ગ પણ ખુબ મોટો હતો પરંતુકેટલાંક કારણોને લીધે આ ફિલ્મ સિનેમાઘરોમાં લાંબા ગાળા સુધી ટકી શકી નહીં. આ સમય દરમ્યાન બીજી ફિલ્મ ‘સતી સાવિત્રી ’પ્રગટ થઈ પણસિનેમાઘરોમાંબહુ ચાલી નહીં. પૌરાણિકદંતકથાનેચલચિત્રના માધ્યમ વડે પ્રસિદ્ધ કરવાનો તેનો આશય હતો પરંતુ થોડાં સમય દરમિયાન લોકોમાં તેનું આકર્ષણ રહ્યું અને ફિલ્મ ફ્લોપ થઈ ત્યારબાદ ૧૯૪૬માં ‘રાણકદેવી ’ફિલ્મ આવી .આ ફિલ્મમાં જૂનાગઢ અને તેના આસપાસના વાતાવરણને કેન્દ્રમાં રાખીને બની હતી. ફિલ્મમાંરાણકદેવીના જીવન વિશેની વાત અને રા’માંડલિકના પ્રસંગને રજૂ કરે છે .ઈ.સ .૧૯૪૭માં ‘ભક્તસૂરદાસ ’અને ‘મીરાંબાઈ’ ના જીવન કવનને રજૂ કરે છે. સ્વતંત્ર ભારતની આ બંને પ્રથમ ફિલ્મો હતી .બંને ફિલ્મોમાં સામાજિક દ્રષ્ટિકોણની સાથે ધાર્મિકતા પણ જોડાયેલી હતી. પૌરાણિક અને કાલ્પનિક પ્રસંગોનેઆલેખીને ફિલ્મમાંઘણીબધીમથામણો કરવામાં આવી હતી. એ રીતે ગુજરાતી ફિલ્મો અને તેનો સેટ ઉભો કરવામાં દિગ્દર્શકને ઘણી મુશ્કેલીઓ ભોગવવી પડેલી. આ સમયમાં સંત ,સતી અને ડાકુઓનાજીવનકેન્દ્રીપ્રસંગોને આધાર બનાવીને ફિલ્મોનું નિર્માણ થયું હતું. આ ફિલ્મો જોવાવાળો મોટો વર્ગ તે ગ્રામ્ય વિસ્તારમાં મજુરી કરનારો અને ખેતી પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલો હતો. મનોરંજન માણવા માટે ફિલ્મો તરફ પ્રેરાય છે અને સિનેમાઘરો સુધી પહોચે છે. એક તરફ ગુજરાતી રંગભૂમિ પર વિવિધ વિષયોનેલગતાં ગુજરાતી નાટકોભજવાઈ રહ્યા હતા અને વિવિધ નાટક મંડળીઓનાનેજા હેઠળ સામાજિક હાસ્ય અને વ્યંગ્યાત્મકનાટકોની બોલબાલા હતી એ જ અરસામાં નાટકના કલાકારો પણ ગુજરાતી ફિલ્મો તરફ આકર્ષાયને ફિલ્મો તરફ કામ કરવા પ્રેરાય છે. ગુજરાતી ફિલ્મનો


ISBN: 978-81-944799-0-1

એક નવો યુગ શરૂ થાય છે. મંદ પડેલી ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં નવો સંચાર થાય છે સામાજિક વિષયો અને માનવજીવનની નિયતિની વાતો, પરંપરા, ગ્રામજીવન અને વેરઝેરની વાતો ફિલ્મીપરદે આવે છે. ઈ.સ. ૧૯૪૬ થી ૧૯૫૨ સુધીના છ વર્ષના સમયગાળા દરમ્યાન અંદાજીત ૭૪ જેટલી ફિલ્મોનું નિર્માણ થાય છે જેમાંનીમોટાભાગની ફિલ્મો સામાજિક વિષય રજૂ કરે છે.

'મહેંદી રંગ લાગ્યો' ૧૯૬૦માં પ્રકાશિત થઈ હતી.આ ફિલ્મે એ વખતમાં બની હતી જયારે ગુજરાત અને મુંબઈમાં ગુજરાતી ફિલ્મ જોનારો એક મોટો વર્ગ હતો અને ફિલ્મ કરમુક્ત ન હોવા છતાં હાઉસફૂલના પાટિયા લાગેલા હતાં. દારૂબંધીનો સંદેશ આપતી આ ફિલ્મ અનિલ અને અલકાના સુખી સંસારને દારૂ વડે કેવો વેરવિખેર થાય છે તે ફિલ્મની મુખ્ય કથા છે. ફિલ્મના ગીતો મહેંદી તે વાવી માળવે... નૈન ચકચૂર છે.. ઘૂંઘટે ઢાંક્યું રે એક કોડિયું... લોકહૈયામાંગુંજતા થયા હતાં. ઈ.સ. ૧૯૬૩માં 'અખંડ સૌભાગ્યવતી' ફિલ્મ આવે છે નેશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા નાણાંકીય સહાય મેળવનાર પહેલી ફિલ્મ હતી. ગુજરાતની અભિનેત્રી આશા પારેખે તેમાં સરસ અભિનય કર્યો અને ગુજરાતના સિનેમાઘરોમાં આ ફિલ્મ હિટ સાબિત થઈ. ફિલ્મમાં પ્રયોજાયેલું સુમધુર સંગીત આજે પણ જૂની પેઢીના લોકોનાઆકર્ષણનું કેન્દ્ર છે અને આ કારણોના લીધે જ મનહર રસકપૂરને રાષ્ટ્રપતિ રાધાકૃષ્ણન ના હસ્તે 'શ્રેષ્ઠ દિગ્દર્શક' નો એવોર્ડ પણ મળેલો. 'બહુરૂપી' ૧૯૬૯માં પ્રગટ થયેલી ફિલ્મ છે. ભવાઈકળાને રજૂ કરતી આ ફિલ્મમાં સામાજિકતા ઓછી દેખાય છે પરંતુ ફિલ્મના ગીતો ગઝલસમ્રાટજગજીતસિંહેગાયા હતાં અને એ રીતે ફિલ્મ ગીત થકી ઓળખાય હતી. આ અરસામાં જ 'કંકુ' ફિલ્મ બની હતી. જે પન્નાલાલ પટેલની વાર્તા 'કંકુ' આધારિત હતી. સામાજિક સંદેશ અને ગુજરાતનું ગ્રામજીવન, રીત રિવાજો અને સમાજમાં વિધવા સ્ત્રીઓની લાગણીઓને ન ઓળખીને કરવામાં આવતી હેરાનગતિ ફિલ્મની મુખ્ય ઘટના છે. શિકાગોના આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટીવલમાં 'શ્રેષ્ઠ અભિનેત્રી' નો એવોર્ડ મળે છે. આ ફિલ્મ વિશે અમૃત ગંગર કહે છે કે "ગુજરાતી ફિલ્મોની આકાશગંગાનો પ્રથમ સાચો ચમકારો છે" એક નવો દર્શકવર્ગ આ ફિલ્મથીઆકર્ષાય છે તેનું મુખ્ય કારણ એવું પણ હોય કે લોકો સાહિત્યવાંચન તરફ વળ્યા હોય.

'જેસલતોરલ' ઈ.સ.૧૯૭૧માં ગુજરાતી થિયેટરમાં રજૂ થાય છે અને જેસલજાડેજાનું પાત્ર અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદી ભજવે છે. સામાજિક પરિવેશ અને ધાર્મિકતા સાથે જોડાયેલા આ ફિલ્મ વડે ગુજરાતી ફિલ્મ ઉદ્યોગમાં નવા પ્રાણ ફૂંકાય છે આ ફિલ્મ સિનેમાઘરોમાંહાઉસફૂલ થાય છે અને સામાજિક વાતાવરણ ઉભું થાય છે. થોડાં વર્ષો બાદ 'સંતુરંગીલી' ફિલ્મ પ્રદર્શિત થાય છે મૂળે તો અંગ્રેજી વાર્તાકાર 'જ્યોર્જબર્નાડ શો' ની કૃતિ પિગ્મેલિયનનું ગુજરાતી રૂપાંતર છે જે મધુરાયે નાટકના સ્વરૂપે ભજવેલું. સંતુનીભૂમિકામાંઅરુણાઈરાનીનો અભિનય છે અને અભિનેતા તરીકે ઉપેન્દ્ર ત્રિવેદી જોડાય છે. સંતુને શિક્ષણ આપવાની પ્રેરણા આધારિત આ ફિલ્મ સુંદર સામાજિક ફિલ્મ બને છે. એક તરફ ગુજરાતી રંગભૂમિ પર નાટકોભજવાતા હતાં અને બીજી તરફ સિનેમાઘરોમાં સામાજિક ફિલ્મોએદર્શકોને ઘેલું લગાડ્યું હતું. કાંતિ મડિયાદિગ્દર્શિત ફિલ્મ 'કાશીનો દીકરો' વિનોદિનીનીલકંઠની મૂળ વાર્તા 'દરિયાદિલ' પરથી બનેલી ફિલ્મ છે.સમાજની આસપાસ રહેલાં પાત્રોને લઈને રચાયેલી આ ફિલ્મ ખરેખર જોવાલાયક છે કારણ કે બે સ્ત્રીઓ કાશી અને રમાના સાંસારિક જીવન અને બનતી


ISBN: 978-81-944799-0-1

ઘટનાઓનું સરસ ફિલ્માંકન કર્યું છે. ફિલ્મની કથા સાથે રજૂ થયેલાં ગીતો જેવા કે ‘એવાં રે મળેલાં મનના મેળ’, ‘ગોરમાને પંચે આંગળીએ પૂજ્યા’, ‘મારી આંખે કંકુના સૂરજ આથમ્યા’ વગેરે ખુબ લોકપ્રિય થયા હતાં. ૧૯૮૧માં રજૂ થયેલી ફિલ્મ ‘ભવની ભવાઈ’ કેતન મહેતા દ્વારા નિર્માણ પામી હતી. આ ફિલ્મ ગુજરાતી ભાષાના લેખિકા ધીરુબેન પટેલના નાટક ‘ભવની ભવાઈ’ આધારિત બનાવી છે અને ફિલ્મ આવતાં ગીતો પણ ધીરુબેને લખ્યાં છે એ તેની વિશેષતા છે. આ ફિલ્મની લોકપ્રિયતા એટલી થઈ કે તેને રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો અને સર્વશ્રેષ્ઠ કલા નિર્દેશન માટે મીરાંલાખીયાને પણ પુરસ્કાર મળેલો. ફિલ્મનો મુખ્ય સંદેશ સમાજમાં વ્યાપ્ત અસ્પૃશ્યતા અને તેના નિવારણ માટેની કેવી કેવીપદ્ધતિઓ હોય શકે ? તે ભવાઈનામાધ્યમથી દર્શાવવામાં આવ્યું છે. ઉચ્ચનીચનાભેદભાવનેકેન્દ્રસ્થ વિષય બનાવીને નિર્માણ પામેલી આ સામાજિક ફિલ્મને રાષ્ટ્રીય એકાત્મકતા માટે નરગિસ દત્ત એવોર્ડ પ્રાપ્ત થયો હતો. વાવમાંથી પાણી આવવાની સમગ્ર ઘટના અને બલિ ચઢાવવાની ઘટના સમાજમાં વ્યાપેલાદુષણોને ફિલ્મમાં સરસ રીતે સાંકળી લીધું છે. ફિલ્મના અંતમાં પાટણનીરાણકી વાવનો ઉલ્લેખ થયેલો છે જે વિશ્વ ધરોહર સ્થળ તરીકે જાણીતું બન્યું છે.

‘મહિયરની ચૂંદડી’ ગુજરાતી ફિલ્મના સુવર્ણકાળમાં જ પ્રદર્શિત થયેલી ફિલ્મ છે.આફિલ્મનીલોકચાહના એટલી થયેલી કે ભારતની જુદી જુદી ૧૩ ભાષાઓમાં તેની રીમેક બની હતી. હિન્દીમાં ‘સાજન કા ઘર’ અને મરાઠીમાં ‘માહેરચી સાડી’ જેવી ફિલ્મો લાંબા સમય સુધી સિનેમાઘરોમાં ચાલી હતી. આ ફિલ્મ ગુજરાતી દર્શકો અને ગુજરાતી ફિલ્મ કલાકારોની પણ લોકપ્રિયતા પામી હતી.ઘર સંસાર અને સામાજિક સંબંધોનાતાણાવાણાનેગૂંથીનેફિલ્માંકન થયું છે.

❖ સંદર્ભસૂચિ:

૧) ગુજરાતી સિનેમાનો ઈતિહાસ

૨) હસમુખથાનકીનોબ્લોગ

૩) અશોક દવેનોબ્લોગ

૪) ગુજરાતીલેક્સીકોન.કોમ


ISBN: 978-81-944799-0-1

# પત્રકારત્વમાં કાર્યસ્થળ પર મહિલાઓની સમસ્યાઓ

લેખક: આચાર્ય અમિતા રમેશચંદ્ર, પીએચ.ડી સંશોધક

સહ લેખક: ડૉ. આવા શુક્લા,

પત્રકારત્વ અને જન-સંચાર વિભાગ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

**સારાંશ:** આ સંશોધન અમદાવાદ, મેહસાણા, કચ્છ, બનાસકાંઠા જિલ્લાના પત્રકારત્વ ક્ષેત્ર સાથે જોડાયેલ મહિલા પત્રકારોના જીવંત અનુભવોની તપાસ પશ્નાવલીના આધારે કરે છે. આ સંશોધન પત્રમાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક માધ્યમના ગુજરાતી પત્રકારત્વમાં જે મહિલાઓ પત્રકારત્વ ક્ષેત્રમાં રિપોર્ટિંગ, એંકરિંગ, પ્રોડ્યુસર, હોદ્દાઓ સાથે જોડાયેલ છે તેમની સમસ્યાઓ અને સ્થિતિને જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. અહીં જાતીય સતામણી, આર્થિક શોષણ, સામાજિક શોષણ, વ્યવસાયિક શોષણ, સાંસ્કૃતિક શોષણને લઈને તેમના જીવંત અનુભવોને સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ સાથે અમદાવાદ શહેરના વરિષ્ઠ મહિલા અને પુરુષ  પત્રકારના ઈન્ટરવ્યુંના માધ્યમ દ્વારા પત્રકારત્વના ક્ષેત્રમાં મહિલાઓની સમસ્યાઓ અને સ્થિતિનું સચોટ માર્ગદર્શન મળી રહે તે માટે પણ પ્રયાસ કરવામાં આવ્યો છે. હું અહીં આ પેપર પર ભાર મૂકું છું કે ગુજરાતી પત્રકારત્વમાં અમુક મહિલા પત્રકારો સતામણીનો અનુભવ થવા છતાં અને તેનો ભય હોવા છતાં પણ ફરિયાદ સમિતિમાં તેની ફરિયાદ કરતી નથી તેનું કારણ એટલું કે તેમને ક્યાંય ને ક્યાંક કોઈક ડર છુપાયેલ હોય છે, જેમ કે નોકરી ગુમાવાનો કે કામમાં અડચણ ઉભી થવાની બીક કે પછી આ મુશ્કેલીઓને તે વધુ લાબું રૂપ આપવા માંગતી નથી. મહિલાઓ પુરુષ કરતા બળમાં ભલે વધુ શક્તિશાળી નથી પરંતુ તે એક પુરુષની સરખામણીમાં વધુ કામ અને ચોકાઈ પૂર્વકનું કામ કરે છે. મહિલાઓ ઘરની જવાબદારી સાથે ઓફિસમાં પણ એટલીજ નિષ્ઠા પૂર્વક ચોકસાઈ ભર્યું કામ કરે છે. બમણી જવાબદારીઓનો ઉઠાવવા છત્તાં મહિલાઓને અલ્પ બુદ્ધિ, ઓછી કામની સમજ, જવાબદારીઓ માટે અશકક્ષમ તેવું સમજીને આજે પણ તેમને વેતન પુરુષ કરતા ઓછું આપીને ભેદભાવ કરવામાં આવે છે. આ સાથે પોતાના સહ કર્મચારી પુરુષ દ્વારા ઘણી વખત ટિપ્પણીઓ, એકી નજરે જોઈ રહેવું, મેસેજ દ્વારા હેરાન ગતિઓનો સામનો કરવો પડતો હોય છે. ઓફિસની સાથે બહાર ફિલ્ડમાં કામ કરતી મહિલા પત્રકારોને બહાર પણ અમુક સતામણીનો સામનો કરવો પડતો હોય છે, છત્તાં પણ તે અડગ રહીને પોતાનું કાર્ય પૂરું કરતી હોય છે. જયારે ઘણી વખત અમુક મહિલાઓ ડરના કારણે નોકરી જ છોડી દેતી હોય છે. આ સમસ્યાના સમાધાન માટે આજે દરેક પ્રાઈવેટ લિમિટેડ સંસ્થાઓમાં ફરિયાદ સમિતિની રચના કરવામાં આવી છે જેના આધારે મહિલાઓની સમસ્યાનું સમાધાન લાવવામાં આવે છે અને જે તે હેરાનગતિ કરનાર પુરુષ કર્મચારીને નોટિસ કે નોકરીમાંથી બરતરફી કરવામાં આવે છે. પરંતુ નાની મીડિયા સંસ્થાઓમાં આવી કોઈ જ ફરિયાદ સમિતિની રચના કરવામાં આવતી નથી આ ઉપરાંત નાના જિલ્લાઓમાં કામ કરતી મહિલાઓને આવી સંસ્થાની રચનાની જોગવાઈ છે તેના વિષે પણ કોઈ જ જ્ઞાન નથી. જેથી ત્યાં આગળ આર્થિક શોષણનું પ્રમાણ વધુ જોવા મળે એવું લાગે છે. મારા આ સંશોધનનો ઉદ્દેશ મહિલાઓમાં જાગૃતતા કેળવવાનો છે સરકાર દ્વારા દરેક નીતિ નિયમો બનાવેલ છે અને મહિલાઓ માટે ખાસ કાનૂનની વ્યવસ્થા પણ છે અને દરેક મહિલાઓને ન્યાય મળે તે માટે ફરિયાદ સમિતિમાં ફરિયાદના આધારે જરૂરી પગલાં પણ ભરવામાં આવે છે. જયારે સરકાર શ્રી દ્વારા મહિલા અને પુરુષને એક સમાન કાર્ય માટે સમાન વેતનનો અધિકાર પણ આપેલ છે. તેની સામે પણ ન્યાય મળે છે.

**વિશિષ્ટ શબ્દ (Keywords) :** જાતીય સતામણી, આર્થિક શોષણ, સામાજિક શોષણ, વ્યવસાયિક શોષણ, સાંસ્કૃતિક શોષણ, સમાન કાર્ય માટે સમાન વેતનનો અધિકાર, ફરિયાદ સમિતિ, ઈલેક્ટ્રોનિક મીડિયા, પ્રિન્ટ મીડિયા, વેબ મીડિયા, મહિલા સશક્તિકરણ, ગુજરાતી પત્રકારત્વ.

**સમસ્યાનું નિવેદન (Statement of Problems):** પત્રકારત્વના ક્ષેત્રમાં કાર્ય સ્થળ પર મહિલાઓને લગતી સમસ્યાઓ માટે દરેક સંસ્થાઓમાં ફરિયાદ સમિતિની રચના કરવાનો નિયમ સરકાર શ્રી દ્વારા કરવામાં આવેલ છે. અને દરેક મીડિયા સંસ્થાઓમાં ફરિયાદ સમિતિની રચના કરેલી હોય છે જેમાં મહિલાઓને સંસ્થાના કોઈ પણ પુરુષ કર્મચારી તરફથી કોઈ પણ પ્રકારની હેરાન ગતિ થાય તો તે સમિતિમાં ફરિયાદ કરી શકે છે અને તે કર્મચારી સામે જરૂરી પગલાં પણ ભરવામાં આવે છે. અને જે પુરુષ કર્મચારીની સામે ફરિયાદ થાય છે તેને નોટિસ કે નોકરીમાંથી બરતરફી કરવામાં આવે છે.

## પરિચય (Introduction) :

પત્રકારત્વના ક્ષેત્રમાં કામ કરતી મહિલાઓ તરફથી જાતીય સતામણીની ઘણી ફરિયાદો નોંધાય છે. જાતીય સતામણી એ કાર્યસ્થળો પર એક વાસ્તવિકતા છે જ્યાં મહિલાઓને પત્રકારત્વ જેવા પુરુષ-વર્ચસ્વ ધરાવતા વ્યવસાયમાં તેમની સામે ખભાથી ખભો મેળવીને વાટાઘાટો કરવી પડે છે. આ કાગળ કાગળના પ્રયાસથી શરૂ થાય છે.

આજના સમયમાં સ્ત્રીઓ ઘરકામની સાથે અન્ય ક્ષેત્રોમાં કામગીરી કરીને પોતાની જીવન શૈલી બદલી નોકરી ધંધામાં ધ્યાન આપતી થઈ છે. જેના કારણે વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓનું પ્રમાણ જોવા મળે છે. મહિલાઓ હવે પડકાર રૂપ મીડિયા ક્ષેત્રમાં પણ ઝપલાવવા લાગી છે. ઈલેક્ટ્રોનિક મીડિયા, પ્રિન્ટ મીડિયા વેબ મીડિયા દરેક  ક્ષેત્રમાં સ્ત્રીઓએ હરણફાળ ભરી છે. આ દરેક જવાબદારી સાથે ગૃહસ્થ જીવન પણ સંભાળવાનું હોય છે. ઘરકામ અને પરિવારની જવાબદારીની સાથે નોકરીમાં પણ એટલી જ નિષ્ઠા અને જવાબદારીથી પોતાનું કામ પૂર્ણ કરવાનું હોય છે. સ્ત્રીઓ એક પત્રકાર બની દરેક પડકારોનો સામનો કરે છે અને પોતાની જવાબદારી પણ સારી રીતે નિભાવે છે છત્તા પુરુષ અધિકારી કે સહકર્મચારીઓ દ્વારા જાતીય સતામણીનો ભોગ બનવું પડે છે. આવા જાતીય સતામણી પરિવેશમાં પડકારનો સામનો કરતી મહિલાઓમાંથી અમુક જ મહિલા આ વિષે ખુલીને વાત કરે છે બાકીની સ્ત્રીઓ નોકરી જવાના ભયથી ચૂપ રહીને સહન કરીલે છે. આજના વિકસિત જમાનામાં પત્રકારત્વના વ્યવસાય સાથે જોડાતી મોટા ભાગની સ્ત્રીઓ ખુલ્લા વિચાર ધરાવતી થઈ છે. (આચાર્ય, અમિતા. (૨૦૧૪). "મીડિયામાં કામ કરતી મહિલાઓની જીવન શૈલી")

મહિલા સશક્તિકરણનો અર્થ મહિલાઓ માટે સામાજિક સગવડોની ઉપલબ્ધતા, રાજનૈતિક અને આર્થિક નીતિ-નિર્ધારણમાં ભાગીદારી, સમાન કાર્ય માટે સમાન વેતન જેવા તથ્યોથી છે. સશક્તિકરણનો અર્થ કોઈ કાર્યને કરવા કે રોકવાની ક્ષમતાથી છે, જેમાં મહિલાઓને જાગૃતતા કરીને તેમને આર્થિક, સામાજિક, રાજનૈતિક, શૈક્ષણિક અને સ્વાસ્થ્ય સંબંધિત સાધનોને ઉપલબ્ધ કરાવવામાં આવે. જેથી તેમના માટે સામાજિક ન્યાય અને પુરુષ-મહિલા સમાનતાનું લક્ષ્ય પ્રાપ્ત થઈ શકે. મહિલા સશક્તિકરણનો ઉદ્દેશ સ્ત્રીઓને પોતાના અધિકાર, સન્માન તથા યોગ્યતામાં પ્રમોશનની બાજુ આગળ વધારવાનું છે, જેથી તે ઘર તથા બહાર બંને વાતાવરણોમાં સુરક્ષાનો અનુભવ કરી શકે, જેથી તેમને જાગૃત કરી શક્તિશાળી બનાવી શકાય. (ડૉ. અરવિંદ, ડૉ. સુરેન્દ્ર. (૨૦૧૩). "મહિલાઓ કી શિક્ષા, સ્વાસ્થ્ય, રોજગાર તથા રાજનીતિક સ્થિતિ એવમ મહિલા સશક્તિકરણ")

ગુજરાતી પત્રકારત્વ કરતાં હિન્દી પત્રકારત્વમાં મહિલા પત્રકારોનો અવાજ સ્પષ્ટ રીતે ખોવાઈ રહ્યો છે તેનું મુખ્ય કારણ મહિલા પત્રકારોને કાર્યસ્થળના જાતીય સતામણીના પુરાવા આપીને ભારતીય પત્રકારત્વને હચમચાવી દીધું છે. હિન્દી-ભાષાના પત્રકારત્વની દુનિયામાં બધું જ સંપૂર્ણ છે એવું નથી. હિન્દી સમાચાર સંસ્થાઓની કેટલીક મહિલા પત્રકારોએ જણાવ્યું હતું કે અંગ્રેજી માધ્યમો કરતા કાર્યકારી સંસ્કૃતિ કદાચ વધુ ઝેરી છે. પત્રકારોએ ઉમેર્યું કે જો તેઓ ચૂપ રહે છે તો, તેનો અર્થ એ છે કે તેઓ વ્યવસાયમાં ટકી રહેવા માટે પ્રયાસ કરી રહ્યા છે. (વેબ)

ન્યૂઝ 18 નાં સંપાદક મનીષા પાંડેએ કહ્યું કે, "હિન્દી પત્રકારત્વમાં પુરુષો તેમના મુખ્ય વલણના વિષયમાં ખુશ હોય છે. "તે એક પુરુષ છે તો તેમની સામે સ્ત્રીઓને ન તો બુદ્ધિશાળી માનવામાં આવે છે કે ન તો સર્જનાત્મક કે ન તો કંઈપણ સંભાળવામાં સક્ષમ. (વેબ)

પ્રિન્ટ મીડિયા અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં કામ કરી ચૂકેલા વરિષ્ઠ પત્રકાર સ્વાતિ અર્જુને દાવો કર્યો છે કે હિન્દી પત્રકારત્વના સમાચાર રૂમમાં "પ્રચંડ પજવણીની સંસ્કૃતિ" છે, અને ઘણા અધિકારી લોકો ઘણીવાર આંખ આડા કાન કરે છે અને પજવણી કરનારાઓને સાથ આપતા હોય તેમ ચૂપ બેસી જોયા કરે છે અથવા તેઓ સંવેદનશીલ મહિલા કર્મચારીઓને ટેકો આપે છે. વધુમાં સ્વાતિ અર્જુનના જણાવ્યા પ્રમાણે, સૌથી ખરાબ ઈલેક્ટ્રોનિક મીડિયાનો સમાચાર રૂમ છે, જ્યાં ઉચ્ચા સત્તાના હોદ્દા પર બેસેલા પુરુષો આગળ ફરિયાદો હોવા છતાં મહિલાઓને પરેશાન કરતા લોકો નિયમિત પણે છટકી જાય છે. (વેબ)

છ અગ્રણી હિન્દી અખબારોએ સ્ક્રોલને કહ્યું. કાર્યસ્થળની પજવણીને દૂર કરવા માટે દરેક સંસ્થામાં પોતાની આંતરિક ફરિયાદ સમિતિ છે. પરંતુ દિલ્હીના એક અગ્રણી હિન્દી દૈનિક મહિલા પત્રકારે કહ્યું કે ફરિયાદ સમિતિઓ હોવા છતાં જાતીય સતામણી ખુબ છે. પરંતુ હવે "મહિલાઓ વિશાખા માર્ગદર્શિકા અને સમિતિઓથી વાકેફ છે જે તેમની સુરક્ષા માટે છે." (વેબ)

હિન્દી પ્રિન્ટ મીડિયાની તુલનામાં,  બ્રોડકાસ્ટ મીડિયામાં ઘણી વધુ મહિલાઓ છે, જે છેલ્લા કેટલાક વર્ષોમાં પ્રાદેશિક ચેનલોનો આભાર માને છે. પાંડેએ દલીલ કરી હતી કે, "ટીવી સમાચાર રૂમમાં મહિલાઓની રજૂઆત વધી પરંતુ તેમનામાં સશક્તિકરણ થયું નથી." "તેઓ આ ચેનલોનો ચહેરો બન્યા પરંતુ  હજી સુધી તેમને પુરુષ સમૂહ કરતા ઓછું મહેનતાણું મેળવ્યું છે." વધુમાં પાંડેએ કહ્યું હતું કે, જ્યાં જાતીય સતામણી કરવામાં આવે છે તેને ક્યારેય ગંભીરતાથી લેવામાં આવતું નથી અને સામાન્ય રીતે દોષી મહિલાને દોષી ઠેરવવામાં આવે છે. પાંડેએ જણાવ્યું હતું કે, મહિલા પત્રકારો મોટા ભાગે ઉચ્ચ વર્ગના વિશેષાધિકૃત બેકગ્રાઉન્ડ કરતા નાના શહેરો અને નગરોમાંથી આવે છે. (વેબ)

એક તરફ કામ કરતી સ્ત્રીઓનું પ્રમાણ વધી રહ્યું છે, તો બીજી બાજુ વધી રહ્યું છે કાર્યસ્થળ પર તેમની સાથે થવાવાળો દુર્વ્યવહાર. 'અવાગ' "(અમદાવાદ વુમેન એકશન ગ્રુપ)" નામની એક ખાનગી સ્વૈચ્છિક સંસ્થાએ ઈ.સ. ૨૦૦૪ની શરૂઆતમાં એક સર્વે કર્યો.  તે શોધના પરિણામોએ પણ આ ધારણાને સત્ય કરી છે કે આજે પણ કાર્યસ્થળ પર મહિલાઓનું શોષણ થાય છે. આ સર્વેક્ષણના પ્રમાણે લગભગ ૪૮ ટકા મહિલાઓને કાર્યસ્થળ પર મૌખિક, શારીરિક અને માનસિક શોષણનો પ્રહાર સહન કરવો પડે છે અને આ પ્રહાર કરે છે તેના જ સહકર્મીઓ. સંસ્થાના પ્રમાણે નાના શહેરોમાં તથા ગામડામાં કામ કરતી મહિલાઓ સામાજિક 'બદનામી' અને કામ છીનવાઈ જવાના ડરથી શારીરિક શોષણની ફરિયાદ જ નોંધાવતી નથી. 'અવાગ'ની મુખ્ય "ઈલા પટનાયકનું કહેવું છે કે ખાનગી ક્ષેત્રની સાથે-સાથે સરકારી ક્ષેત્રમાં પણ મહિલાઓનું શારીરિક શોષણ થાય છે." (સ્વપ્નિલ. (૨૦૦૭). "કાર્યસ્થળ પર શોષણ")

સ્વતંત્રતા પછી ભારતીય બંધારણમાં સ્ત્રીઓને અનેક પ્રકારના અધિકાર પ્રાપ્ત થયેલ છે. તેમના પ્રતિ થવાવાળા ભેદભાવ, શોષણ તથા હેરાનગતિનો સમાપ્ત કરવા માટે અનેક પ્રકારના કાયદા પણ બનેલા છે. પરંતુ આ બધા સિવાય દરેક સ્ત્રી ગર્વથી આ નથી કહી શક્તિ કે અમને પુરુષોના સમાન જ બધા અધિકાર મળેલ છે. પરિવાર, સાર્વજનિક સ્થળો, કાર્ય સ્થળો પર સ્ત્રીઓની સાથે થયેલ ભેદભાવ, શોષણ તથા હેરાનગતિની ઘટનાઓમાં થવાવાળો વધારો આ વાતનો સ્પષ્ટ સંકેત કરે છે કે સૈદ્ધાંતિક રૂપથી સશક્ત તથા અધિકારો પ્રાપ્ત થયેલા હોવા છતાં વાસ્તવિક રૂપથી સ્ત્રીઓ પુરુષોના સંરક્ષણ તથા નિર્દેશનમાં જ જીવન વિતાવી રહી છે. ઘર, પરિવાર, સમાજ, શાસન-પ્રશાસનમાં તેમની રુચિ, ઈચ્છાઓ તથા ભાવનાઓનું ધ્યાન એક અધિકારના રૂપમાં ઓછું અને દયાના રૂપમાં વધુ રાખવામાં આવેલ છે. (રૂપા. (૨૦૧૨). "સ્ત્રીઓં કી અધિકારીતા કે સામાજિક ઓર આર્થિક પ્રભાવ")

**આર્થિક શોષણ:** મહિલાઓને પુરુષોની સરખામણીમાં સમાન કાર્ય માટે સમાન વેતનનો હક મળવો જોઈએ. પરંતુ સર્વે દરમિયાન સૌથી વધુ મહિલાઓનું કહેવું હતું કે પુરુષ અને સ્ત્રીઓના પગાર ધોરણમાં ઘણો ફેરફાર જોવા મળે છે, પુરુષની સરખામણીમાં સરખા કલાક કામ કરવા છત્તા આર્થિક શોષણ સંસ્થાઓ દ્વારા કરવામાં આવે છે. મહિલાઓને નોકરીની જરૂરિયાત હોવાના કારણે પણ ઘણી મહિલાઓ અવાજ નથી ઉઠાવતી અને ચુપ્પી સાધીને પોતાનું કાર્ય કર્યા કરે છે.

**જાતીય સતામણી:** જાતીય સતામણીમાં સૌથી વધુ શાબ્દિક , એકીટસે જોઈ રહેવું, ઈમેલ એસએમએસ દ્વારા

સતામણીનો ભોગ મહિલાઓ વધુ બને છે. પરંતુ સર્વે દ્વારા જાણવા મળ્યું કે ઘણી મહિલાઓ જાતીય સતામણીની પોતાની અંગત વાત કહેતા ખુબ અચકાય છે અને ઘણી મહિલાઓ આ વિશે જણાવવા માંગતી નથી. મહિલાઓ પોતાની નોકરી જવાની બીકથી કે ઘણી મહિલાઓ આ વિશે જાહેર ન થાય તેમ વિચારીને પણ ચૂપ રહે છે. અને જાતીય સતામણીનો ભોગ બને છે.

## ઈન્ટરવ્યુ:

હિરેન ઉપાધ્યાય જે મીડિયાનો ૧૭ વર્ષનો અનુભવ ધરાવે છે અને હાલ ફ્રિલાંસ તરીકે મીડિયા સાથે જોડાયેલ છે, તેમને પત્રકારત્વના ક્ષેત્રમાં કાર્ય સ્થળ પર મહિલાઓની સમસ્યાઓ અને સ્થિતિ વિશે પૂછતાં તેમને જણાવ્યું કે, પત્રકારત્વના ક્ષેત્રમાં સંસ્થાઓમાં ફરિયાદ સમિતિની રચના કરેલ હોય છે. નેટ વર્ક ૧૮, ટાઈમ્સ ઓફ ઈન્ડિયા જેવી સંસ્થાઓમાં તમે સતત એકીટસે કોઈને જોવો, બિનજરૂરી ફોન કોલ, મેસેજ વગેરેનો હેરેસમેન્ટમાં સમાવેશ થાય છે અને આવી ફરિયાદો મેં નેટ વર્ક ૧૮ માં જોઈ હતી. જો કોઈ મહિલા દ્વારા ખોટી ફરિયાદ કરવામાં આવે તો તે મહિલા સામે પણ કાર્યવાહી કરવામાં આવે છે. હેરેસમેન્ટ કરનારની સામે પગલાં રૂપે નોકરી માંથી બરતરફી અથવા નોટીસ જેવી કાર્યવાહીઓ કરવામાં આવે છે. હિરેનભાઈના જણાવ્યા પ્રમાણે ન્યુઝ રૂમમાં ગુજરાતી પત્રકારત્વ ક્ષેત્રે કોઈ હેરાનગતિ મહિલાઓને નથી. પ્રિન્ટ મીડિયા અને ઇલેક્ટ્રોનિક મીડિયામાં મહિલાઓ જોડે જાતીય સતામણી ફિલ્ડવર્ક દરમિયાન થતી હોય છે. મોટા ભાગના કેસમાં સંસ્થાઓમાં જાતીય સતામણી થતી નથી. પરંતુ અમુક મોટા ભાગના કેસોમાં મહિલાઓ જાતીય સતામણી માટેની ફરિયાદ માટે આગળ આવતી નથી. તેમના જણાવ્યા પ્રમાણે તેનું કારણ એટલું જ છે કે જાતીય સતામણીથી પીડિત મહિલાઓ કોઈ મગજ મારીમાં કે ટેકનીકલ કોઈ હેરાનગતિમાં પડવા માંગતી નથી હોતી. આ ઉપરાંત હિરેનભાઈ એ જણાવ્યું કે મહિલાઓ ફરિયાદ લઈને સામે આવે તો તેમને ન્યાય મળે જ છે વધુમાં તેમણે કહ્યું કે મેં નેટ વર્ક ૧૮માં આવા કેસ જોયા છે જેમાં મહિલાઓની ફરિયાદ સામે ન્યાય મળે છે.

**સંશોધન હેતુ (Objective of Research):** આ સંશોધન દ્વારા જે મહિલા પત્રકારો કોઈ પણ પ્રકારના શોષણનો ભોગ બને તો તે ફરિયાદ સમિતિમાં ફરિયાદ કરે તો તેમને ન્યાય અચૂક મળે છે. અને આર્થિક રીતે સંસ્થા તરફથી સમાન વેતનનો હક જે મહિલા પત્રકારને ના મળે તો તે સરકાર શ્રીમાં ફરિયાદ કરી શકે છે અને તેમને યોગ્ય ન્યાય પણ સરકાર શ્રી દ્વારા આપવામાં આવે છે. આ સંશોધનનો મુખ્ય હેતુ જે મહિલાઓ ફરિયાદ કરતાં અચકાય છે તે ખુલીને ન્યાય મેળવવા આગળ આવે તેવો આ સંશોધન દ્વારા પ્રયત્ન કરવામાં આવેલ છે.

**સંશોધન પધ્ધતિ (Research Methodology):** સંશોધન પ્રાથમિક અને ગૌણ માહિતીના દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં ઓનલાઈન વેબ માહિતી તથા પુસ્તકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સાથે એક મહિલા પત્રકાર અને એક પુરુષ પત્રકારના ઈન્ટરવ્યુ દ્વારા માહિતી મેળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે અને શોષણને લગતી માહિતી મેળવવામાં માટે પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં કામ કરતી 50 મહિલાઓને પ્રશ્નોત્તરી દ્વારા ઉત્તર મેળવવો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## વિશ્લેષણ અને તારણો (Analysis and Findings) :

(૧) મીડિયા સંસ્થાનું નામ:

| ક્રમ | સંસ્થાનું નામ | સંખ્યા | ક્રમ | સંસ્થાનું નામ | સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧. | દિવ્ય ભાસ્કર | ૧૪ | ૮. | જીટીપીએલ | ૦૧ |
| ૨. | સંદેશ | ૧૬ | ૯. | રખેવાળ ન્યુઝ | ૦૨ |
| ૩. | ગુજરાત સમાચાર | ૦૨ | ૧૦. | એબીપી અસ્મિતા | ૦૧ |
| ૪. | મંતવ્ય | ૦૨ | ૧૧. | ટીવી૧૮ | ૦૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫. | બી.કે ન્યુઝ | ૦૨ | ૧૨. | વીટીવી | ૦૨ |
| ૬. | ટીવી૯ | ૦૩ | ૧૩. | સમભાવ મેટ્રો | ૦૩ |
| ૭. | જીએસટીવી | ૦૧ | | **કુલ સંખ્યા** | **૫૦** |




પ્રિન્ટ મીડિયા અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં કામ કરતી ૫૦ મહિલાઓનો સર્વે કરવામાં આવ્યો છે તેમાં મહિલાઓ પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાની અલગ અલગ સંસ્થાઓમાં કામ કરે છે જેમાં દિવ્યભાસ્કરમાં ૧૪ મહિલાઓ, સંદેશમાં ૧૬, ગુજરાત સમાચારમાં ૦૨, મંતવ્યમાં ૦૨, બીકે ન્યુઝમાં ૦૨, ટીવી૯ ૦૩, જીએસટીવી ૦૧, જીટીપીએલ ૦૧, રખેવાળ ન્યુઝ ૦૨, એબીપી અસ્મિતા ૦૧, ટીવી18 ૦૧, વીટીવી ૦૨, સમભાવ મેટ્રો ૦૩ નો સર્વે કરવામાં આવ્યો હતો. તેમાં દિવ્યભાસ્કર અને સંદેશમાં મહિલા કર્મચારીઓનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું.

(૨) તમે કયા માધ્યમમાં છો: ઈલેક્ટ્રોનિક મીડિયા ☐ પ્રિન્ટ મીડિયા ☐

| **ક્રમ** | **માધ્યમ** | **સંખ્યા** |
|---|---|---|
| ૧. | ઈલેક્ટ્રોનિક મીડિયા | ૧૪ |
| ૨. | પ્રિન્ટ મીડિયા | ૩૬ |
| | **કુલ સંખ્યા** | **૫૦** |




પ્રિન્ટ મીડિયા અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં કામ કરતી ૫૦ મહિલાઓનો સર્વે કરવામાં આવ્યો છે તેમાં મહિલાઓ પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાની અલગ અલગ સંસ્થાઓમાં કામ કરે છે જેમાં પ્રિન્ટ મીડિયામાં કામ કરતી ૩૬ મહિલાઓ અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં કામ કરતી ૧૪ મહિલાઓનો આ સર્વેમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

(૩) તમે કયા હોદ્દા પર કામ કરો છો?

| **ક્રમ** | **હોદ્દો** | **સંખ્યા** |
|---|---|---|
| ૧. | કોરોસ્પોન્ડન | ૦૧ |
| ૨. | એંકર | ૦૨ |
| ૩. | રિપોર્ટર | ૨૧ |
| ૪. | સબ એડિટર | ૧૬ |
| ૫. | બ્યુરો ચીફ | ૦૧ |
| ૬. | આસિસ્ટન્ટ પ્રોડ્યૂસર | ૦૨ |
| ૭. | બુલેટિન પ્રોડ્યૂસર | ૦૧ |
| ૮. | આસિસ્ટન્ટ એડિટર | ૦૧ |
| ૯. | ડિઝાઈનર | ૦૪ |
| ૧૦. | પ્રૂફ રીડર | ૦૧ |

| | **કુલ સંખ્યા** | **૫૦** |
|---|---|---|




પ્રિન્ટ મીડિયા અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં કામ કરતી ૫૦ મહિલાઓનો સર્વે કરવામાં આવ્યો છે તેમાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાની મહિલાઓ અલગ અલગ હોદ્દાઓ પર કામ કરે છે. જેમાં અલગ અલગ હોદ્દાઓમાં કામ કરતી મહિલાઓમાં કોરોસ્પોન્ડન ૦૧, એંકર ૦૨, રિપોર્ટર ૨૧, સબ એડિટર ૧૬, બ્યુરો ચીફ ૦૧, આસિસ્ટન્ટ પ્રોડ્યૂસર ૦૨, બુલેટિન પ્રોડ્યૂસર ૦૧, આસિસ્ટન્ટ એડિટર ૦૧, ડિઝાઈનર ૦૪, પ્રૂફ રીડર ૦૧ નો સમાવેશ કરવામાં આવ્યો છે.

(૪) તમારી ઉંમર કેટલી છે?

| **ક્રમ** | **ઉંમર** | **સંખ્યા** |
|---|---|---|
| ૧. | ૨૦ થી ૩૦ | ૧૯ |
| ૨. | ૩૧ થી ૪૦ | ૧૯ |
| ૩. | ૪૧ થી ૫૦ | ૦૮ |
| ૪. | ૫૧ થી ૬૦ | ૦૪ |
| | **કુલ સંખ્યા** | **૫૦** |




પ્રિન્ટ મીડિયા અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં કામ કરતી ૫૦ મહિલાઓનો સર્વે કરવામાં આવ્યો છે તેમાં પ્રિન્ટ મીડિયા અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં કામ કરતી મહિલાઓમાં ૨૦ થી ૬૦ વર્ષની મહિલાઓનો સર્વેમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ૨૦ થી ૩૦ વર્ષની ઉંમરની મહિલાઓ ૧૯, ૩૧ થી ૪૦ વર્ષની ઉંમરની મહિલાઓ ૧૯, ૪૧ થી ૫૦ વર્ષની ઉંમરની મહિલાઓ ૦૮, અને ૫૧ થી ૬૦ વર્ષની ઉંમરની મહિલાઓ ૦૪ નો સર્વેમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં સૌથી વધુ ૨૦ થી ૪૦ વર્ષની ઉંમરની મહિલાઓ વધુ મીડિયા સંસ્થો સાથે જોડાયેલ છે.

(૫) તમે મીડિયામાં કેટલા વર્ષનો અનુભવ ધરાવો છો?

| **ક્રમ** | **અનુભવ** | **સંખ્યા** |
|---|---|---|
| ૧. | ૦૦ થી ૧૦ | ૨૬ |
| ૨. | ૧૧ થી ૨૦ | ૨૧ |
| ૩. | ૨૧ થી ૩૦ | ૦૩ |
| | **કુલ સંખ્યા** | **૫૦** |




